પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2022-2024 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪

તા. ૧૯-૨-૨૦૨૪, સોમવાર

વર્ષ: ૧૨, અંક : ૨૯૯

94266 72303

@abtakmedia

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


www.abtakmedia.com

@abtak.media


Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT ☎ 0281- 246 1234, 2460 999 abataknews@gmail.com


**સુવિચાર**


આજનો માણસ
કમાણીથી નહિં..
પોતાની જરૂરીયાતોથી
ગરીબ છે...





ભારતે પ્રથમ લશ્કરી ગ્રેડનો જાસૂસી ઉપગ્રહ તૈયાર કર્યો: સ્પેસ એક્સ રોકેટ દ્વારા કરાશે લોન્ચ



યુ.એસમાં હીરાના આયાતકારોએ સ્વ-પ્રમાણપત્ર આપવું પડશે: સરકારે લીધો નિર્ણય



નાસા બાવન વર્ષ પછી ચંદ્ર પર પોતાનું અવકાશયાન લેન્ડ કરવા સજ્જ



રાજકોટ ટેસ્ટમાં ભારતનો રેકોર્ડબ્રેક 'વિજય'!!!

# ખેડૂત આંદોલન: સરકાર વધુ ચાર પાકો ઉપર ટેકો આપવા સહમત

## સરકારે ચોથા રાઉન્ડની બેઠકમાં મસૂર, અડદ, મકાઈ અને કપાસના પાકની ટેકાના ભાવે ખરીદી કરવાનો પ્રસ્તાવ મુક્યો: ખેડૂતો આજે સાંજ અથવા આવતીકાલ સુધીમાં પ્રસ્તાવ મુદ્દે પોતાનો મત રજૂ કરશે

### લોન માફી સહિતની માંગણીની ચર્ચા હજુ બાકી, સમાધાન નહિ થાય તો ૨૧મીએ દિલ્હી કુચ કરાશે

ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે કહ્યું કે, લોન માફી અને અન્ય માંગણીઓ પર ચર્ચા બાકી છે અને અમને આશા છે કે આગામી બે દિવસમાં તેનો ઉકેલ આવી જશે. તેમણે કહ્યું કે દિલ્લી ચલો કૂચ હાલમાં રોકી દેવામાં આવી છે, પરંતુ ૨૧ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે ફરી શરૂ થશે. તમામ મુદ્દાઓ ઉકેલાયા નથી. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય પ્રધાનો અને ખેડૂત નેતાઓ અગાઉ ૮, ૧૨ અને ૧૫ ફેબ્રુઆરીએ મળ્યા હતા પરંતુ વાટાઘાટો અનિર્ણિત રહી હતી. પંજાબના વિરોધ કરી રહેલા ખેડૂતો ૧૩ ફેબ્રુઆરીથી હરિયાણા-પંજાબ બોર્ડર પર શંભુ અને ખનૌરી પોઈન્ટ પર કેમ્પ કરી રહ્યા છે, જ્યારે પોલીસે તેમની દિલ્હી ચલો કૂચને અટકાવી દીધી હતી.



**અબતક, નવી દિલ્હી**

ખેડૂત આંદોલનને પગલે સરકાર અને ખેડૂતો વચ્ચે સકારાત્મક વાટાઘાટોનો ચોથો રાઉન્ડ પૂર્ણ થયો છે. જેમાં સરકારે પાંચ વર્ષ માટે ચાર પાક પર ટેકો આપવાની તૈયારી દર્શાવી છે. સરકારે કહ્યું કે જો ખેડૂતો મસૂર, અડદ, મકાઈ અને કપાસ ઉગાડે છે, તો સરકારી સંસ્થાઓ તેના પર એમએસપીની ખાતરી આપવા તૈયાર છે.

રવિવારે સાંજે ચંદીગઢમાં કેન્દ્રીય પ્રધાનો અને ખેડૂત નેતાઓ વચ્ચે ચોથા રાઉન્ડની વાતચીત હકારાત્મક વાતાવરણમાં થઈ હતી. બેઠક બાદ કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું કે ખેડૂત નેતાઓ સાથે સકારાત્મક ચર્ચા અને વિગતવાર ચર્ચા થઈ. આ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે હજારો આંદોલનકારી ખેડૂતો પંજાબ-હરિયાણા બોર્ડર પર પડાવ નાખી બેઠા છે. કેન્દ્ર તરફથી, ત્રણ પ્રધાનો - કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન અર્જુન મુંડા, વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ અને ગૃહ રાજ્ય પ્રધાન નિત્યાનંદ રાય ખેડૂતો સાથેની બેઠકમાં હાજરી આપી હતી.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે સરકાર પાંચ વર્ષ માટે ચાર પાક પર ટેકો આપવા તૈયાર છે. આ સાથે ખેડૂતોને સરકારી

(અનુ. આઠમા પાને)

### ઘટતા ભૂગર્ભજળના સ્તરને બચાવવા માટે પાકનું વૈવિધ્યકરણ જરૂરી: ખેડૂતો

ખેડૂતોના જણાવ્યા અનુસાર પંજાબ અને હરિયાણામાં ઘટતા ભૂગર્ભજળના સ્તરને બચાવવા માટે પાકનું વૈવિધ્યકરણ જરૂરી છે. તે જોતા સરકારે આગળ આવીને આ દરખાસ્ત કરી છે અને મોટાભાગના ખેડૂતોએ સૈદ્ધાંતિક સંમતિ આપી છે. દરમિયાન, પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન, જે બેઠકમાં હાજર હતા, બહાર આવ્યા અને કહ્યું કે પાકનું વૈવિધ્યકરણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, જો સરકાર વૈકલ્પિક પાકો પર એમએસપીની બાંયધરી આપે. આ પછી, અન્ય પાકો પણ તેની હેઠળ લાવી શકાય છે. અમે કેન્દ્રના આ પ્રસ્તાવ પર ખેડૂત સંગઠનોના પ્રતિભાવની રાહ જોઈશું.

# મોદીએ ગલ્ફ દેશો સાથે નિકટતા વધારી એક કાંકરે અનેક નિશાન સાધ્યા

## વેપાર માટે અખાતી દેશો ભારતના મોટા ભાગીદાર: ૯૦ લાખ ભારતીયો ૬ અખાતી દેશોમાં રહે છે, તેઓ દ્વારા મોકલાતું હૂંડિયામણ અર્થતંત્ર માટે બુસ્ટર: તેલ અને ગેસ માટે પણ ભારતને તમામ રીતે મદદરૂપ થાય છે આ દેશો

### મોદીએ વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં ગલ્ફ દેશોની ૧૩ વખત મુલાકાત કરી

વડાપ્રધાન તરીકેના તેમના ૧૦ વર્ષના કાર્યકાળમાં નરેન્દ્ર મોદીએ ગલ્ફ દેશોની ૧૩ મુલાકાતો કરી છે, જેમાંથી સાત મુલાકાત એકલા યુએઈની છે. તેમની તાજેતરની મુલાકાતમાં, તેમણે યુએઈના પ્રથમ હિન્દુ મંદિરનું ઉદઘાટન પણ કર્યું હતું. આ દરેક મુલાકાતો વેળાએ ત્યાં વસતા ભારતીયો માટે ઉત્સાહનું વાતાવરણ સર્જ્યું છે. વડાપ્રધાને પેલેસ્ટાઈન જતાં ઈરાન, ઈજિપ્ત અને જોર્ડનની પણ યાત્રા કરી છે, તેણે મધ્ય પૂર્વની ૧૫ યાત્રાઓ કરી છે.



**અબતક, નવી દિલ્હી**

મોદીની ગલ્ફ દેશો સાથેની નિકટતા વિશ્વ આખાની નજરે છે. ત્યારે મોદીની આ કુટનીતિની પાછળનું કારણ પણ રસપ્રદ છે. વેપાર માટે અખાતી દેશો ભારતના મોટા ભાગીદાર છે. ૯૦ લાખ ભારતીયો ૬ અખાતી દેશોમાં રહે છે, તેઓ દ્વારા મોકલાતું હૂંડિયામણ અર્થતંત્ર માટે બુસ્ટર ડોઝ જેવું છે. તેલ અને ગેસ માટે પણ આ દેશો ભારતને તમામ રીતે મદદરૂપ થાય છે આ સહિતના કારણોસર અખાતી દેશો સાથે મોદીએ સંબંધો વિકસાવ્યા છે. જે દેશના વિકાસમાં અત્યારે ખૂબ કામ આવી રહ્યા છે.

પીએમ મોદીએ હમણાં જ ગલ્ફની તેમની તાજેતરની મુલાકાત પૂરી કરી હતી. વ્યૂહાત્મક રીતે ગલ્ફ સાથે ભારતના સંબંધો ક્યારેય સારા નહોતા. પણ છેલ્લા ૧૦ વર્ષોમાં ચિત્ર બદલાયું છે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલમાં જોડાયેલ બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતમાં લગભગ ૯૦ લાખ ભારતીયો રહે છે.આ દેશોમાં બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ) અને ભારતીય મૂળના વ્યકિતઓ

(અનુ. આઠમા પાને)

### ભારતની સુરક્ષા માટે પણ ગલ્ફ દેશોની ભૂમિકા મહત્વની

સાઉદી અરેબિયા અને યુએઈ જેવા દેશો હવે તેના આરબ ભાગીદારો સાથે કાશ્મીર મુદ્દા પર પાકિસ્તાનના સતત કોરડા મારવા છતાં આતંકવાદ પર ભારતની ચિંતાઓ પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બન્યા છે. વિશ્વાસના પરિબળમાં સુધારો થવાથી સુરક્ષા સંબંધો અને પડદા પાછળની ગુપ્ત માહિતી અને રાજદ્વારી દાવપેચ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આઠ ભૂતપૂર્વ ભારતીય નૌકાદળના કર્મચારીઓની કતાર દ્વારા મુક્તિ તેને તેના પરિણામ તરીકે જોવામાં આવે છે. હવે આતંકવાદ વિરોધી, સંરક્ષણ ઉદ્યોગો અને ક્ષમતા નિર્માણ અને સંયુક્ત લશ્કરી કવાયતો યોજવામાં ગાઢ સહકાર છે. જો ઓમાને ભારતને વ્યૂહાત્મક ડોકમ બંદર સુધી પહોંચવાની મંજૂરી આપી છે, તો સાઉદી ક્રાઉન પ્રિન્સ એ તેમની ૨૦૧૯ની ભારત મુલાકાત વખતે ૧૦૦ બિલિયન ડોલરના રોકાણનું વચન આપ્યું હતું.

# બેફામ ગેરરીતિને પગલે પાકિસ્તાનની ચૂંટણી રદબાતલ થશે?

## ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલ અધિકારીએ જ ગોટાળા કર્યાની આપી કબૂલાત: મામલો સુપ્રીમમાં પહોંચ્યો, ત્રણ ન્યાયાધીશો બેચ દ્વારા સુનાવણી શરૂ : પટીઆઈ સમર્થકો દ્વારા ચૂંટણી રદ કરી ફરીથી 30 દિવસમાં યોજવાની કરી માંગ



**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાનમાં યોજાયેલ સામાન્ય ચૂંટણીની ભવિષ્ય શું હશે તે અંગે સ્થિતિ સ્પષ્ટ નથી. હવે એવી અટકળો ચાલી રહી છે કે સામાન્ય ચૂંટણીઓ પણ રદ્દ થઈ શકે છે. આનું કારણ એ છે કે પાકિસ્તાનના ચૂંટણી પંચે એક ઉચ્ચ વહીવટી અધિકારી દ્વારા કરવામાં આવેલા હેરાફેરીના આરોપોની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. જો આ કમિટી પણ ધાંધલધમાલની પુષ્ટિ કરે તો ચૂંટણીના પરિણામો રદ્દ થવાની પૂરેપૂરી શક્યતા છે.બીજી તરફ આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચ્યો છે. ત્રણ ન્યાયાધીશો બેચ દ્વારા સુનાવણી શરૂ છે.પીટીઆઈ સમર્થકો દ્વારા ચૂંટણી રદ કરી ફરીથી ૩૦ દિવસમાં યોજવાની માંગ ઉઠાવવામાં આવી છે.

અધિકારીએ કહ્યું હતું કે જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી સાથે રાવલપિંડીની ચૂંટણીમાં અન્યાય થયો હતો. . રાવલપિંડીના પૂર્વ કમિશનર લિયાકત અલી ચટ્ટાએ શનિવારે આરોપ લગાવ્યો હતો કે શહેરમાં ચૂંટણી હારેલા ઉમેદવારોને વિજયી બનાવવામાં આવ્યા હતા.લિયાકત અલી ચટ્ટાએ દાવો કર્યો હતો કે રાવલપિંડીમાં ૧૩ ઉમેદવારોને બળપૂર્વક વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે તેઓ હારી રહ્યા હતા. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ

(અનુ. આઠમા પાને)






# અર્થતંત્ર ટનાટન: ચાલુ ખાતાની ખાધ જીડીપીના ૧ ટકાથી ઓછી રહેવાની શકયતા

## નિકાસમાં વધારો, વિદેશી રોકાણમાં પણ સતત વધારો અને વેપાર ખાધમાં ઘટાડાને પગલે હવે ચાલુ ખાતાની ખાધ પણ અંકુશમાં રહેવાનો અંદાજ

**અબતક, નવી દિલ્હી**

ભારતીય અર્થતંત્ર ટનાટન સ્થિતિમાં છે. દેશની ચાલુ ખાતાની ખાધ ઓછી રહેવાની ધારણા છે. વેપારના મોરચે સુધારા આવી રહ્યા છે. ખાસ કરીને નિકાસમાં વધારો, દેશને તેની ચાલુ ખાતાની ખાધ ઘટાડવામાં મદદ કરી રહી છે. આ કારણોસર, અર્થશાસ્ત્રીઓનો અંદાજ છે કે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતની ચાલુ ખાતાની ખાધ જીડીપીના એક ટકાથી ઓછી રહી શકે છે.

વર્તમાન નાણાંકીય વર્ષ દરમિયાન અત્યાર સુધીના ઉપલબ્ધ ડેટા મુજબ દેશની વેપાર ખાધમાં ઘટાડો થયો છે. જાન્યુઆરીમાં ભારતની વેપારી વેપાર ખાધ ૧૭.૫ બિલિયન ડોલર હતી, જે નવ મહિનામાં સૌથી ઓછી છે. ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં, ભારતની વેપારી વેપાર ખાધ ૧૯.૮ બિલિયન ડોલર હતી. તેને ઘટાડવામાં સેવા ક્ષેત્રે સૌથી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.જાન્યુઆરીમાં સર્વિસ સેક્ટરની સરપ્લસ વધીને ૧૬.૮ બિલિયન ડોલર થઈ ગઈ છે.

ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, માત્ર ફેબ્રુઆરી અને માર્ચના આંકડા જ જાહેર કરવાના બાકી છે. એટલે કે પહેલા ૧૦ મહિનાના આંકડા સ્પષ્ટ થઈ ગયા છે. એપ્રિલ ૨૦૨૩ થી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં

(અનુ. આઠમા પાને)




### આજે રાષ્ટ્રીય કુટુંબ દિવસ

# તૂટતા પરિવારો વચ્ચે આજે પણ, ભારતીય કુટુંબ વ્યવસ્થા વિશ્વનો સૌથી શ્રેષ્ઠ ઉપહાર

## કુટુંબ માટે સમર્પણ એ રોજિંદા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ : ૧૯૯૦ માં આલ્બર્ટા પ્રાંતમાં ફેમીલી ડે ઉજવાનું શરૂ કરેલ : ૨૦૦૭ થી વિશ્વના મોટાભાગના દેશોમાં આ દિવસ ઉજવાય છેઃ સંબંધોને એક સાથે લાવવા અને કૌટુંબિક સંબંધોને મજબૂત કરવાનું મુખ્ય હેતુ

**એક સપ્તાહ સુધી ચાલતી લાંબી ઉજવણીમાં સાંસ્કૃતિક આકર્ષણ સાથે પરિવારના માતા પિતા કે વૃદ્ધોના જતન બાબતે પણ જાગૃતતા લવાઈ છે : ૧૯૭૭ માં અમેરિકાના એરિઝોના રાજ્યમાં પરિવારનો પ્રેમ અને પ્રશંસા શેર કરવા દિવસ ઉજવાયો હતો**



આજે રાષ્ટ્રીય પરિવાર દિવસ છે. આજનો દિવસ પ્રેમ હુંફ લાગણીનો દિવસ છે. વિશ્વભરમાં ભારતીય કુટુંબ વ્યવસ્થા શ્રેષ્ઠ છે. વર્ષોથી પરિવારમાં સંયુકત પરિવારમાં રહેનારી રહેનારી પ્રજા એક મેકનાં સથવારે ગમે તેવી મુશ્કેલીને પાર પાડે છે. કુટુંબના મોભીનાને તૃત્ય હેઠળ સમગ્ર પરિવારની સંસાર યાત્રા સુખરૂ પ પસાર થાય છે. નેશનલ ફેમીલી ડે નો હેતું કુટુંબના મહત્વને ઓળખે અને તેની એકતામાં રહેલી શકિત અને રક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા વિશે પરિવારનો દરેક સદસ્ય જાણે તેવો છે. આપણે ત્યાં આવતા બારોટ આપણાં પરિવારનો આખો ઈતિહાસ જણાવતા હોય છે, અમુક પરિવારોની આબરૂ એવી બધી હોય કે તેની છાપ સમગ્ર પંથકમાં ફેલાયેલી હોવાથી લોકો તેને માન સન્માન આપતા હતા. સંયુક્ત કુટુંબ આપણી સમાજ વ્યવસ્થા ની એક તાકાત હતી, જે આજે બદલાતા સમયમાં સતત તૂટતી જોવા મળે છે, અને આમાંથી જ વિભકત પરિવારનો ઉદય થયો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આપણાં દેશમાં ગ્રામ્ય સંસ્કૃતિથી શરૂ કરીને શહેરોની વિભકત કુટુંબની સંસ્કૃતિમાં મા-બાપ, દાદા-દાદી, નાના-નાની, ભાઈ-ભાભી, પુત્રો-પોત્રોનો વિશાળ પરિવાર એક વડિલની છત્ર છાયા તળે વર્ષો સુધી અકબંધ રહીને શ્રેષ્ઠ આનંદિત જીવન પસાર કરે છે. પરિવારની નાની મોટી મુશ્કેલીમાં કે સુખ-દુઃખનાં પ્રસંગોમાં એક ઝુટ થઈને કાર્ય કરવાથી કુટુંબ પરિવાર મોટી મુશ્કેલીમાંથી સાંગોપાંગ બહાર નીકળી શકે છે. આજે પણ વેકેશનમાં મામાને ઘેર કે માસીને ઘરે જવાની પ્રણાલી લુપ્ત થઈ નથી.

પરિવર્તનના દોરે કે વેપાર-ધંધાને કારણે સંયુકત કુટુંબમાંથી વિભકત કુટુંબો થયા પણ સારા નરસા પ્રસંગે સમગ્ર પરિવાર એક સાથે સંપથી જીવનનો આનંદ માણે છે. સંયુકત કુટુંબના ફાયદાઓ પણ છે જેમાં એકાદ નબળો ભાઈ સબળાની સાથે જીવન તરી જતો જોવા મળે છે, તો વિભકત કુટુંબમાં એકલ દોકલ પરિવાર પણ મુશ્કેલી સમયે સંયુકત પરિવારની ભાવના તરફ ઢળે છે. આપણાં દેશની કુટુંબ વ્યવસ્થા શ્રેષ્ઠ એટલા માટે છે કે સૌ સાથે મળીને એક સંપથી મુશ્કેલીનો સામનો કરે છે.પરિવાર દિવસે આપણા સંસ્કારો-શાખ ને પણ વડિલો મહત્વ આપતાં ને સારા આહાર-વિચારો- કાર્યો થકી સમગ્ર ગામ કે પોતાની નાતમાં પરિવારનું નામ ઉજળું કરતાં કયારેય કુટુંબ પરિવારને નુકશાન થાય તેવું આજે પણ બહુ જ જુજ બને છે. ભારતીય પરિવાર વ્યવસ્થામાં સૌને વિકાસ કરવાની વિશાળ તકો રહેતી તો બાળકોના સર્વાંગી વિકાસમાં, સંસ્કાર સિંચનમાં પણ કુટુંબનો હાથ અગ્રેસર રહે તો વેવિશાળ વખતે પણ કુટુંબ પરિવારની શાખ-નામ આજે પણ જોવાય છે, નોંધ લેવાય છે. કુટુંબ પરિવારની આબરૂ તો ગામે ગામ પ્રસરતીને તેની મુશ્કેલી સમયે સૌ સાથે મળીને પ્રશ્નોનું નિરાકરણ કરતાં તહેવારો હોય કે લગ્ન પ્રસંગ પરિવાર માટે હરહમેશ આનંદોત્સવ વિશ્વભરમાં આપણે જ માણીએ છીએ.

આજે રાષ્ટ્રીય કુટુંબ દિવસે ભારતીય પરિવારની સીસ્ટમ સૌને લોક શિક્ષણ પણ પુરૂ પાડે છે. સમગ્ર વિશ્વમાં ગમે ત્યાં તમો જાવ આપણા જેવી કુટુંબ વ્યવસ્થા કયાંય જોવા મળશે નહીં. ખાસ કરીને આપણા સંયુકત કુટુંબ પ્રથા તો વિશ્વભરમાં પ્રચલિત છે. 'એક એકલા થક જાગેયા..મિલકર બોજ ઉઠાના સાથી હાથ બઢાના' વર્ષો પહેલાના ફિલ્મ ગીતમાં આપણાં જીવનની ફિલસુફી સમાયેલી છે. પરિવારમાં એક બીજાને મદદ કરીને તેની મુશ્કેલી હળવી કરાય છે. વર્ષોથી અને આજે પણ એક રસોડે બધા ભેગા રહેતા ને વિશાળ પરિવાર એક બીજાનાં સથવારે આનંદ કિલ્લોલથી રહેતા અને આજે પણ રહે છે, જે વિશ્વમાં બીજે કયાંય તમોને જોવા મળશે નહીં.

આજના દિવસે પરિવારથી અલગ થઈને વિભકત કુટુંબને થોડો સમય સારૂ લાગે છે, પણ મુશ્કેલી સમયે ફરી એ જ માહોલ યાદ આવતાં માનવી ફરી એ માહોલ તરફ ઢળે છે. આપણી કુટુંબ વ્યવસ્થા પ્રમાણે આપણા મકાનોની રચના પણ એ પ્રમાણેની હતી જેમાં વિશાળ ફળીયું ઓસરી ઉતાર રૂમો વિગેરેમાં સુખેથી માનવી જીવન જીવતો કયારેય પણ તેને તણાવ ન આવતો, આજે વિશ્વનો માનવી યોગ ધ્યાન જેવી વિવિધ ક્રિયા પૈસા દઈને શાંતિ મેળવે છે એવી શાંતિ આપણી કુટુંબની વ્યવસ્થામાં તો વર્ષોથી છે જ. બાળકોને દાદા-દાદીની વાર્તા, સંતાનોની વિવિધ રમતો સંસ્કારો, જીવનલક્ષી ગુણો ભાઈચારો વિગેરે જેવા જીવન મુલ્યો આપણી પરિવારની સિસ્ટમ સાથે વણાયેલા હતા. જે ભારત દેશ સિવાય વિશ્વમાં તમને કયાંય જોવા નથી મળતા.રાષ્ટ્રીય પરિવાર દિવસે વિશ્વએ ભારતીય કુટુંબ વ્યવસ્થા વિશે અધ્યયન કરીને તે પ્રમાણે જીવન જીવવાની પ્રેરણા લેવી પડશે. આજે પરિવારના કુટુંબો ભાંગી રહ્યા છે. વિવિધ બદીઓના શિકાર બને છે, જેમ કે દારૂ -જુગાર કે ગુનાહિત કૃત્ય જો પરિવાર એક તાંતણે બંધાઈને રહયો હોત તો આવી મુશ્કેલી આવત ન નહી. વિભકત પરિવારમાં આર્થિક-સામાજીક અને માનસિક મુશ્કેલી પારાવાર આવે છે. જેમાં આપણી સંયુકત પરિવારની ભાવના જ બહાર કાઢી શકે છે. વિશ્વ પરિવાર દિવસે સમગ્ર વિશ્વ સાથે ભારતનાં પરિવારે પણ સંકલ્પ કરવાનો સમય આવી ગયો છે. જેમાં ઝગડા-જમીન- જોરૂ ના ઝગડાઓ વધવા લાગ્યા છે. ત્યારે પહેલાની કુટુંબ વ્યવસ્થા તરફ પરત ફરીને શ્રેષ્ઠ માનવ જીવન પાત્રા સંપન્ન કરે એજ આજના દિવસની શ્રેષ્ઠ વાત હોય શકે છે.

નેશનલ ફેમિલી ડે-૨૦૨૪નો ઉદ્દેશ સમુહ પરિવાર વ્યવસ્થાઓના ફાયદાઓની જાગૃતિ સાથે કુટુંબનું મહત્વ અને આપણાં સામાજીક વિકાસમાં તેની ભુમિકા, તેના વિશ્વ વ્યાપી પાલન કરવા સંમત થવું તથા કુટુંબના તમામ વ્યકિતનાં સુખાકારી માટેની એક પહેલ છે. આ વર્ષે યુ.એન.એ. આ સંદર્ભમાં કુટુંબોના મહત્વ પર ભાર મૂક્યો છે. કુટુંબ સમાજના વિકાસમાં પાયાના સ્તંભનું મુલ્ય ધરાવે છે, કારણ કે સામાજીક કાયદા અને ધારા ધોરણ કૌટુંબિક બંધન અને તાકાતનું અપેક્ષિત સ્વરૂપ છે. ૧૯૯૩ યુ.એન. ની જનરલ એસેમ્બલીએ મૂળભૂત કુટુંબ પ્રણાલીને મહત્વ સમજાવી, સૌ પ્રથમ ૧૫ મે ૧૯૯૪ આ ફેમીલી ડે ઉજવાયો હતો. ૧૯૯૬ થી દર વર્ષે એક ખાસ થીમ પણ વિશ્વને આપવામાં આવે છે.એક બીજા પ્રત્યે પરિવારનાં સંબંધો તેની મીઠાશ રહેતી, ઘરનાં મોભીની વાતનું વજન રહેતું, પરિવારનું શ્રેષ્ઠ મેનેજમેન્ટની વાત કરીએ તો આપણે અત્યારે એક બે પ્રસંગોમાં પણ થાકી જાય છીએ ત્યારે વર્ષો પહેલા આપણી જ કુટુંબ વ્યવસ્થામાં સાત-આઠ ભાઈ-બેનના લગ્ન પ્રસંગો આનંદ ઉલ્લાસ સાથે સંપન્ન કરેલા જ હતા. ધન્ય છે એ વડિલો જે ભણ્યા ઓછું હતા પણ જીવનનું ગણતર બહુ જ સારી રીતે જીવનમાં ઉતારેલ હતું.

### કોઈ લૌટા દે. મેરે બિતે હુએ દિન પ્યારે. પ્યારે. પલ..

આજે બધાંના મોઢે આપણે સાંભળીએ છીએ કે પહેલા જેવી મઝા જીવનમાં નથી આવતી, વર્ષો પહેલા અમો નાના હતા ત્યારે બધા સાથે રહેતા ત્યારે કેવી મઝા આવતી. જીવનનાં તમામ પાઠો એક બીજા સાથે હળી મળીને રહેવાથી શિખવા મળી જતાં કયારેય કોઈ ચિંતા હતી જ નહીં ઘરનો મોભી કહે, તેમ કરતાં ને તેજ તમામ કામો વિના વિઘ્ને પૂર્ણ પણ કરતાં જ. સંયુક્ત કુટુંબ પ્રથા આપણી સમાજ વ્યવસ્થાનું આભૂષણ હતું. વિદેશી કલ્ચરના આંધળા અનુકરણ અને શહેર તરફની દોડને કારણે પરિવાર તૂટતા જાય છે.

**તમારા સંતાનોને તમારા પૂર્વજોનાં ઈતિહાસ વિશે વાત કરવી અને પારિવારિક પરંપરા પણ જણાવવી : પ્રેમ, હુંફ અને લાગણીસભર પરિવારના વાતાવરણની સમજ ભાવિ પેઢીને આપીને તેનામાં ગુણો વિકસાવવા**

# ચેન્નઈમાં પૂ.શ્રી ધીરગુરૂદેવની દીક્ષા જયંતિની શાનદાર ઉજવણીઃ દાનનો વરસાદ

## દેશ-વિદેશના ૧૨૦૦થી વધુ ભાવિકો દાતાઓએ સંઘની વ્યવસ્થાને બીરદાવી

**અબતક, રાજકોટ**

શ્રી ગુજરાતી સ્થાનકવાસી જૈન સંઘ, સી.યુ.શાહ ભવનના આંગણે પૂ.શ્રી ધીરગુરૂદેવનો ૪૩મો દીક્ષા જયંતિ મહોત્સવની શાનદાર ઉજવણી દેશ-વિદેશના ભાવિકોના જયનાદે સંપન્ન થયેલ.સી.યુ.શાહ ભવન અને ઉપાશ્રય નૂતનીકરણમાં માતબર અનુદાન અર્પણ કરાયેલ. ભોપાલમાં ૮ કરોડના ખર્ચે થનારા ધર્મ સ્થાનક નામકરણમાં જશુભાઈ શાહ ટુવાવાળાના ૧.૨૫ કરોડના દાનને સહુએ બિરદાવી જયઘોષ કરેલ. જીવદયા કળશનો ૨૭ લાખના લાભ રંજના જયંત કામદાર અને બીના અજય શેઠએ લીધેલ.

બીના અજય શેઠએ કળશ સેવાભાવી મયુરભાઈને અર્પણ કરી નવો




રાહ ચીંધ્યો હતો. ૭૧ હજારની જીવદયા યોજનામાં ૨૭ દાતાઓ જોડાયા હતા. સવારે ૯:૦૫ કલાકે સી.યુ.શાહના પુત્રી રત્ના મીતળબેન રોહિતભાઈ શાહે નૂતનીકરણ તક્તીની અનાવરણ વિધિ કરેલ. ગોંડલ ગચ્છ શિરોમણી પૂ.જશરાજજી મ.સા.ની પદવી સ્મૃત્તિ શિલાલેખનો લાભ સી.યુ.શાહ પરિવારે લીધેલ. ભવનમાં સદ્ગુણ, સોહમ્, કોહમ્ હોલના નૂતનીકરણમાં શાહ પરિવાર સહભાગી બન્યા હતા. રમેશભાઈ દામાણી, મનુભાઈ દોશીનું સન્માન કરાયું હતું.

આ પ્રસંગે અમેરિકા, મસ્કત, કલકત્તા, ઈન્દૌર, હૈદરાબાદ, દિલ્હી, જલગાંવ, નડિયાદ, મુંબઈ, સાંગલી, પૂના, જશાપર, બેંગલોર, અમદાવાદ, મોરબી, જેતપુર વગેરે સહિત ૧૨૦૦ ભાવિકોએ સ્વામી વાત્સલ્યનો લાભ લઈને સંઘની વ્યવસ્થાને બિરદાવી હતી. અજયભાઈ શેઠ, મીનળબેન શાહે સંયમની મહત્તા દર્શાવી ગુરૂ ગરિમા દર્શાવી અભિવંદના કરેલ. મુકેશ કામદાર, અમિતા ઝોંસા વગેરેએ શુભેચ્છા પ્રવચન કરેલ. અનેક સંઘોની ચાતુર્માસ વિનંતિમાં ૨૦૨૮ ચેન્નઈને મીઠી જબાન ઘોષિત થતાં અનેરો ઉમંગ છવાયો હતો.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૦૬ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૨૭૬૦ | ૨૦૦ | ૩૧૫ |
| ડુંગળી સુકી | ૧૮૦૦ | ૧૩૦ | ૩૧૧ |
| ટમેટા | ૧૧૩૯ | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૫૩ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૨૦૫ | ૧૫૦ | ૨૦૦ |
| સકરીયા | ૬૯ | ૨૦૦ | ૩૩૦ |
| મુળા | ૨૦૪ | ૧૫૦ | ૩૦૦ |
| રીંગણા | ૪૧૦ | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦૭ | ૧૭૦ | ૨૪૦ |
| ફલાવર | ૪૧૫ | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૯૦ | ૭૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૨૭૫ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૪૬ | ૪૧૦ | ૭૬૦ |
| વાલોળ | ૨૧૦ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૧૯૫ | ૪૦૦ | ૯૦૦ |
| દુધી | ૪૦૬ | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૨૭૬ | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૧૪ | ૩૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૩૧૦ | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૪૩ | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૫૪ | ૪૦૦ | ૬૮૦ |
| ગાજર | ૫૮૨ | ૧૪૦ | ૨૮૦ |
| વટાણા | ૨૦૫ | ૩૩૦ | ૬૫૦ |
| તુવેરસીંગ | ૨૦૯ | ૩૫૦ | ૭૩૦ |
| ગલકા | ૧૪૩ | ૪૦૦ | ૬૫૦ |
| બીટ | ૧૧૫ | ૧૦૦ | ૨૨૦ |
| મેથી | ૩૦૪ | ૧૦૦ | ૧૭૦ |
| વાલ | ૧૪૬ | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૭ | ૧૫૦ | ૨૩૦ |
| આદુ | ૩૦૯ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ચણા લીલા | ૩૯૫ | ૧૫૦ | ૩૬૦ |
| મરચા લીલા | ૪૧૦ | ૩૦૦ | ૫૫૦ |
| હળદર લીલી | ૬૨ | ૪૫૦ | ૮૩૦ |
| લસણ લીલું | ૨૦૫ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મકાઈ લીલી | ૩૭૪ | ૧૫૦ | ૩૦૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૭૦૦ | ૧૨૫૦ | ૧૫૫૪ |
| ઘઉં લોકવન | ૧૫૦ | ૪૫૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૧૧૫૦ | ૪૯૦ | ૬૦૧ |
| જુવાર સફેદ | ૪૦૦ | ૭૩૦ | ૮૬૭ |
| જુવાર પીળી | ૨૦૦ | ૪૦૦ | ૫૨૦ |
| બાજરી | ૩૦ | ૩૯૦ | ૫૫૦ |
| તુવેર | ૨૧૦૦ | ૧૫૦૦ | ૨૦૧૦ |
| ચણા પીળા | ૪૦૦૦ | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ચણા સફેદ | ૪૦૦ | ૨૦૦૦ | ૩૦૫૦ |
| અડદ | ૧૧૦ | ૧૩૫૦ | ૧૮૩૪ |
| મગ | ૩૦૦ | ૧૭૭૨ | ૨૧૧૨ |
| વાલ દેશી | ૮૦ | ૮૫૦ | ૧૮૭૪ |
| મઠ | ૧૦૦ | ૧૦૦૦ | ૧૦૯૬ |
| વટાણા | ૪૦ | ૮૧૦ | ૧૪૩૦ |
| કળથી | ૫ | ૧૨૪૦ | ૨૧૪૦ |
| સીંગદાણા | ૨૦ | ૧૫૯૦ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૬૫૦ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૧૨૦ | ૧૨૭૦ |
| અળશી | ૭ | ૭૭૦ | ૮૧૦ |
| તલી | ૧૮૦ | ૨૫૨૫ | ૩૧૦૫ |
| સુરજમુખી | ૧૧ | ૫૩૦ | ૭૫૦ |
| એરંડા | ૨૦૦ | ૧૦૫૦ | ૧૧૧૯ |
| અજમો | ૧૨ | ૧૭૫૦ | ૧૭૭૦ |
| સોયાબીન | ૧૮૦ | ૮૩૮ | ૮૭૫ |
| સીંગફાડા | ૮૩૦ | ૧૧૨૫ | ૧૫૩૦ |
| કાળા તલ | ૧૨૦ | ૨૭૨૮ | ૩૦૮૪ |
| લસણ | ૭૫૦ | ૧૯૦૦ | ૩૪૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૧૮૦ | ૧૭૫૦ |
| મરચા સુકા | ૦ | ૧૫૦૦ | ૪૦૦૦ |
| ધાણી | ૯૦૦ | ૧૨૫૦ | ૨૭૦૦ |
| વરીયાળી | ૪ | ૧૧૧૦ | ૧૭૧૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૫૦૦ | ૬૨૦૦ |
| રાય | ૩૦૦ | ૧૧૫૦ | ૧૩૩૫ |
| મેથી | ૨૦૦ | ૯૫૫ | ૧૩૭૦ |
| અશેરીયો | ૫ | ૨૨૦૦ | ૨૨૧૦ |
| કલોંજી | ૩ | ૩૧૧૦ | ૩૩૫૦ |
| રાયડો | ૬૦૦ | ૮૨૫ | ૯૪૯ |
| ગુવારનું બી | ૧૨ | ૯૯૦ | ૯૯૦ |

## અબતક પંચાગ

### તા.૨૦-૨-૨૦૨૪ મંગળવાર

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૫ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | મહાશુદ અગીયારશ જયાએકાદશી |
| **નક્ષત્ર** | આર્દ્રા |
| **યોગ** | પ્રીતિ **કરણઃ** બવ |
| **સુર્યોદય** | ૭.૧૬ **સુર્યાસ્તઃ** ૬.૪૬ |
| **ચંદ્ર રાશી** | મિથુન |
| **રાશિ અક્ષર** | ક.છ.ઘ |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩ |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | ૯ | | ૨ |
| | ૧ | ૨ | | | ૩ | | | |
| | | ૮ | ૭ | ૧ | | ૬ | | |
| | | | | | | | | ૮ |
| | | ૫ | ૧ | | | | ૯ | |
| | ૩ | ૯ | ૮ | | ૬ | ૫ | | |
| ૨ | ૫ | ૩ | | | ૯ | | ૪ | ૧ |
| | | ૧ | | | | ૮ | ૫ | |
| ૮ | ૪ | ૭ | ૫ | | ૧ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૪ | ૨ | ૫ | ૯ |
| ૩ | ૫ | ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ |
| ૬ | ૨ | ૧ | ૯ | ૮ | ૭ | ૩ | ૪ | ૫ |
| ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૪ | ૯ | ૩ | ૫ | ૬ | ૮ |
| ૫ | ૩ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૨ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**૧૯-૦૨-૨૦૨૪ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી
લવ સ્ટોરી માં લોચો પાડ્યો )
૦૨:૦૦ થી ૦૨:૩૦ સમાચાર
૦૨:૩૦ થી ૦૩:૩૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા )
૦૩:૩૦ થી ૦૪:૦૦ રસથાળ ( ગુલકંદ પૂરણ પુરી )
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દર્શના પંડયા )
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી(સ્કિન સ્ટોરી )
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સોરઠી ડાયરી)
૦૭:૦૦ થી ૦૮:૦૦ ૬ ખ લાઈવ (ખીલો ઈન્ડિયા)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**૨૦-૦૨-૨૦૨૪ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીતગુંજવાલી

## આજનું રાશિફળ

**તા. ૧૯.૨.૨૦૨૪ સોમવાર ,સંવંત ૨૦૮૦, મહા સુદ દશમ, મૃગશીર્ષ નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે.**



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે,અચાનક લાભ થવાના સંકેત છે. અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સામાજિક રીતે તમારા અભિપ્રાય નું મૂલ્ય વધે.

**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું,તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું. સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ ,ઠ ,ણ ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નોકરિયાતવર્ગને સારું રહે,વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય,ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક (ન ,ય ) :** અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય,કાર્યને પૂર્ણ કરી શકો , પ્રગતિકારક દિવસ.

**ધન (ધ ,ભ ,ફ ,ઢ ):** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે,લોકચાહનામાં વૃદ્ધિ થાય , આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ):** આજના દિવસે તબિયતની કાળજી લેવી,બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ (ગ ,સ,શ ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન (દ ,ચ ,ઝ ,થ):** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# કરબોજ વિહોણા બજેટને જનરલ બોર્ડમાં મંજૂરીની મહોર

## સ્ટેન્ડિંગ કમિટીએ મંજુર કરેલા રૂ.૨૮૪૩.૫૨ કરોડના વિકાસલક્ષી બજેટને શાસકપક્ષના કોર્પોરેટરોએ બેમોઢે વખાણ્યું: કોંગ્રેસના કોર્પોરેટરનો વિરોધ







તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે મેયર નયનાબેન પેઢડિયાના અધ્યક્ષસ્થાને બજેટ બોર્ડ મળ્યું હતું. જેમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫નું મંજૂર કરવામાં આવેલા અંદાજપત્રને બજેટ બોર્ડમાં મંજુર કરવામાં આવ્યું હતું. શાસક પક્ષ ભાજપના કોર્પોરેટરોએ બજેટના બે મોઢે વખાણ કર્યા હતા.જ્યારે વિપક્ષ કોંગ્રેસના કોર્પોરેટરે બજેટમાં મૂકવામાં આવેલી યોજનાઓ માત્ર કાગળ પર જ રહે નહીં અને ખરા અર્થમાં સાકાર થાય તેવી ટકોર કરતા બજેટનો વિરોધ કર્યો હતો.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે જનરલ બોર્ડમાં રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કરતા જણાવ્યુ હતું કે, ભાજપના શાસકો દ્વારા દર વર્ષે રાજકોટવાસીઓને લોકભોગ્ય બજેટ આપવામાં આવે છે.નગર એટલે નળ,ગટર અને રસ્તાના કામ ઉપરાંત સફાઈ, સ્ટ્રીટ લાઈટ, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત સ્પોર્ટસની સુવિધા, ફરવા લાયક સ્થળો, ગાર્ડન, વૃક્ષારોપણ અને સીટી બસ,નવી પ્રાથમિક શાળાઓ સહિતની અનેક નવી યોજનાઓની સુવિધા આપવી તે કોઈપણ મહાનગરની પ્રાથમિક ફરજ હોય છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા દરખાસ્ત સ્વરૂપે રજૂ કરવામાં આવેલા રૂ. ૨૮૧૭.૮૧ કરોડના બજેટમાં રૂ.૧૭.૭૭ કરોડ કરબોજ સૂચવવામાં આવ્યો હતો. સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બજેટનો ઊંડા પૂર્વક અભ્યાસ કર્યા બાદ આ કરબોજને નામંજુર કરવામાં આવ્યો છે. મહાપાલિકાના ૫૦ વર્ષ પૂર્ણ થવાના સુવર્ણ અવસરે રાજકોટની જનતા માટે ૫૦ કરોડની નવી ૧૮ યોજનાઓ મૂકવામાં આવી છે. કોર્પોરેટરોને વિકાસ કામો માટે મળતી ગ્રાન્ટ વધારો કરાયો છે. સાથોસાથ મેયર સહિતનું પદાધિકારીઓની ગ્રાન્ટમાં પણ વધારો કરવામાં આવ્યો છે.ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને પણ ગ્રાન્ટ ફાળવવાનું નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને વધુમાં ઉમેર્યું હતું કે,વિશ્વના સૌથી ઝડપથી વિકાસ ૧૦૦ શહેરોમાં સ્થાન પામેલુ રાજકોટ હવે સ્માર્ટ સિટી બનવા તરફ આગળ વધી રહ્યું છે.ત્યારે શહેરના વિકાસને વધુ વેગ મળે તેવું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે.મને વિશ્વાસ છે કે, આ બજેટને બોર્ડ દ્વારા સ સર્વાનુમતે બહાલી આપવામાં આવશે.મેયર નયનાબેન પેઢડીયાએ બજેટની સરાહના કરી હતી. આ ઉપરાંત શાસકપક્ષ ભાજપના કોર્પોરેટર બજેટમાં મૂકવામાં

(અનુ. આઠમા પાને)

### શાસકો દર વર્ષે આંકડાકીય માયાજાળ રચી શહેરીજનોને છેતરી રહ્યા છેઃ વિપક્ષી નેતા

વિપક્ષી નેતા ભાનુબેન સોરાણીએ જણાવ્યું હતું કે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકરનું પ્રથમ બજેટ છે એટલે થોડું ક્યાંક કાચું કાપ્યું હોય તે આંખ આડા કાન કરીને મોટું મન રાખીને ખેલદિલી દાખવીએ છીએ.

અગાઉ પુષ્કરભાઈ પટેલે સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન તરીકે કુલ છ બજેટ રજુ કર્યા છે એ સિધ્ધિ રાજકોટ મહાનગરપાલિકાના ઐતિહાસિક છે. સાથે સાથે કમિશ્નર અને તેઓની ટીમને બજેટ બનાવવા બદલ અભિનંદન પાઠવું છું. તા.30/૧૧/૨૦23 ની સ્થિતિએ ૮૮૪(આઠસો ચોર્યાસી) કરોડનું બજેટ વાપરવામાં આવ્યું છે જે જનરલ બોર્ડે ૨૪૬૯(બેહજાર ચારસો ઓગણસીતેર) કરોડનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું આ પરથી શાબિત એ થાય છે કે 3૬% બજેટ જ વાપરી શક્યા છે જે કેટલા પ્રમાણમાં વાજબી ગણાય ? તેમજ ભાજપના શાસકો દર વર્ષે આવા મોટામોટા અને ખોટા આંકડાકીય માયાજાળ રચી, અવાસ્તવિક બજેટ રજુ કરી રાજકોટની જનતાને છેતરી રહ્યા છે તે સ્પષ્ટ સાબિત થાય છે. રાજકોટ મહાનગરપાલિકાની નાણાંકીય સ્થિતિ સારી નથી એ હકિકત સ્ટેન્ડિંગ કમિટીએ મંજુર કરેલ બજેટ પરથી હવે સ્પષ્ટ પૂરવાર થઈ ચુકી છે. પરંતુ આ બજેટ વાસ્તવિકતાથી નજીક છે, નાણાકીય સ્થિતિ સારી નથી તે માટે કયા કારણો જવાબદાર છે તે સંશોધનનો વિષય છે. તેમજ મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિ મજબુત બનાવવા કેવા-કેવા પગલાંઓ લઈ શકાય તેનો કોઈ નક્કર રોડમેપ બજેટમાં રજુ નથી થયો તે નિરાશાજનક અને દૂ:ખદ બાબત છે. દર વર્ષે બજેટમાં આજી રીવરફ્રન્ટ, સાંઢિયા પુલ, પી.ડી.એમ. ફાટક, સોલાર પ્લાન્ટ વગેરે દાયકા વીતી ગયા હોવા છતાં થયા નથી તેમજ ભાજપના શાસકોને નવું કાઈ સુજતુ જ નથી તેમજ લાંબી દીર્ઘદ્રષ્ટિ નથી તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.અપેક્ષા એવી હતી કે, મહેસૂલી આવકમાં નોંધપાત્ર વધારો કરવા સ્ટેન્ડિંગ કમિટી કોઈ ખાસ પગલાં સૂચવશે પરંતુ દુર્ભાગ્યવશ એવું જોવા નથી મળ્યું.

(અનુ. આઠમા પાને)



# સિતારામ ગ્રુપ દ્વારા પ્રથમ સમુહ લગ્નમાં પાંચ નવદંપતિએ પાડયા પ્રભુતામાં પગલા

## ૧૦૨થી વધુ વસ્તુ કરીયાવરમાં અપાઈ




**અબતક,રાજકોટ**

સિતારામ ગ્રુપ દ્વારા તા.૧૮ના પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન ભગવતી હોલ, સાગર પાર્ક મેઈન રોડ, વેલનાથ સોસાયટી સામે, મોરબી રોડ રાજકોટ ખાતે કરાયું હતું.

પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં પાંચ યુગલ લગ્નગ્રંથીથી જોડાયા હતાં. લગ્નમાં કન્યાને ૧૦૨થી વધુ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ કરિયાવરમાં ભેટ આપવામાં આવી હતી. સમૂહ લગ્નોત્સવમાં ગણપતિ પૂજન, જાન આગમન, દીપ પ્રાગટ્ય, હસ્ત મેળાપ, ભોજન પ્રસાદના કાર્યક્રમમાં જાનૈયાઓ, માંડવિયાઓએ ઉત્સાહ ઉમંગથી ભાગ લીધો હતો. સાથોસાથ લગ્ન ગીતોની રમઝટ જામી હતી.

સમૂહ લગ્નોત્સવમાં સંતો, રાજકીય, સામાજિક, આગેવાનો વગેરેની પ્રેરક ઉપસ્થિતિ હતી. જેમાં મોરારિબાપુએ આગવી શુભેચ્છા પ્રસંગને અનુરૂપ પાઠવી હતી. સાધુવંદના પરિવાર દ્વારા ફેસબુકમાં લાઈવ પ્રસારણ કરાયું

આતકે ૧૦૦૮ મહામંડલેશ્વર સીતારામ બાપુ (ગોંડલ), ભુપતબાપુ (સરપદડ), અજયબાપુ (જૂનાગઢ), રસિકબાપુ ગરણીધામ, ભકિતરામ બાપુ (સાવરકુંડલા), કિશોરબાપુ ગરણીધામ, ભરતબાપુ

(અનુ. આઠમા પાને)

# બી.સી.જી. મેમ્બર તરીકે જે.જે. પટેલ બિનહરીફ

## સુરત સ્થિત જીતુભાઈએ રાજીનામું આપતા પ્રદેશ લીગલ સેલના કન્વીનરે ફોર્મ ભર્યુ



**અબતક-રાજકોટ**


બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની મુદતમાં બે વર્ષનો વધારો થવા સાથે સુરતથી ચૂંટાયેલા જીતુભાઈ ગોળવાળાએ રાજીનામું આપતા તે જગ્યા ઉપર ભાજપ લીગલ સેલ પ્રદેશ કન્વીનર જે. જે. પટેલ ચૂંટાઈ આવ્યા છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચાલુ ટર્મ બે વર્ષ લંબાવવામાં આવી છે. સુરતના સભ્ય જીતેન્દ્ર ગોળવાળાએ ચૂંટાયાના સાડા પાંચ વર્ષમાં અંગત અને કૌટુંબિક કારણોસર બીસીજીની ગતિવિધિઓમાં ભાગ લઈ શકનાર ન હોવાથી રાજીનામું આપી દીધું હતું. દરમિયાન શનિવારે ૧૭/ ૨/ ૨૪ના રોજ મળેલા જનરલ બોર્ડમાં જીતુભાઈ ગોળવાળાનું રાજીનામું મંજુર કરાયું હતું. ખાલી પડેલ આ જગ્યા માટે પ્રદેશ ભા.જ.પા. લીગલ સેલના કન્વીનર અને ૨૦ વર્ષથી બાર કાઉન્સિલનું એકચક્રી શાસન ટકાવી રાખવામાં મુખ્ય ફાળો આપનાર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પુર્વ ચેરમેન જે. જે. પટેલ દ્વારા આ ખાલી જગ્યા પર ફોર્મ ભરવામાં આવ્યું છે. તેમાં માત્ર એક જ ફોર્મ આવ્યું હોય બાર કાઉન્સિલ દ્વારા તા:૨૪/ ૨/ ૨૪ના તેમને કાયદેસર રીતે ચૂંટણી યોજાયેલ છે, ત્યારે જે. જે. પટેલ બિનહરિફ ચૂંટાયેલ જાહેર થશે તે નિશ્ચિત છે.

જે. જે. પટેલ પ્રદેશ ભા.જ.પ. લીગલ સેલના કન્વીનર બન્યા પછી ગુજરાત રાજયના મોટાભાગના વકીલોને

(અનુ. આઠમા પાને)

# હરિવંદના કોલેજના વિદ્યાર્થીઓનાં પરિધાન ફેશન શોમાં વસ્ત્રોની 'જમાવટ'



## રંગબેરંગી વેશ-ભૂષામાં સજજ દિકરીઓ વચ્ચે ૪૦થી વધુ ઈનામોની વહેંચણી

**અબતક,રાજકોટ**

હરિવંદના કોલેજ ગુણવત્તા યુક્ત શિક્ષણ પ્રદાન કરવા અને તેના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વધારવા માટે પ્રતિબદ્ધ અગ્રણી સંસ્થા છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને કોલેજનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીએ પસંદ કરેલા ક્ષેત્રોમાં સફળતા મેળવી શ્રેષ્ઠ સમાજ, શ્રેષ્ઠ રાષ્ટ્ર અને સારા વ્યક્તિત્વનું ઘડતર કરવાનો છે.

હરિવંદના કોલેજ તેના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાને પોસવા અને નવીનતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે જાણીતી છે અને તે ઉદ્દેશ્યને લઈને પ્રમુખસ્વામી હોલ ખાતે ''પરિધાનમ'' નામના ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેશન શોમાં અલગ અલગ પાંચ રાજ્યો જેવા કે ગુજરાત રાજસ્થાન પંજાબ મહારાષ્ટ્ર અને બંગાળના તેમના મૂળભૂત પરિધાનમાં હરિવંદના કોલેજના વિવિધ વિભાગોની કુલ ૨૫૫ દીકરીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. કોલેજમાં અભ્યાસ કરતી ૧000 દીકરીઓ એ કાર્યક્રમ નિહાળ્યોં. આ કાર્યક્રમમાં વિજેતા દીકરીઓને અલગ અલગ થીમ (કેટેગરી) મુજબ કુલ ૪૦ થી વધુ ઈનામો આપવામાં આવ્યા હતા.

આ ફેશન શોમાં મેઈન સ્પોન્સર તરીકે અર્જુન જવેલર્સ હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભાવનાબેન જોષીપુરા, ડો.મીનલબેન રાવલ, ડો. ચૈતાલીબેન પટેલ, દિયાબા રાજપુત, આનંદબા ખાચર, સોનલબેન જલુ, અવનીબેન ડાંગર તથા મહિલા પોલીસ સ્ટેશનથી ત્રિવેદી મેડમ તથા ડોડીયા મેડમ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હરિવંદના કોલેજના ટ્રસ્ટી ડો.કૃપાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ તમામ વિભાગના ફિમેલ સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા સેવા કાર્ય સાથે ધામધૂમથી ઉજવાશે વિશ્વકર્મા જયંતી નો બે દિવસીય મહોત્સવ

## અબતકની મુલાકાતમાં ગુર્જર સુથાર જ્ઞાતિના આગેવાનોએ વિશ્વકર્મા જયંતી મહોત્સવના શોભાયાત્રા સમૂહલગ્ન, રક્તદાનકેમ્પ,મહાપ્રસાદ સહિતના કાર્યક્રમની આપી વિગતો



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત ગુજરાત અને દેશભરમાં વસતા ગુર્જર સુતાર જ્ઞાતિ ના આરાધ્યદેવ વિશ્વકર્મા પ્રભુજી ની જન્મ જયંતીની ઉજવણીનું રાજકોટમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે 'અબતક'ની મુલાકાતમાં ગુજરાત સુથાર જ્ઞાતિ ના પ્રમુખ રસિકભાઈ ભદ્રકિયા મુકેશભાઈ વડગામા પ્રદીપભાઈ કરગથરા જગદીશભાઈ સોનડાગરા મુકેશભાઈ ભાડેસીયા હર્ષદભાઈ બકરાણીયા કિશોરભાઈ અંબાસણા દિલીપભાઈ પંચાસરા કિશોરભાઈ બોરાણીયા કેતનભાઈ મહીધર્યા ઘનશ્યામભાઈ દુદકિયા અને મુકેશભાઈ વડગામા એ રાજકોટ ખાતે યોજનારા વિશ્વકર્મા જયંતી મહોત્સવ ના વિવિધ કાર્યક્રમો અંગે વિગતો આપી હતી. વિશ્વકર્મા જયંતી નિમિત્તે શહેરના શાસ્ત્રી મંદિર ખાતે ઉભા કરેલા વિશ્વકર્મા ધામમાં બે દિવસીય જન્મોત્સવ મહોત્સવ નો પ્રારંભ તારીખ ૨૧ ના રોજ સાંજે ૭:30 વાગે દીકરી વહાલનો દરિયો કાર્યક્રમ યોજાશે તેમાં સુપ્રસિધ્ધ કલાકાર જૂનાગઢના રાજુભાઈ ભટ્ટ નીરૂબેન દવે અવધભાઈ ભટ્ટ અને સાથી કલાકારો કલા રસ પીરસસે, આ કાર્યક્રમને મુકેશભાઈ વડગામા પ્રદીપભાઈ કરગથરા અને મુકેશભાઈ ભાડેસીયા દ્વારા સ્પોન્સર કર્યું છે બીજા દિવસે તારીખ ૨૨ ફેબ્રુઆરી ગુરુવારે સવારે ૬:00 વાગે ધ્વજારોહણથી શરૂ થનારા બીજા દિવસે મહોત્સવમાં ૬:30 કલાકે મંગળા આરતી સવારે૮:00 થી મહારકતદાન શિબિર નો પ્રારંભ થશે મહારકતદાન શિબિરોમાં પ્રથમ શિબિર વિશ્વકર્મા પ્રભુજી મંદિર દિવાનપરા મેન રોડ ખાતે સવારે ૮:00 થી સાંજે આઠ ૮:00અને બીજી શિબિર વિશ્વકર્મા ધામ શાસ્ત્રી મેદાન લીમડા ચોક ખાતે બપોરે ૧ થી રાતના ૮ સુધી ધમધમ ધમધમશે કાર્યક્રમ દરમિયાન સવારે ૯:00 વાગે જ્ઞાતિ મિલન ૧૨ ૧૫ કલાકે રાજભોગ આરતી અને બે વાગે ધારેશ્વર મંદિર ભકિતનગર થી દાદાની શોભા યાત્રાનો પ્રારંભ થશે

વિશ્વકર્મા ધામ શાસ્ત્રી મેદાન ખાતે સમુહ લગ્નમાં બે વાગ્યે સામૈયુ ત્રણ વાગ્યે હસ્ત મેળાપ ૬:૧૫ વાગે સમૂહ આરતી અને સાંજે ૬:30 વાગે સમૂહ પ્રસાદ બાદ દીકરીઓને વિદાય આપવામાં આવશે બે દિવસીય વિશ્વ ક્રમાંક જયંતિ મહોત્સવ માં સમગ્ર રાજ્યમાંથી વિશ્વકર્મા દાદા ના ઉપાસકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે વિશ્વકર્મા ભાવિકોને આ મહોત્સવ નો ધર્મલાભ લેવા પ્રમુખ રસિકભાઈ ભદ્રકિયા પ્રદીપભાઈ કરગથરા મુકેશભાઈ વડગામા અને ગુર્જર સુથાર જ્ઞાતિ ના આગેવાનોએ અનુરોધ કર્યો છે

# પ્રવજ્યાના પંથેઃ હિરબેન વોરા બન્યા વિશુદ્ધીજી મહાસતીજી

## ગોંડલ સંપ્રદાયના પૂ.રાજેશમુનિજી મ.સા.ની પાવન નિશ્રામાં વિરાણી હાઈસ્કુલના ડુંગરગુરૂ પ્રવજ્યા પટાંગણમાં યોજાયો દીક્ષા મહોત્સવ

**અબતક, રાજકોટ**

ભગવાન મહાવીર સ્વામીના જયવંતા જૈન શાસનના ગોંડલ સંપ્રદાયના પૂજય ગુરુભગવંત બા.બ્ર.રાજેશમુનિજી મહારાજ સાહેબે અનંતી કૃપા વરસાવીને અસંખ્ય દેવો-મહેન્દ્રો પણ ઝંખતા હોય એવા દીક્ષાના મહામૂલા ઉત્તમ કલ્યાણકારી-મંગલકારી-શ્રેયકારી 'કરેમી ભંતે'ના પાઠ દીક્ષાર્થી હીરબેન સચિનભાઈ વોરા (ઉંમર વર્ષ ૧૮)ને ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિમાં વિરાણી હાઈસ્કૂલના 'ડુંગરગુરૂ પ્રવજ્યા પટાંગણ'માં ભણાવ્યા. દીક્ષાર્થીની વર્ષોની ઉત્કૃષ્ટ-ઉત્તમ ભાવના પૂર્ણ થઈ ત્યારે સંયમ સમોવસરણ ચારેય દિશાઓથી ભગવાન મહાવીર સ્વામીના, જૈન શાસનના તથા નૂતન દીક્ષિત મહાસતીજી ભગવંતના જય-જયકારથી ગુંજી ઉઠેલ. નૂતન દીક્ષિત ભગવંતના મુખચંદ્ર ઉપર સંયમ અંગીકાર કર્યાના અનુપમ-અદ્વિતીય-અપૂર્વ આનંદ અને ઉત્સાહભર્યું સંયમનું તેજ ઝળહળી રહ્યું હતું. ઉપસ્થિત ભાઈઓ-બહેનો અદભૂત-અવરણીય સંયમમય વાતાવરણમાં ભાવવિભોર બનીને સંયમની અંતરથી અનુમોદના કરી દીક્ષા મહોત્સવના સાક્ષી બનાવની ધન્યતા અનુભવેલ. ત્યાર બાદ નૂતન દીક્ષિત મહાસતીજી ભગવંતનું નામ જાહેર થયેલ.

દીક્ષાર્થી કુમારી હીરબેન સચિનભાઈ વોરા જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરીને શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર



સ્વામીના જયવંતા જૈન શાસનના ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયના આધ્યસ્થાપક ગચ્છાધિપતિ આચાર્ય ૧૦૦૮ બા.બ્ર. પરમ પૂજ્ય ડુંગરસિંહજી સ્વામીના પટાનુપાટ બહુશ્રુત આચાર્ય જશાજી સ્વામી પટાનુપાટ સ્થવિર ગુરુદેવ પરમ પૂજય પ્રેમચંદજી મહારાજસાહેબના શિષ્યરત્ન ચારિત્રનિષ્ઠ અનંત ઉપકારી ગુરુભગવંત રાજેશમુનિજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી હીરલગુરુણી પરિવારના સુદીર્ઘ સંયમ સ્થવિરા સાધ્વીપ્રમુખા અનંત ઉપકારી ગુરુણીભગવંત કુસુમબાઈ મહાસતીજીના સુશિષ્યા વિશુદ્ધીજી મહાસતીજી ભગવંત બનેલ.

શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, રાજકોટથી મહાભિનિષ્ક્રમણ યાત્રાનો મંગલ પ્રારંભ પગપાળા થયેલ. જેમાં વિશાળ જન સમૂહે ભાગ લીધેલ, દરેક ભાઈઓ-બહેનો એ જૈન પ્રતિક રૂપ મુહપતિ મુખ ઉપર ધારણ કરીને દીક્ષાર્થીના ગગનચુંબી જય-જયકાર સાથે દીક્ષા પ્રયાણ કરેલ. દીક્ષા ભૂમિ (વિરાણી હાઈસ્કૂલ)માં જૈન દીક્ષા મહોત્સવ ઉજવાયેલ.

શ્રી ઋષભદેવ જૈન સંઘ, શ્રી ઋષભાનન જૈન સંઘ, શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, શ્રી વિશાલપ્રભ જૈન ધર્મસ્થાનક શ્રી શીતલનાથ જૈન સંઘ, શ્રી શાંતિનાથ જૈન સંઘ, શ્રી સુમતીનાથ જૈન સંઘ, અને શ્રી સંભવનાથ જૈન સંઘ આદિ શ્રી સંઘોના ભાઈઓ-બહેનોએ ઉત્સાહ ઉમંગથી ખૂબ જ પ્રસંશનીય સેવા-વૈયાવચ્ચ કરેલ.

શ્રી ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિદ્ધાંત સંરક્ષક સમિતિ-રાજકોટના સ્થાપક સભ્યો રમેશભાઈ વિરાણી, પંકજભાઈ શાહ, દિલીપભાઈ સખપરા, પરેશભાઈ પટેલ, પ્રતિકભાઈ કામદાર આદિ જૈન સમાજના અગ્રણીઓ સંયમ અનુમોદના કરેલ.

# શેઠ ઉપાશ્રય વણિક ભવનમાં રોયલ વણિક મેરેજ બ્યુરો આરંભ



તસ્વીરઃ-દર્શન વાડોલીયા

## અબતકની મુલાકાતમાં આગેવાનોએ બે મહિનામાં મેરેજ બ્યુરોની વેબસાઈટ લોચિંગનો વ્યકત કર્યો નિર્ધાર

**અબતક,રાજકોટ**

શેઠ ઉપાશ્રય વણિકના આંગણે રોયલ મેરેજ બ્યુરો પ્રારંભ કરવા જઈ રહ્યા છે. ત્યારે અબતકની મુલાકાતમાં વણિક સમાજના આગેવાનો ચેતનભાઈ વખારીયા, રીધ્ધીબેન બાવીસી, પરેશભાઈ મહેતા, રમેશભાઈ શેઠ, હર્ષભાઈ ગોડાલ, અનીલભાઈ જાટકીયા, હિતેશભાઈ ટીંબડીયા નલેશભાઈ ગાંધીએ જણાવ્યું હતુ.

વર્ષો થયા આધ્યાત્મિક અને સામાજિક એવમ મેડિકલ શૈક્ષણિક કાર્યક્રમ આ સંસ્થા દ્વારા ભારતભર માં શરુ કરવામાં આવ્યા છે . વ્યવહારિત ક્ષેત્રે દરેક ને પૂરતો સંતોષ મળી રહે અને પરિવારના પ્રશ્નો નો તુરંત હલ થાય તે હેતુ થી ''શેઠ ઉપાશ્રય વણિક ભવન ના આંગણે રોયલ વણિક મેરેજ બ્યુરો'' નું એક અનેરૂ આયોજન કરવા જઈ રહ્યા છીએ. રોયલ વણિક મેરેજ બ્યુરોની સ્થાપના કરવામાં આવે છે.આગામી ૨૪/ ૩/ ૨૪ દર રવિવારે સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ શ્રી શેઠ ઉપાશ્રયમાં પહેલા માળે ચાલુ થવા જઈ રહ્યો છે.આ ઉપલક્ષથી યુવા મેળાનું આયોજન કરેલ છે. જે તારીખ ૧૦/૩/૨૪ રવિવારે ઋષભવાટિકા, નવો રીંગરોડ, કટારીયા ચોકડી પાસે, રાજકોટ.સમય સવારે ૧૦:૦૦ થી ૪: ૦૦ રાખવામાં આવેલ છે.જે કોઈને આ યુવા મેળામાં જોડાવું હોય તે એન્ટ્રી કરાવી લેશો.યુવા મેળાની મેમ્બરશીપ ફી ૯૯૯/- રાખવામાં આવેલ છે.તેમાં કેન્ડિડેટ ફી અને એમની સાથે આવેલ બે વ્યક્તિ ગેસ્ટ પાસ લેવાનો રહેશે. જેમાંલંચ નો સમાવેશ થઈ જશે.એન્ટ્રી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૮/૨/૨૪ છે.

વર્તમાન સમયમાં જે પોતાના સંતાનોના વિશાળના પ્રશ્ન છે તેના માટે અમો સહયોગી થવા શેઠ ઉપાશ્રયમાં શુભારંભ કરવા જઈ રહ્યા છીએ ૧૫ લોકોની ટીમ કાર્યરત છે. ભવિષ્યમ આ મેટ્રીમોનિયમ સાઈટના માધ્યમથી ઘર બેઠા બાયોડેટા જોઈ શકો તે માટે વેબસાઈટ ઓપન કરવામાં આવશે. તો આપ સૌ જોડાઈ જશો.વધુ માહિતી માટે રિદ્ધિ બાવિશી -૯૪૨૯૩ ૨૩૪૭૦,પરેશભાઈ મહેતા - ૯૨૬૫૧૪૧૩૬૩. બાયોડેટાની ૩ કોપી, તથા ફોટો લઈ શેઠ ઉપાશ્રય ખાતે રૂબરૂ ફોર્મ ભરવા આવવું.

## વડાપ્રધાનના આત્મા નિર્ભર ભારત ના સંકલ્પને સાકાર કરવા

# આત્મ નિર્ભર ફાઉન્ડેશનનું નિર્માણઃ મહિલાઓને વિવિધ તાલીમી કોર્સ દ્વારા પગભર બનાવાશે

**અબતક રાજકોટ**

ભારતને આર્થિક મહાસત્તા બનાવવા માટે આત્મનિર્ભરતા ને વ્યાપક બનાવવા વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવા માટે રાજકોટમાં આત્મ ''નિર્ભરફાઉન્ડેશન''ની રચના કરવામાં આવી છે.

અબતકની મુલાકાતે આવેલા મહિલા મહિલા આગેવાનો તન્વીબેન લહેરુ, સુહાનીબેનધામેચા, દીનાબેનવિસારીયા, રુકસાર બેન કઈદા એ જણાવ્યું હતું કે મહિલા સશક્તિકરણ માટે આત્મ નિર્ભર ફાઉન્ડેશનની રચના કરવામાં આવી છે. આજે સાંજે ૫:૦૦ વાગે આર કે હોલમાં રાજકીય સામાજિક આગેવાનો ની ઉપસ્થિતિમાં સંસ્થા ની વિધિવત શરૂઆત કરવામાં આવશે. આત્મનિર્ભર ફાઉન્ડેશન મહિલા સશક્તિકરણ મહિલાઓને



તસ્વીરઃ- નીશીત ગઢીયા

## 'અબતક' ની મુલાકાતમાં નવનિર્મિત આત્મનિર્ભર ફાઉન્ડેશન ના મહિલા આગેવાનોએ મહિલા સશકિતકરણ ના કાર્યની આપી વિગતો

પગભર બનાવી સામાજિક સશકિતકરણ નો હેતુસર કરશે આગામી દિવસોમાં આત્મનિર ફાઉન્ડેશન દ્વારા બ્યુટી પાર્લર સહિતના બહેનો આત્મ નિર્ભર થઈ શકે તેવા કોર્સ ની તાલીમ આપી સર્ટિફિકેટ આપવામાં આવશે. મહિલાઓને પગભર બનાવવાની સાથે સાથે સામાજિક રાજકીય રીતે આત્મ નિર્ભર બનાવવાના અભિયાન માં જોડાવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે વિવિધ કોર્સ અને સંસ્થા ની પ્રવૃત્તિ માટે તન્વીબેન લહેરૂ નો રૂબરૂ અથવા મોબાઈલ ૮૮૪૯૮ ૦૨૬૫૬ નો સંપર્ક કરવા જણાવ્યું છે

# શ્રીજી ગૌશાળામાં કાઉ હગીંગ ડે નિમિતે ગૌમાતાના સાનિધ્યનો ગૌભકતોને પૂણ્યલાભ

**અબતક,રાજકોટ**

શ્રીજી ગૌશાળામાં 'કાઉ હગીંગ ડે' તરીકે ઉજવણી કરવાનું આયોજન કરાયું હતું. જેમાં દરેક મૂલાકાતીઓને ગૌમાતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાઉ હગીંગ ડેના અનોખા કન્સેપ્ટ સાથે શ્રીજી ગૌશાળા દ્વારા પશ્ચિમી સંસ્કૃતિના આંધળા વહેણમાં ફસાતી આપણી ભાવિ પેઢીનાં યુવાઓને ગૌ-સંસ્કૃતિ તરફ વાળવા અને ગાયના ઔષધિય લાભો તરફ પ્રેરીત કરવાના ઉમદા આશય સાથે આ નવા કન્સેપ્ટ સાથેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આખો દિવસ ગીર ગૌમાતાને ભેટીને પ્રેમભરી સાત્વીક ઉર્જા મેળવવા માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. વિદેશમાં ખાસ કરીને યુરોપ



## વિદેશમાં નાણાખર્ચીને લોકો કાવ હગીંગ કરી મેળવે છે અકલ્પનીય ઉર્જા

અને અમેરીકામાં લોકો ગાયમાંથી પોઝીટીવ એનર્જી રૂપીયા ખર્ચીને મેળવે છે. આપણી પાસે આર્ય સંસ્કૃતિની ધરોહર ગીર ગાય જે કોરોનાના સંકટકાળમાં પણ સંકટ મોચક ઔષધ સાબીત થઈ છે તે ખૂબ સહજતાથી અને ગામોગામ ઉપલબ્ધ હોય ત્યારે ગૌમાતાનું ધાર્મિકની સાથે સાથે વૈજ્ઞાનીક, આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, તબીબી, આરોગ્ય મુલ્ય પણ આપણે સૌ એ સમજવું જોઈએ.

આખો દિવસ 'કાઉ હગીંગ ડે'ની ઉજવણી ચાલુ રહી હતી. જેમાં યુવાનો, વડીલો અને બાળકો સૌ કોઈ જોડાયા હતા અને ગાયને ભેટીને પોતાનો પ્રેમ વ્યકત કર્યો હતો તેમજ ગાયોની નિયમિત સેવાનો સંકલ્પ લીધો હતો.

છેલ્લા ત્રણ વર્ષથી શ્રીજી ગૌશાળા દ્વારા આ અભિનવ પ્રયોગ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે, જેને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થાય છે અને હજારો લોકો ગૌમાતાનાં દર્શન અને તેમને ભેટીને આશીર્વાદ લેવા પધારે છે. આ વર્ષે પણ આ પ્રકારના દિવ્ય કાર્યક્રમનું આયોજન શ્રીજી ગૌશાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેથી યુવા પેઢીને ગૌ માતાનું મહત્વ સમજાય અને આપણી ગૌ સંસ્કૃતિ જળવાઈ રહે તેમજ સૌ ગૌમાતાના આશીર્વાદથી પોતાના ક્ષેત્રમાં તન, મન, ધનથી આગળ વધી શકે. ગૌ સંસ્કૃતિને જીવંત કરવાના આ દિવ્ય કાર્યમાં સૌને જોડવા માટે શ્રીજી ગૌશાળા વતી પ્રભુદાસભાઈ તન્ના, જયંતીભાઈ નગદીયા, ભૂપતભાઈ દુલારી, રમેશભાઈ ઠક્કર સહીતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# આઈકોન પ્લેટીનમ તથા આત્મન એપાર્ટમેન્ટના રહીશોને ફાયર સેફટીની અપાય તાલીમ

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે આઈકોન પ્લેટીનમ - સી+ડી, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ પાસે, યુનિવર્સીટી રોડ, આત્મન - ૫, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે આઈકોન પ્લેટીનમ - સી+ડી, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ પાસે, યુનિવર્સીટી રોડ, ખાતે ૧૫ રહેવાસીઓ આત્મન - ૫, ગાંધીગ્રામ, ખાતે ૧૫ રહેવાસીઓ જોડાયેલ.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ



ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઈ. વી. ખેર, ડે.ચીફ ફાયર ઓફીસર સ્ટેશન ઓફિસર એચ.પી.ગઢવી, ઈન્ચાર્જ સ્ટેશન ઓફિસર આર.પી.જોષી તથા ફાયરમેન ડ્રાઈવર સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

## કલેકટર તંત્ર દ્વારા છ દિવસમાં સતત ત્રીજું ડીમોલેશન

# માધાપરમાં અંદાજે ૫૦ કરોડની જમીન ઉપરનું દબાણ દૂર કરતા તાલુકા મામલતદાર

## ૧૬ એકર સરકારી જગ્યા ઉપર ફેન્સિંગ કરી દબાણ કર્યું હતું, તાલુકા મામલતદારની ટીમે બુલડોઝર ફેરવી જગ્યા ખુલ્લી કરાવી

**અબતક, રાજકોટ**

માધાપરમાં અંદાજે ૫૦ કરોડની કિંમતી જમીન ઉપરનું દબાણ તાલુકા મામલતદારની ટીમે દૂર કર્યું છે. તાલુકા મામલતદારની ટિમ દ્વારા છેલ્લા છ દિવસમાં સતત ત્રીજું ડીમોલેશન હાથ ધરવામાં આવતા ભુમાફિયાઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

આજરોજ તા. ૧૯ના રોજ રાજકોટ તાલુકાના માધાપર ગામે સરકારી ખરાબા સર્વે નંબર ૧૧૧ પૈકીની આશરે ૧૬ એકર જમીન પર તાર ફેન્સીંગ કરી કબજો કરેલ દબાણ કરનાર મુકેશભાઈ નાથાભાઈ ભખોડિયાના દબાણને દૂર કરવામાં આવ્યું છે. આ જગ્યાની બજાર કિંમત અંદાજે રૂ.૫૦ કરોડ જેટલી છે.

આ દબાણની કામગીરીમાં તાલુકા મામલતદાર કે. એચ. મકવાણા, નાયબ મામલતદાર દબાણ





રઘુવીર સિંહ વાઘેલા તથા રેવન્યુ તલાટી નિલેશભાઈ વાઘેલા જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે આ પૂર્વે ગત બુધવારના રોજ કોઠારીયાના સર્વે નંબર ૩૫૨ પૈકી સરકાર જમીન પર કાયદેસર રીતે કબજા હેઠળની જમીન જેની બજાર કિંમત ત્રણથી ચાર કરોડ જેટલી હોય તે જિલ્લા કલેકટરની સૂચનાથી મામલતદાર રાજકોટ તાલુકાના માર્ગદર્શન હેઠળ તાલુકા મામલતદારની ટીમ દ્વારા દબાણ ખુલ્લું કરાવેલ હતું.

ત્યારબાદ શુક્રવારના રોજ વાવડી ગામના રેવન્યુ સર્વે નંબર ૧૪૯ પૈકીની સરકારી ખરાબાની જમીન પર થયેલ ગેરકાયદેસર કબજો થતા બાંધકામ દૂર કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. આ સરકારી ૧૦૦૦ ચો.મીટર જેટલી જમીનની અંદાજિત બજાર કિંમત ત્રણથી ચાર કરોડ જેટલી હોવાનુ અનુમાન છે.

# પ્રેમિકાની ઈચ્છા પુરી કરવા કાકીનું કાસળ કાઢી નાખતો 'કૌટુંબિક ભત્રીજો'

## પ્રેમિકાને ફરવા જવું હોય પણ પૈસા નહિ હોવાથી કાકીના ઘરમાં ઘુસી હત્યા નીપજાવી લૂંટ ચલાવી

**અબતક, રાજકોટ**

જામનગર રોડ પર નવા કોર્ટ બિલ્ડીંગ પાછળ બુધવારે રાત્રે એક મહિલાનો મૃતદેહ મળી આવતા ક્રાઈમ બ્રાન્ચ સહીતની પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પ્રાથમિક તબક્કે પતિએ જ હત્યા નીપજવ્યાનું ચિત્ર ઉપસી આવ્યા બાદ પોલીસની ઝીણવટભરી તપાસમાં પતિએ નહિ પરંતુ કૌટુંબિક ભત્રીજાએ પ્રેમિકાની ફરવા જવાની ઈચ્છા પૂર્ણ કરવા ઘરમાં ઘુસી કાકીનું કાસળ કાઢી લૂંટ ચલાવી લીધાનું સામે આવ્યું છે.

જામનગર રોડ પર નવા કોર્ટ બિલ્ડિંગ પાછળ આવેલા શિવસાગર પાર્કમાં ગત બુધવારે એક મહિલાની તેના જ ઘરમાંથી લોહીલુહાણ હાલતમાં લાશ મળી હતી. યુનિવર્સિટી પોલીસે ખૂનનો ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન પોલીસને એવી માહિતી મળી હતી કે, જે મહિલાની હત્યા થઈ છે તેના કૌટુંબિક ભત્રીજાએ જ આ કારસ્તાન કર્યું છે. પ્રેમિકાને ફરવા લઈ જવા માટે પૈસા ન હોવાથી બનાવના દિવસે લૂંટના ઈરાદે તે તેના કૌટુંબિક કાકીના મકાનમાં ઘૂસ્યો હતો. જો કે તેના કાકી જાગી જતા કાતરથી તેની હત્યા કરી રોકડ રકમ અને એક સોનાનો ચેઈન મળી કુલ ૬૦,૦૦૦ની મતાની લૂંટ કરી હતી. આરોપી શખ્સ તેની પ્રેમિકાને લઈને વડોદરા સુધી પહોંચી ગયો હતો જો કે ત્યાં તે પોલીસના સકંજામાં આબાદ સપડાઈ ગયો હતો.

ગત બુધવારે તે તેની શેરીમાં જ રહેતા કૌટુંબિક કાકી હેમાલીબેનના ઘરમાં ઘૂસ્યો હતો. જો કે આ સમયે હેમાલીબેન જાગી જતા પોતે પકડાઈ જશે અને નામ

જાહેર થઈ જશે તેવા ડરથી ઘરમાં જ પડેલી કાતર વડે હેમાલીબેનની હત્યા કરી નાખી હતી અને ઘરમાં પડેલા રોકડા રૂપિયા તેમજ એક સોનાનો ચેઈન લૂંટીને ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ પ્રેમિકાને લઈને અમદાવાદ થઈ વડોદરા પહોંચ્યો હતો. જો કે આ સમયે પોલીસ પણ ત્યાં પહોંચી ગઈ હતી અને તેને ઝડપી લીધો હતો. ઘટનાના દિવસથી જ પતિ હતો શંકાના દાયરામાં હેમાલીબેન વરૂની હત્યા થઈ તે દિવસથી જ તેનો પતિ અલ્પેશ શંકાના દાયરામાં હતો. પોલીસે તેની અનેક વખત ઉલટ પૂછપરછ કરી હતી પરંતુ હત્યાના મૂળ સુધી પહોંચી શકાય તેવી એક પણ કડી મળી ન હતી. હેમાલીબેનની ૩ વર્ષની પુત્રી ઘરમાં જ હતી ત્યારે પુત્રીની હાજરીમાં પતિ તેની પત્નીની હત્યા કરી નાખે તે સહિતના અનેક મુદ્દા ઉપસ્થિત થયા હતા પરંતુ પોલીસને કોઈ સ્પષ્ટ માહિતી મળી ન હતી. એક તબક્કે તો અલ્પેશે જ તેના પત્નીની હત્યા કર્યાનું બિનસત્તાવાર રીતે જાહેર પણ કરી દેવાયું હતું. જો કે કેટલાક સીસીટીવી ફૂટેજ અને પ્રેમ જેઠવા કે જે ચોરી કરવાની ટેવવાળો છે તેની માહિતી એકત્ર કર્યા બાદ પોલીસને સાચી દિશા મળી હતી અને અંતે ભેદ ઉકેલાયો હતો.

### હત્યા નીપજાવી પ્રેમિકા સાથે ફરવા જતો રહ્યો આરોપી

આરોપી પ્રેમ જેઠવાએ કાકીની હત્યા નીપજાવી લૂંટ ચલાવી લીધી હતી. જે બાદ આરોપીને સહેજ પણ અફસોસ ન હોય તેવી રીતે પ્રેમિકા સાથે સુરત અને વડોદરા ફરવા જતો રહ્યો હતો. ઘટના બાદથી ભત્રીજો ગાયબ હોવાનું પોલીસને જાણ થતાં તેનું પગેરું દબાવતા પોલીસને પ્રેમ જેઠવા મળી આવ્યો હતો અને સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલાયો હતો.

### કાકીએ પૈસા નહિ આપતાં તિક્ષ્ણ હથિયાર વડે હત્યા નીપજાવી દીધી

પ્રેમ જેઠવાએ મૃતક કાકી હેમાલીબેન પાસે જઈને અર્જન્ટ પૈસાની જરૂર હોય તેવું જણાવ્યું હતું પરંતુ કાકીએ પૈસા આપવાની ના પાડ્યા બાદ આરોપીએ તિક્ષ્ણ હથિયાર વડે હત્યા નીપજાવી દીધી હતી અને ઘટમાંથી લૂંટ આચરીને ફરાર થઈ ગયો હતો. ઉલ્લેખનીય બાબત છે કે, અગાઉ પણ આ ઘટનાનો આરોપી ઘરફોડ ચોરી જેવા ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

# મેડ ફોર વીન પાર્ટી પ્લોટમાંથી NRI પરિવારના ૨.૬૦ લાખની મતા ચોરાઈ

## સોના- ચાંદીના ઘરેણાં , રોકડા અને પિતા, પુત્રના પાસપોર્ટ, આધારકાર્ડ સાથેના થેલા ની તસ્કરી, લગ્નના વિડિયો ગ્રાફીની મદદથી શખ્સની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ નજીકના પાર્ટી પ્લોટમાં એનઆરઆઈ પરિવારના લગ્ન પ્રસંગમાં અજાણ્યા શખ્સે પરિવારની નજર ચૂકવી રૂ. ૨.૬૦ લાખ ભરેલો થેલો ઉપાડી નાસી ગયાની તાલુકા પોલીસ મથકે અને મીરા નગરમાં બંધ મકાનને નિશાન બનાવી ટીવી,મ્યુઝિક સિસ્ટમ અને રોકડ સહિત રૂ.૫૩ હજારનો મુદ્દામાલ ચોરી થયાની ફરીયાદ યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.વધુ વિગત મૂળ અમદાવાદના અને હાલ કેનેડા રહેતા હર્ષદભાઈ ઓધવજીભાઈ મિસ્ત્રી નામના એનઆરઆઇ વૃદ્ધે નોંધાવેલી ફરિયાદ મુજબ, સંતાનમાં દીકરો, દીકરી છે. દીકરીને કેનેડામાં જ પરણાવી છે. જયારે પુત્રના લગ્ન રાજકોટની યુવતી સાથે રવિવારે કાલાવડ રોડ પર આવેલા મેડ ફોર વીન પાર્ટી પ્લોટમાં લગ્નનું આયોજન પ્લોટના બેન્કવેટ હોલમાં કરવામાં આવ્યું હતું . બપોરે સાડા ત્રણ વાગ્યે પુત્રના લગ્નની વિધિ ચાલતી હતી. આ સમયે સોના-ચાંદીના ઘરેણાં, ૨.૬૦ લાખ રોકડ તેમજ પોતાનો, પુત્રનો પાસપોર્ટ, આધારકાર્ડ સાથેનો થેલો - સોફા પર રાખ્યો હતો. પુત્રની વિધિમાં પોતાના સહિતના પરિવારજનો લીન હતા ત્યારે ઘરેણા ચડાવવા માટે સોફા પર રાખેલો થેલો લેવા જતા થેલો મળ્યો ન હતો. પરિવારજનો તેમજ આસપાસ બધે તપાસ કરવા છતાં કુલ રૂ.૨.૬૦ લાખની મતાના થેલાની ભાળ મળી ન હતી. પીએસઆઇ એલ.બી.ડીંડોરે ગુનો નોંધી વિડીયો શૂટિંગની મદદથી તસ્કરનું પગેરૂ દબાવ્યું છે.

### મીરાનગરમાં બંધ મકાનના તસ્કરનો પડાવઃ રૂ.૫૩ હજારની ચોરી

શહેરના રામકૃષ્ણનગર શેરી નં.૧માં રહેતાં અપેક્ષાબેન જેસલભાઈ પટેલ પિતાના રૈયા રોડ પરના આ મીરાનગર-૧માં આવેલા મકાનમાં ગઈકાલે રાત્રે બારીનો કાચ તોડી, ગ્રીલ તોડી અંદર ત્રાટકેલા તસ્કરો બેઠક રૂમમાંથી એલીડી ટીવી, મ્યુઝિક સિસ્ટમ ઉપરાંત બેડરૂમના કબાટના લોકરમાંથી રોકડા રૂા.૨૦ હજાર, ચાંદીના સિકકા, ચાંદીના માછલા વગેરે મળી કુલ રૂા.૫૩ હજારની મત્તાની ચોરી કરી ગયાની ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે

# નુકસાનીન બાકી વળતર મેળવવા કરેલો દાવો સિવિલ કોર્ટે ફગાવ્યો

## ૭૫ લાખની નુકસાનીનું ૪૭ લાખ વિમા કંપનીએ ચુકવ્યા બાદ ૩૯.૯૩ લાખ મેળવવા દાદ માંગી'તી

**અબતક, રાજકોટ**

ટિમ્બર્સ પેઢીમાં ૨૨ વર્ષ પહેલા લાગેલી આગમાં પોણો કરોડના નુકસાનના કલેઈમ સંદર્ભે વીમા કંપનીએ રૂપિયા ૪૭ લાખનું સેટલમેન્ટ ચૂકવી દીધા બાદ બાકીની રકમનો કલેમ વસુલવામાં કરવામાં આવેલી ફરિયાદ કેન્દ્રીય ગ્રાહક પંચ સુધી નામંજૂર થયા બાદ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લી. સામે રૂા. ૩૯. ૯૩ લાખ વસૂલવા દાખલ કરેલો દાવો સિવિલ કોર્ટે પણ નામંજૂર કર્યો છે.રાજકોટમાં સિધ્ધિ ટિમ્બર્સ રજિ. પ્રોપ્રાઈટરે પેઢીએ લાતી/ વેરહાઉસની સલામતી માટે ફાયરની પોલિસી નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લી. પાસેથી લીધી હતી. દરમિયાન ટિમ્બર્સમાં તા.૩- ૮- ૨૦૦૨ના રોજ આગ લાગતા મશિનરી, માલસ્ટોક, ફિનિશ ગૂડઝ તથા બિલ્ડિંગનું નુકસાન થવા બાબતે રૂા. ૭૪.૪૭ લાખનો કલેઈમ કર્યો હતો, જે સંદર્ભે વીમા કંપનીએ સર્વેયરની નિમણુંક કરી ખરેખર કેટલી નુકસાની ગઈ છે, તેનો સર્વે કરાવેલ અને સર્વેયરે વિગતવાર રિપોર્ટ આપી પેઢીને રૂા. ૪૭ લાખ ચુકવવા પાત્ર થાય છે તેમ જણાવીને નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લી.એ સિધ્ધિ ટિમ્બર્સના પ્રોપરાઈટર શંકરભાઈ આર. પટેલને ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટના રૂા.૪૭ લાખ ચુકવી આપ્યા હતા. બીજી તરફ આ રકમ ટિમ્બર્સ પ્રોપરાઈટરને મળી ગયા પછી વીમા કંપની પાસે વધુ રકમ મેળવવા નોટિસ આપેલ અને ત્યારબાદ ગ્રાહક તકરાર નિવારણમાં ગયેલ, ત્યાં ફરિયાદ રદ કરવામાં આવી હતી અને દિલ્હી નેશનલ કમિશનમાં અપીલ થઈ હતી, ત્યાં પણ રદ કરવામાં આવી હતી. તેથી વાદીએ સને ૨૦૦૬માં રૂા.૩૯.૯૩ લાખ વસુલ મેળવવા તથા તેની ઉપર દાવા તારીખથી ૧૮ ટકા વ્યાજ સહિતની રકમ મળવા દાવો દાખલ કર્યો હતો. આ દાવો સિવિલ કોર્ટમાં ચાલવા ઉપર આવતા સમક્ષ ચવીમા કંપનીના વકીલે ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના જજમેન્ટ રજૂ કરી ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટમાં વાદીએ રકમ સ્વીકારી ડિસ્ચાર્જ વાઉચરમાં સહી કરી આપેલ હોય તેથી, વાદી દાવો કરવા હકકદાર નથી તેવી દલીલ કરેલ અને તે વીમા કંપનીની દલીલ ધ્યાનમાં લઈ વાદી સિધ્ધિ ટિમ્બર્સના પ્રોપ્રાઈટરે કરેલ દાવો રાજકોટના સિવિલ જજ એમ.જી.શાહે રદ કરી છે. આ કામમાં વીમા કંપની વતી એડવોકેટ ભરત પી. જોબનપુત્રા તથા સુનીલ એચ. મોઢા રોકાયા હતાં.

# છેતરપીંડીના ગુનામાં બે શખ્સોના જામીન નામંજુર

## કારની ખરીદી કરી ૧૦ લાખ ને કાર પરત ન કરી ઠગાઈ કરી

**અબતક, રાજકોટ**

શહેરમાં કારની ખરીદી કરી રૂ૧૦ લાખ નહિ ચૂકવી અને કાર પરત નહિ આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. જે છેતરપિંડીના ગુનામાં બંને આરોપીએ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે નામંજૂર કરી છે.

આ કેસની હકીકત મુજબ ફરિયાદી પિયુષભાઈ દાદુભાઈ છૈયાએ આરોપી વિજય વેલજીભાઈ રીબડીયા અને ભલા નાનુભાઈ અલગોતરને રૂ.૧૪.૫૦ લાખમાં કાર વેચાણથી આપી હતી અને બંને આરોપીએ વેચાણની કિંમત પેટે રૂ.૪.૫૦ લાખ ચૂકવી આપ્યા હતા અને બાકી રહેતા રૂ.૧૦ લાખ ફરિયાદીને આપ્યા ન હતા અને કાર પણ પરત નહીં આપતા ફરિયાદી પિયુષભાઈ છૈયાએ બંને આરોપી વિરુદ્ધ માલવીયાનગર પોલીસ મથકમાં છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા બંને આરોપીએ પોલીસ ધરપકડની દહેશતે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે ચાલવા ઉપર આવતા સરકાર પક્ષે સરકારી વકીલ મુકેશ પીપળીયા હાજર રહ્યા હતા અને બંને આરોપીઓની આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરી હતી કે આવા છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં આરોપીઓને આગોતરા જામીન આપવા જોઈએ નહીં જો જામીન આપવામાં આવશે તો આરોપીઓ ફરી આવા ગુના કરશે સહિતની રજૂઆતને ધ્યાને લઈ જે.આઈ. પટેલે બંને આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# ગાંધીગ્રામમાં શ્રમિકનો ગળાફાંસો ખાઈ આપઘાત

## રોહિદાસપરામાં યુવકે જાત જલાવી

**અબતક,રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં પરપ્રાંતીય યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું છે જ્યારે બીજા બનાવમાં રોહીદાસપરામાં રહેતા યુવકે અગ્નિસ્નાન કરી આપઘાતનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતો મુનેરા કુશવાહ નામના ૩૦ વર્ષીય યુવકે પોતના ઘરે કપડાં સૂકવવાની દોરી ના એંગલ માં ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના સ્ટાફ ઘટના સ્થળે પોહચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસ દ્વાર મળતી માહિત મુજબ યુવક નો પરિવાર સુરત રહે છે. તેમજ ક્યાં કારણોસર આપઘાત કર્યો તે અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

શહેરના રોહિદસપરામાં રહેતા અશોકભાઈ મંગાભાઈ ચૌહાણ નામના ૩૮ વર્ષીય યુવકે આજે સવારે ૯ વાગ્યાના સુમારે પોતાના ઘરે પેટ્રોલ છાંટી જાત જલાવી લેતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.યુવકને ત્રણ દીકરી અને એક દીકરો છે તેઓ ડ્રાઈવિંગ કરી ઘરનું ગુજરાન ચલાવે છે.બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે યુવકે ક્યાં કારણોસર પગલું ભર્યું તેની તપાસ હાથધરી છે.

# ચેક રિટર્ન કેસમાં સમય ટ્રેડીંગના પ્રદીપ ડવેરાને ૧ વર્ષની જેલ

## ઉંચા વળતરની લાલચ આપી પેઢીમાં રોકાણના રૂ.૬ લાખ પરત કરવા ચેક આપ્યો તો

**અબતક,રાજકોટ**

નાણાંનું રોકાણ કરવાથી પૂરું વળતર મળશે તેવું કહી પેઢીમાં ૬ લાખનું રોકાણ કરાવ્યું હતું. નાણા પરત ન મળતા રોકાણકારે ચેક બેંકમાં નાખતા પરત ફર્યો હતો. જે કેસમાં કોર્ટે એક વર્ષની સજા અને વળતર ચૂકવવા હુકમ કર્યો છે. રાજકોટના રેલનગરમાં રહેતા ફરિયાદી અશ્વિનભાઈ કમજાભાઈ બરંડાએ આરોપી મેસર્સ સમય ટ્રેડિંગના વહીવટકર્તા પ્રદીપ ખોડાભાઈ દાવેરા પાસે પૈસા રોકાણની સ્કીમ અંગે અશ્વિનભાઈને માહિતગાર કરેલા હતા બચત કરેલા રૂપિયા ૬ લાખ અને આરોપી પ્રદીપ ખોડાભાઈ દવેરા દ્વારા જણાવવામાં આવેલું કે મેસર્સ સમય ટ્રેડિંગમાં નાણાંનું રોકાણ કરવા નાણાંનું પૂરેપૂરું વળતર આપવામાં આવશે બચત કરેલા રૂપિયા ૬ લાખનું રોકાણ આરોપીની પેઢીમાં કર્યું હતું અને ત્યારબાદ ફરિયાદીએ થોડા માસ બાદ પોતાના રોકાણ કરેલા નાણાં પરત માગતાં આરોપી દ્વારા રૂ.૬ લાખનો ચેક આપવામાં આવ્યો હતો જે ચેક બેન્કમાં નાખતા અપૂરતા ભંડોળના કારણે ચેક રિટર્ન થતાં કાયદાકીય જોગવાઈ મુજબ અશ્વિનભાઈએ પ્રદીપ દવેરાને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે ફરિયાદ દાખલ કરી હતી.ફરિયાદીએ વકીલ સમીર ખીરા એ દેશ ઝડપથી નાણાકીય વ્યવહારમાં પારદર્શકતા લાવવાની દિશામાં જઈ રહ્યો છે ત્યારે નાણાકીય વ્યવહારમાં ચેક ની જળવાઈ રહે તે આવશ્યક છે..જે કેસ ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ .ફરિયાદીના વકીલ સમીર ખીરા એ દેશ ઝડપથી નાણાકીય વ્યવહારમાં પારદર્શકતા લાવવાની દિશામાં જઈ રહ્યો છે ત્યારે નાણાકીય વ્યવહારમાં ચેક ની વિશ્વસનીયતા જળવાઈ રહે તે આવશ્યક છે.તેમજ લેખિત મૌખિક દલિત તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે આરોપી પ્રદીપ દાવેરાને ૧ વર્ષની સજા અને ફરિયાદીને રૂ. ૬ લાખ ચૂકવવા હુકમ કર્યો હતો.

# ચેક રિટર્ન કેસમાં લોન ધારકને સજા

## શ્રી અવધુત ક્રેડીટ કો.ઓ. સોસાયટીને વળતર ચુકવવા આદેશ

**અબતક, રાજકોટ**

શહેરની શ્રી અવધૂત ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીમાંથી લીધેલી લોન નો હપ્તો ચૂકવવા આપેલો ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનામાં લોન ધારકને ૩ માસની સજા અને ચેકની રકમનું વળતર ૨ માસમાં ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા જીતેન્દ્રકુમાર છગનભાઈ કુમારખાણીયા સભાસદ દરજ્જે શ્રી અવધૂત ક્રેડિટ કોપરેટીવ સોસાયટી માંથી લોન લીધી હતી જે લોનની ચુકવણી માટે આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત હતાં જેમકે કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અદાલતમાં જીતેન્દ્રકુમાર કુમારખાણીયા સામે નેગોસીએબલ એકટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી મંડળીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ જજે આરોપી સામેનો ગુન્હો સાબીત માનીને ૩ માસની જેલની સજા અને ચેક મુજબની રકમ વ્યાજ વળતરના રૂપમાં ૨ માસમાં ચુકવવાનો આદેશ કરેલો અને આરોપી ચુકાદા સમયે હાજર ન હોય તેની સામે ધરપકડનું વોંરટ ઈસ્યુ કરવાનો પણ વિશેષમાં હુકમ ફરમાવેલો છે.આ કામમાં શ્રી અવધુત ક્રેડીટ કો-ઓપ.સોસા.લી. વતી રાજકોટના સહકારી ક્ષેતના એડવોકેટ સુભાષ પટેલ, સતિષ દેથલીયા સહાયક રમેશ સોંલકી રોકાયેલ છે.

# કુવાડવા રોડ પર ટ્રક પાછળ માલવાહક ઘૂસી જતાં યુવકનું મોત

**અબતક, રાજકોટ**

શહેરના ભાગોળે કુવાડવા રોડ પર ઓવરબ્રિજ નજીક ટ્રકની પાછળ માલવાહક વાહન ઘૂસી જતાં ઘવાયેલા યુવકનું મોત નિપજ્યું છે.શહેરના માલીયાસણ ગામે રહેતા તૌફિકભાઈ રજાકભાઈ ચૌહાણ નામના ૨૧ વર્ષીય યુવક ગત તા.૧૫ ના રોજ સવારે ચાર વાગ્યના સુમારે દૂધનું વાહન લઈને જતા હતા ત્યારે ટંકારા ઓવરબ્રિજ નજીક પહોંચ્યા ત્યારે ટ્રકની પાછળ માલવાહક ઘૂસી જતાં યુવક ગંભીર ઈજાગ્રસ્ત બન્યો હતો જેનું આજે મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ છે.બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી છે.યુવક અપરણિત છે અને બે ભાઈમાં નાના છે.મૃતક યુવક ડ્રાઈવિંગ કરતો હતો અને તે દૂધ વાહન લઈ જતા હતા ત્યારે ઝોંકુ આવી જતા આ ઘટના બની હોય એવું પ્રાથમિક અનુમાન છે.

# સીએનસી મશીનમાં ફસાઈ જતાં કારીગરનુ મોત

## મશીન રીપેરીંગ કરતી વેળાએ અચાનક મશીન ચાલુ થતાં ફસાઈ ગયો હતો

**અબતક,રાજકોટ**

રાજકોટના વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલા ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીમાં સીએનસી મશીન રીપેર કરતી વેળાએ અચાનક મશીન ચાલુ થતાં ગંભીર ઈજાગ્રસ્ત બનેલા કારીગરનું મોત નીપજતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.ઘટનાની વિગત મુજબ, યુનિવર્સિટી રોડ પર આવેલા શ્યામ વાટિકા સોસાયટીમાં રહેતા કેતન જયંતીલાલ જીવાણી નામના ૪૪ વર્ષીય યુવક ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીમાં સીએનસી મશીન રીપેરીંગ કામ કરતો હતો ત્યારે અચાનક મશીન ચાલુ થઈ જતાં મશીનમાં ફસાઈ ગયો જતાં ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો કારગત નીવડે તે પેહલા જ તેનું મોત નિપજ્યું હતું. તાલુકા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પોહચી જરુરી કાર્યવાહી કરી હતી. યુવાનના મોતથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો.

# ચેક રીટર્ન કેસમાં મિત્રને ૧૮ માસની જેલ

## બે માસમાં રૂપિયા ૧૩,૦૦,૦૦૦ નું વળતર ચૂકવવા હુકમ

**અબતક,રાજકોટ**

શહેરમાં રહેતા યુવાને મિત્રતાના દાવે આપેલી રકમ ₹૧૩ લાખ ચૂકવવા આપેલો ચેક વગર વસૂલાતે પરત ફરવાના ગુનામાં આરોપીને દોઢ વર્ષની સજા અને ચેક ની રકમ નું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે વધુ વિગત મુજબ શહેરમાં રહેતા વિક્રમસિંહ ભૂરુંભા જાડેજા એ મિત્રતાના દાવે અલ્પેશ ભીખાભાઈ નરોડીયાને સબંધના દાવા ₹ ૧૩,૦૦,૦૦૦ હાથ ઉછીના આપ્યા હતા. જે રકમ પરત કરવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા જે અંગે કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અદાલતમાં ફરિયાદ કરી હતી. જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલિત તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ અદાલતે અલ્પેશ નરોડીયાને દોઢ વર્ષની સજા અને ચેકની રકમ ₹ ૧૩ લાખ ૨ માસમાં ચૂકવી આપવા અને સમય મર્યાદામાં રકમ ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વિક્રમસિંહ જાડેજા વતી એડવોકેટ તરીકે રણજીતભાઈ એમ.પટગીર, સાહીસ્તાબેન એસ.ખોખર, પ્રહલાદસીંહ બી. ઝાલા તેમજ મીતેશ એચ.ચાંનપુરા રોકાયેલ હતા.


**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ઈ-હરાજી આમંત્રણ નોટિસ**

ફાઈલ નં. WR-RJT0COMM(EARN)/49/2022-O/o SR DCM/RJT/WR; સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડી.આર.એમ. ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; ટેન્ડર નોટિસ નં. CA 11/E-auction/Advt./23/13 તારીખ 12/02/2024; રાજકોટ ડિવિઝનના વિવિધ સ્થળોએ પેસેન્જર એનાઉન્સમેન્ટ સિસ્ટમથી ભિન્ન એડ, પેકિંગ સર્વિસીસ અને ડિજીટલ દ્વારા એડવર્ટાઈઝીંગ કોન્ટ્રેક્ટ માટે http://www.ireps.gov.in પર ઇ-હરાજી માટેની ટેન્ડર નોટિસ. હરાજીની તારીખ અને સમય: 27/02/2024ના રોજ 15:00 થી 16:10

| ક્ર. નં. | લોટ નંબર/ કેટેગરી | વર્ણન | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|---|
| AA /1 | PARKING-RJT -RJT-MX-15-23-1 | [illegible] - રાજકોટની નજીકના સ્થળે ટુ વ્હીલર, થ્રી વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ માટે પાર્કિંગ લોટ માટે કોન્ટ્રેક્ટ. | ૩ વર્ષ |
| BA /2 | MSS-RJT-RJT -HlthK-5-23-1 | રાજકોટ રેલવે સ્ટેશન પર હેલ્થ કિઓસ્કનું ઇન્સ્ટોલેશન, મેન્ટેનન્સ અને ઓપરેશન માટે કોન્ટ્રેક્ટ. | ૩ વર્ષ |
| BA /2 | MSS-RJT-JAM -HlthK-6-23-1 | જામનગર રેલવે સ્ટેશન પર હેલ્થ કિઓસ્કનું ઇન્સ્ટોલેશન, મેન્ટેનન્સ અને ઓપરેશન માટે કોન્ટ્રેક્ટ. | ૩ વર્ષ |
| BB /1 | MSS-RJT-JAM -TWYOPS-4-23-1 | જામનગર સ્ટેશનની પાર્સલ ઓફિસ ખાતે ફેસિલિટેશન કાઉન્ટર સ્થાપીને ટુ વ્હીલર અને પાર્સલ/લગેજના પેકેજ માટે પેકિંગ સેવાઓની જોગવાઈ. | ૩ વર્ષ |
| CA /1 | ADVT-RJT-JAM -OSD-79-23-1 | રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર, વાંકાનેર, જામનગર, દ્વારકા, ખંભાળિયા, હાપા, ઓખા, મોરબી, થાન અને ભક્તિનગર સ્ટેશનો પર પેસેન્જર એનાઉન્સમેન્ટ (PA) સિસ્ટમ દ્વારા ભિન્ન સ્વરૂપે કોમર્શિયલ એડવર્ટાઈઝમેન્ટના ઓડિયો એનાઉન્સમેન્ટના કામ માટે કોન્ટ્રેક્ટ | ૫ વર્ષ |

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**રાજકોટ મહાનગરપાલિકા**

**મહાત્મા ગાંધી મ્યુઝિયમ**

**એ.ટી.એમ. માટે જગ્યા લીઝથી આપવા બાબત**

**(બીજો પ્રયત્ન)**

મહાત્મા ગાંધી મ્યુઝિયમ કેમ્પસમાં આવેલ એ.ટી.એમ. માટેની ૧૨૦ ચો.ફુટ કાર્પેટ જગ્યા લીઝથી આપવાના કામે ટેન્ડરથી ઓફરો મંગાવવામાં આવે છે. આ કામનું ટેન્ડર મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે અથવા એસ્ટેટ વિભાગમાંથી રૂબરૂ મેળવી શકાશે. વધુ વિગતો માટે વેબસાઈટ જોવા વિનંતી છે.

સહી: ડાયરેક્ટર

મહાત્મા ગાંધી મ્યુઝિયમ



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ઈ-હરાજી આમંત્રણ નોટિસ**

ફાઈલ નં. WR-RJT0COMM(EARN)/49/2022-O/o SR DCM/RJT/WR; સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડી.આર.એમ. ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; ટેન્ડર નોટિસ નં. CA 11/E-auction/Advt./23/12 તારીખ 12/02/2024; રાજકોટ ડિવિઝન પરના રેલવે સ્ટેશન માટે 05 વર્ષ માટે પબ્લિક સેક્ટર બેંક / શિડ્યુલ્ડ કોમર્શિયલ ઇન્ડિયન બેંક/ ઇન્ડિયન કો-ઓપરેટિવ બેંક જેમની પાસે આરબીઆઈ દ્વારા એટીએમ ઇન્સ્ટોલ અને ઓપરેટ કરવાનું લાયસન્સ પ્રાપ્ત હોય તેમના દ્વારા એટીએમના ઇન્સ્ટોલેશન અને સંચાલન માટે ના કોન્ટ્રાક્ટ માટે https://www.ireps.gov.in પર ઈ-હરાજી માટે ટેન્ડર નોટિસ.

| ક્ર. નં. | હરાજી કેટલોગ નં. | સ્થળો | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| AA/1 થી AA/17 | RJT-ADVT-23-12 | કૈલાસ વાડી સર્કલ - રાજકોટ, કોઠી કમ્પાઉન્ડ - રાજકોટ, જુના રેલવે સ્ટેશન- જામનગર, ભાટિયા, હાપા, ભક્તિનગર, નજરબાગ, સુરેન્દ્રનગર, થાન, ખંભાળિયા, રાજકોટ, પડધરી, મોરબી, કાનાલુસ, વાંકાનેર, દ્વારકા રેલવે સ્ટેશન. | 27/02/2024 10:00થી 13:10 |

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**જામનગર મહાનગર સેવા સદન**

**સ્ટોર્સ શાખા**

**:: ઈ-ટેન્ડર નિવિદા ::**

જામનગર મહાનગર સેવા સદનની સ્ટોર્સ શાખા માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં નીચેના કામે ઓનલાઈન ટેન્ડરોના ભાવો માંગવામાં આવે છે. જે ઈ-ટેન્ડરની વધુ વિગતવાર માહિતી વેબસાઈટ https://jmctender.nprocure.com ઉપરથી મળી શકશે.

| ક્રમ | ટેન્ડરની વિગત | અંદાજીત રકમ | ટેન્ડર ફી | અર્નેસ્ટમની |
|---|---|---|---|---|
| ૧ | જામનગર મહાનગર સેવા સદનના જુદા જુદા વિભાગો પાસે જુદી જુદી જગ્યાએ રહેલ જુદા જુદા પ્રકારના સ્ટોર( ભંગાર) માલસામાન નિકાલ (વેચાણ) કરવાનું કામ | ૧૦,૦૦,૦૦૦ | ૯૦૦ | ૧૦,૦૦૦ |

ઉપરોક્ત વિગતોના સબંધ કામના ટેન્ડરો વેબ સાઈટ https://jmctender.nprocure.com પરથી ઓનલાઈન મળી શકશે . જે ટેન્ડર ઓનલાઈન ફિઝિકલ ક્વોલીફીકેશન ધરાવનારે ભરવાનું રહેશે.

આ કામના ટેન્ડરો ભર્યાની શરૂઆત તા.૨૦/૨/૨૦૨૪ સમય ૧૧:૦૦ થી તા.૨૯/૨/૨૦૨૪ ની અંતિમ સમય ૧૭:૦૦ કલાક સુધી ભરવાના રહેશે. આ કામના ટેન્ડરોની ઈ.એમ.ડી/ટેન્ડર ફી તથા ડોક્યુમેન્ટ રજુ કરવાની છેલ્લી તા.૨/૩/૨૦૨૪ ના સમય ૧૭:૦૦ સુધીની રહેશે. તેમજ આ કામના ટેન્ડર ખોલવાની તા.૪/૩/૨૦૨૪ ના સમય ૧૨ : ૦૦ ની રહેશે.

આ કામના ટેન્ડરો રજીસ્ટર એ.ડી. તથા સ્પીડ પોસ્ટથી જ સ્વીકારવામાં આવશે.

૨૩૮

આસી.કમિશ્નર(વ)

જામનગર મહાનગરપાલિકા

તંત્રી લેખ

# ભારત અને ઈઝરાયલ મિત્રતાનું મોટું દ્રષ્ટાંત

વિશ્વ ભારત અને ઈઝરાયેલની મિત્રતાનું ઉદાહરણ આપે છે. કારગિલ યુદ્ધ હોય કે દરિયાઈ વિસ્તારોમાં જળસંકટ હોય, ઈઝરાયેલ દરેક મુશ્કેલીમાં ભારતની પડખે છે. ગાઝા યુદ્ધની વચ્ચે, ઈઝરાયેલ હુતી હુમલાઓ સામે લડી રહ્યું છે અને તેણે સમુદ્રથી જમીન સુધી ભીષણ યુદ્ધ લડવું પડશે. આ દરમિયાન મિત્ર ભારત ઈઝરાયેલની મદદ માટે આગળ આવ્યું છે. ભારતની મદદથી ઈઝરાયેલે લાલ સમુદ્રમાં હુથીઓના હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. હવે ભારતના મુન્દ્રા બંદરેથી માલસામાન સરળતાથી ઈઝરાયેલ પહોંચી રહ્યો છે. યુએઈ, સાઉદી અરેબિયા અને જોર્ડન જેવા ઈસ્લામિક દેશો પણ આ માર્ગમાં સામેલ છે. આ એ જ રૂટ છે જેને મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર હેઠળ રેલ દ્વારા જોડવામાં આવનાર છે.

વાસ્તવમાં, માલ ભારતના મુંદ્રા બંદરથી યુએઈના બંદરે જઈ રહ્યો છે, ત્યાંથી આ માલને જમીન માર્ગે ટ્રક દ્વારા સાઉદી અરેબિયા અને પછી જોર્ડન લઈ જવામાં આવી રહ્યો છે. ત્યાંથી આ માલ ઈઝરાયેલ પહોંચે છે. ઈઝરાયેલના પરિવહન મંત્રી મીરી રેગેવે પોતે ભારતથી ઈઝરાયેલ માલસામાનના પરિવહન માટે નવા જમીન માર્ગની જાહેરાત કરી છે. આ માર્ગ લાલ સમુદ્રમાં હુથીઓના જોખમને બાયપાસ કરશે. વૈકલ્પિક માર્ગ સામાન્ય દરિયાઈ માર્ગને બદલવા માટે રચાયેલ છે, જે તેલ અવીવે ગાઝા પટ્ટી પર યુદ્ધ શરૂ કર્યા પછી ઈઝરાયેલ સાથે જોડાયેલા જહાજો પર હુથી હુમલાને કારણે ઓક્ટોબરની શરૂઆતમાં બંધ કરી દેવામાં આવ્યો હતો.

મંત્રી રેજેવના જણાવ્યા અનુસાર, આ નવો માર્ગ ભારતના સૌથી મોટા બંદર મુંદ્રાથી શરૂ થાય છે. ત્યાંથી માલસામાનને દરિયાઈ માર્ગે સંયુક્ત આરબ અમીરાત અને પછી સાઉદી અરેબિયા થઈને જોર્ડન અને છેલ્લે ઈઝરાયેલ લઈ જવામાં આવે છે. રેગેવે ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયેલને માલસામાનની સપ્લાયમાં સામનો કરવામાં આવેલા પડકારો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે અમારા પર યુદ્ધ લાદવામાં આવ્યું છે. ઈઝરાયેલ દરિયાઈ પરિવહન પર ખૂબ નિર્ભર છે, અને તેમનો દેશ એક ટાપુ જેવો છે. એટલું જ નહીં, નવા ભૂમિ માર્ગથી માલસામાનના ડિલિવરીના સમયમાં પણ ૧૨ દિવસનો ઘટાડો થવાની ધારણા છે અને વર્તમાન રાહ જોવાનો સમય નોંધપાત્ર રીતે ઘટશે.

અહેવાલ અનુસાર, દુબઈ અને અબુ ધાબીથી આ જમીન માર્ગે આવતા ટ્રક શાકભાજી, ફળો, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય ઉત્પાદનો સહિત વિવિધ સામાનનું વહન કરે છે. મહત્વપૂર્ણ છે કે આ જમીની માર્ગ એવા સમયે બનાવવામાં આવ્યો છે જ્યારે ઈઝરાયલના કબજા હેઠળના ગાઝા પટ્ટીમાં પેલેસ્ટાઈન ગંભીર માનવીય સંકટનો સામનો કરી રહ્યા છે. ઈઝરાયેલી નાકાબંધીએ ખોરાક અને દવા સહિતની આવશ્યક સહાયના પ્રવેશને અટકાવી દીધો છે, જેનાથી લગભગ ૨.૩ મિલિયન પેલેસ્ટિનિયનોને દુષ્કાળના જોખમમાં મૂકાયા છે. જો કે, ઘણા દેશો ઈજિપ્ત દ્વારા ગાઝાના આ લોકોને મદદ મોકલી રહ્યા છે. મદદ કરનારા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે.

(signature)

શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી

# ટી.જી.ઈ.એસ. સ્કુલની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર કર્યુ મહાદાન-૧૫૭ બોટલ રકત એકત્રિત



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને. વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી ટીજીઈએસની ૧૧માં ધોરણમાં ભણતી છાત્રાઅદ ખ્જારા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૫૭ બ્લડ બોટલ્સ રાજકોટ સિવીલ બ્લડ બેંકને અર્પણ કરવામાં આવેલ. ટીજીઈએલ સ્કુલના વર્ગ ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી દ્વારા સેવાના પ્રોજેકટના ભાગ રુપે આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં ડેઈઝી વીરડીયા ખુશ, સંઘવી, રાશી વશા, કપીરસર, બીપીનભાઈ વીરડીયા, અરવિંદભાઈ વિરડીયા, ડો. કલ્પીત સંઘવી સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થી મિત્રો વિદ્યાર્થીઓનાો પેરન્ટસ અજયસિંહ જાડેજા કે જેઓ નિયમીત રકતદાતા છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, ડો. પ્રતિક અમલાણી (યુરો. ગોલ્ડ મેડલીસ્ટ) ધવલ મહેતા, સીવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમહે સેવા આપેલ.

# છત્રપતિ શિવાજીને જન્મ જયંતિ નિમીતે ભાજપ મહાનુભાવોની 'પુષ્પાંજલી'



**અબતક, રાજકોટ**

વીર શિવાજી, જેને છત્રપતિ શિવાજી મહારાજ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક અસાધારણ ભારતીય શાસક હતા જેમણે મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરી હતી. તેઓ એક બહાદુર અને અમર સ્વાતંત્ર્ય સેનાની તરીકે વ્યાપકપણે આદરણીય છે, જેમની બહાદુરી અને દેશભક્તિ પેઢીઓને પ્રેરણા આપે છે.છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૪મીજન્મજયંતિ નિમિતે આજ તા.૧૯/૦૨/૨૦૨૪ના રોજ તેઓની સ્ટેપ ગાર્ડન, રેસકોર્ષ ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી, પદાધિકારીઓ તથા હોદેદારો દ્વારા મસ્તક નમન કરવામાં આવેલ.

વીર શિવાજી મહારાજની બહાદુરી, બુદ્ધિમત્તા અને દેશભક્તિ પેઢીઓને પ્રેરણા આપતી રહે છે. તેમનો વારસો દરેક ભારતીયના હૃદયમાં જીવે છે જે સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયને મહત્વ આપે છે. આ પ્રતિમા પુષ્પાંજલી પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટ મહાનગરપાલિકાનામેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષનેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન દેવુબેન જાદવ, કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સોરઠીયા, કંકુબેન ઉઘરેજા, દુર્ગાબા જાડેજા, ભાજપ અગ્રણી મનસુખભાઈ જાદવ, કાનાભાઈ ઉઘરેજા,શિક્ષણ સમિતિના સભ્યો, રાજકોટ મહાનગરપાલિકાના મેનેજર કૌશિક બી.ઉનાવા,સાંકૃતિક વિભાગના કર્મચારીઓતથા અન્ય હોદેદારો ઉપસ્થિત રહેલ.

# મહાપાલીકા બાકીદારો સામે લાલઘુમઃ લાખોની રીકવરી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનર શ્રી આનંદ પટેલની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવીઃ

૮-મિલ્કતોને સીલ કરેલ તથા ૨૭- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૩૯.૧૦ લાખ રીકવરી - વોર્ડ નં-૩ ''પરાબજારમાં સ્વામિનારાયાણ કોમ્પ્લેક્ષ ફર્સ્ટ ફ્લોર રૂ.૭૫,૨૫૦/-., રૂ.૭૮,૬૦૦/-., રૂ.૭૮,૬૦૦/-. રીકવરી રૂ.૭૭,૦૨૦/-. પરાબજારમાં સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ થર્ડ ફ્લોર પર રૂ.૧.૦૭ લાખ., રૂ.૫.૧૪ લાખ., નં-૪૨૬ થી ૪૨૯ ૯-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૧૨.૪૫ લાખ રીકવર કર્યા હતા. પરાબજારમાં સ્વામિનારાયાણ કોમ્પ્લેક્ષ ફોર્થ ફ્લોર પર શોપ નં-૪૧૧ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૯૦,૫૦૦/-., રૂ.૭૫,૦૦૦/-., રૂ.૭૩,૭૯૧ , રૂ.૩.૮૬ લાખ. પરાબજારમાં સ્વામિનારાયાણ કોમ્પ્લેક્ક્ષ ફોર્થ ફ્લોર પર શોપ નં-૪૦૩ ને સીલ મારેલ. વોર્ડ નં-૭ કડિયા નવાલાઈન ની શેરી નં-૭ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૦૨ ૧- યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૨.૮૭ લાખ. રઘુવીરપરા શેરી નં-૯ નર્મદા કુંજ ને ૧- યુનિટના નોટીસ સામે રીકવરી રૂ.૧.૦૫ લાખ

વોર્ડ નં-૧૮ કોઠારિયા રિંગ રોડ પર આવેલ પ્રગતિ સોસાયટીમાં આવેલ ૧ -યુનિટને સીલ મારેલ. કોઠારિયા રોડ નજીક હરિ ઓમ ઈન્ડ એરિયામાં 'પુર્વિ' ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૭૨,૯૦૦/-. સ્વાતિપાર્ક મેઈન રોડ પર કૈલાશ ઈન્ડ એરિયામાં ૧- યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૮૮,૧૦૦/-. આર કે ઈન્ડ એરિયામાં પ્લોટ નં-૧



રેસિડેનશિયલ નં૧૬૧/૧૬ ને ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૫૬,૭૦૦/-. કોઠારિયા રેલ્વે સ્ટેશન નજીક સરદાર ઈન્ડ એરિયામાં પ્લોટ નં-૩ ને ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૮૧,૭૧૦/-. ઢેબર રોડ જકાતનાકા નજીક વલ્ભિયા બોડિ બિલ્ડર, પ્રગતિ પ્લોટ નં-૨૭ ને ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૫૦,૦૦૦/-. કુલ ૩,૭૬,૧૨૯ મિલ્કત ધારકોએ ૩૨૪.૬૮ કરોડ વેરો ભરેલ. આ કામગીરી મેનેજર વત્સલ પટેલ, નિરજ વ્યાસ ,સિદ્ધાર્થ પંડયા, ફાલ્ગુનીબેન કલ્યાણી, નિલેશ કાનાણી, તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેકટરશ્રીઓ દ્વારા આસી.કમિશ્નર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી.

# જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૪૬૧મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

નટવરલાલ નરોતમભાઈ ભણસાલીનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૪૬૧ મું ચક્ષુદાન થયેલ છે. આ ફેબ્રુઆરી મહીનામાં પાંચમુ ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન ધુલીયાભાઈના સહયોગથી કરાવેલ છે. તસમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# છત્રપતિ શિવાજીની જન્મ જયંતિએ શિવસેના દ્વારા કરાઈ પુષ્પાંજલી



**અબતક, રાજકોટ**

આજરોજ છત્રપતિ શિવાજી મહારાજ ની જન્મ જયંતી નિમિત્તે શિવસેના રાજકોટ એકમ દ્વારા શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પહાર કરાયા આ પ્રસંગે હોદેદારો અનેશિવ સૈનિકોહાજર રહ્યા હતા.

# આઈ શ્રી ખોડિયાર મંદિર સેવકગણ દ્વારા યોજાયો ૨૯મો સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ

**અબતક, રાજકોટ**

આઈ શ્રી ખોડીયાર મંદિર, ૧૦-કેદારનાથ સોસાયટી, કોઠારીયા રોડ, રાજકોટ દ્વારા માતાજીના સાનીધ્યમાં ઓગણત્રીસ-૨૯ મો સર્વજ્ઞાતી સમુહ લગ્ન મહોત્સવનું આયોજન કરેલ છે. તેમા નવવધુને ૨૦૦થી વધારે કરીયાવરની ચીજવસ્તુઓ આપવામાં આવી.આ સમુહલગ્નમાં ૨૦૦થી વધુ કરીયાવરની ચીજ વસ્તુઓ આપવામાં આવી તેમજ ૨૫૦૦ વ્યક્તિએ સાંજે ભોજન પ્રસાદ લીધો હતો. વધુ માહિતી માટે પરસોત્તમભાઈ દોંગા - ૯૮૨૪૨ ૮૩૧૮૪, મોહનભાઈ ગોહેલ - ૯૪૨૭૪ ૯૫૯૨૬ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

# આર્યા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પનાં દાતાઓનું ઉત્સાહભેર મહાદાન

## ત્રિભુવનભાઈ કકકડની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી આપવા રકતદાન કેમ્પ યોજાયો

**અબતક,રાજકોટ**

૪-૨-૨૦૨૪, રવિવારના રોજ આર્યા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ બાળકો માટે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫૦ ફુટ રીંગ રોડ, ગણેશ ટાટા શો-રૂમની સામે શ્રી વી.જે. મોદી સ્કુલ ખાતે સ્વ. ત્રિભુવનભાઈ ભીમજીભાઈ કક્કડની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે એમને શ્રદ્ધાંજલી આપવાના હેતુથી યોજાયેલા આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૩૬ રક્તદાતાએ ભાગ લીધો હતો. સ્વ. ત્રિભુવનભાઈને શ્રદ્ધાંજલી આપવા છેક કચ્છથી પણ બે વ્યક્તિએ આવ્યા હતા જેમાંથી એકે રક્તદાન કર્યું હતું. રાજકોટના ટ્રેકર્સ ગ્રૂપના મિત્રો પણ રક્તદાનમાં જોડાયા હતા. ખાવડા પરિવારમાંથી પ્રશાંત કક્કડ, મનન કક્કડ, પાર્થ વિઠલાણી અને કચ્છ ખાવડાના સ્ટાફના લોકો પણ હાજર રહીને રક્તદાન કર્યું હતું. આર્યાના ટ્રસ્ટી મહેશ ભાઈ શુક્લ અને એમના દીકરા એ સાથે રક્તદાન કર્યું હતું. હેમ ગ્રુપમાંથી હરી ભાઈ ડો કનઝારિયાએ રક્તદાન કરી ને શ્રદ્ધાંજલી આપી હતી .

આમ ૧૦૮ જેટલા દર્દીઓને નવજીવન આપી શકાય એટલું રક્તદાન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમ્યાન ૩૬ બોટલ રક્ત એકત્ર કરીને સિવિલ હોસ્પિટલને સોંપવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલે પણ સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.



હેમ ગ્રુપ માંથી ઝાલા સાહેબ, આર્યા વસુંધરાના જયંતિભાઈ સાપરિયા, જે.આઈ. પટેલ, ગીરીશભાઈ પટેલ, એકલવ્ય એકેડમી અને સ્નેહ સ્પંદન ટ્રસ્ટના પ્રમુખ નિતિનભાઈ, શિવમ ફાઉન્ડેશનના પ્રમુખ ગૌતમભાઈ દવે, એડવોકેટ ગૌતમ દવે, પરસોંડા એસોસિએશનના પ્રમુખ હરેશભાઈ પરસોંડા, ડો. પાર્થભાઈ જસાણી, ડો.અશ્વીની મોદી જસાણી, ડો.પાર્થ પંડ્યા, મોદી સ્કૂલ ના પ્રિનસીપાલ ઝાલા સાહેબ. નિવૃત્ત ચેરીટી કમિશનર લાખાણી કાર્યક્રમમાં હાજર રહીને ઉત્સાહ વધાર્યો હતો. આર્યા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેશભાઈ શુક્લ રાજેન્દ્ર ભાઈ, ડો દેવ વિઠલાણી સહિત અનેક મહાનુભાવો, મિત્રો અને સ્નેહીજનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હોવાનું આર્યા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભાવનાબેન કક્કડે એક યાદીમાં જણાવ્યું હતું.

# સમસ્ત મોઢ વણિક જ્ઞાતિના કુળદેવી શ્રી માતંગી માતાજીનો ગુરૂવારે પાટોત્સવ

## પાટોત્સવમાં જ્ઞાતિજનો માટેમહાપ્રસાદ અને રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

સમસ્ત મોઢ વણિક જ્ઞાતિના કુળદેવી મોઢેશ્વરી (માતંગી) માતાજીના પાટોત્સવની ઉજવણી દર વર્ષ મુજબ સમસ્ત મોઢ વણિક જ્ઞાતિજનો માટે તા. ૨૨ ને ગુરુવારના રોજ બપો ૩ કલાકે પુજનવિધી અને ૬.૩૦ કલાકેથી મહાપ્રસાદ તથા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

મધુબેન જયસુખલાલ છાપીયા પરિવાર આમંત્રણ પત્રિકામાં દર્શાવેલ નજીકના સરનામેથી મહાપ્રસાદના પાસ તથા ગં.સ્વ. સરયુબેન ઈન્દુભાઈ મહેતા ઈવેન્ટ મેનેજરમેન્ટ (ચિંતન વોરા) આપનો ફાળો રહ્યો છે. યથા શકિત મુજબ અવશ્ય નોંધાવશો. રાજકોટના ઈતિહાસમાં મોઢ વણિક જ્ઞાતિજનો માટે ૧૭ વર્ષથી જ્ઞાતિના કુળદેવી મોઢેશ્વરી (માતંગી) માતાજીના પાટોત્સવનો ઘર આંગણે



રળીયામણો અનુ અમૂલ્ય એવો ઉત્સવ ઉજવાય છે ત્યારે દરેક જ્ઞાતિજનોએ આ પાટોત્સવમાં મહાપ્રસાદ લેવ તમામ જ્ઞાતિજનોને આગ્રહભરી અપીલ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર કચ્છમાં વસતા તમામ જ્ઞાતિજનોને પધારવા હાર્દિક આમંત્રણ છે. આ કાર્યક્રમ જ્ઞાતિજનો પુરતો સિમીત રાખેલ છે. જ્ઞાતિજનો સહકાર આપશે તેવી અપેક્ષા મોઢ વણિક માતી પાટોત્સવ સમિતિના કારોબારી સભ્ય મહેન્દ્રભાઈ મહેતા વિકાસ પબ્લીસીટી, સુનીલભાઈ મહેતા શ્રીજી સ્ટીલ, પવનભાઈ પરીખ એલઆઈસી એજન્ટ, પ્રતિમાબેન સતીષભાઈ પારેખ જ્ઞાતિ અગ્રણી, શ્યામભાઈ ગાંધી, મેટલ વુડ ફર્નીચર, તથા શ્રેયાંસ મહેન્દ્રભાઈ મહેતા વિકાસ પબ્લીસીટી વિશેષ માહીતી માટે મો. નં. ૯૯૭૯૫ ૧૮૧૪૩ નો સંપર્ક કરવો.

# કાલે જયા એકાદશીના દિવસે ભગવાનને શેરડી ધરાવાનું વિશેષ મહત્વ

## કોઈ ભુલનું પ્રાયશ્ચિત કરવાથી આપના જીવનની દરેક બાધાઓ દૂર થશેઃ જયોતિષ રાજદીપ જોશી

**અબતક, રાજકોટ**

મંગળવારે જયા એકાદશી નું વ્રત અને પૂજન મહા સુદ અગિયારસ ને મંગળવાર તારીખ. ૨૦.૨ના દિવસે જયા એકાદશી છે.જયા એકાદશી નુ પૂજન જયા એકાદશી ના દિવસે સવારના વહેલા ઉઠી નિત્ય કર્મ કરી નિત્ય પૂજા કરી અને એક બાજોટ અથવા પાટલા ઉપર સફેદ અથવા પીળું વસ્ત્ર પાથરી તેના ઉપર સવા મુઠી ચોખાની ઢગલી કરી વિષ્ણુ ભગવાન ની છબી અથવા તો શ્રીકૃષ્ણ ભગવાનને રાખી બાજુમાં ચોખા ઘીનો દીવો કરો અગરબત્તી કરવી ઘરમાં શાલીગ્રામ હોય તો તે પણ રાખવા સાથે અને ચાંદલો ચોખ્ખા કરી તુલસી દલ અર્પણ કરવું ભગવાનને નાડાછડીનું વસ્ત્ર અર્પણ કરવું ભગવાનની છબી ઉપર અથવા શ્રીકૃષ્ણ ભગવાન ઉપર અને શાલીગ્રામ ઉપર અબિલ ગુલાલ કંકુ પધરાવા અગરબત્તીનો ધૂપ આપી નૈવેદ્યમાં શેરડી ને કટકા કરી અને ખાસ ધરાવા સાથે મોતીચૂરના લાડવા પણ ધરી શકાય ત્યારબાદ ઓમ નમો ભગવતે વાસુદેવાય મંત્રની એક અથવા ત્રણ માળા કરવી એકાદશી ની કથા વાંચવી આખો દિવસ ઉપવાસ અથવા એકટાણું રહેવું. બપોરના નિંદ્રા નો ત્યાગ કરવો રાત્રિના ૧૨ વાગ્યા સુધીનો જાગરણ કરવું.

જયા એકાદશીના વ્રત નુ ફળ


આવી રીતના જયા એકાદશી નું વ્રત પૂજન કરવાથી જીવન ની મુસીબતો માંથી મુક્તિ મળે છે .... જે પતિ પત્નીને ભડતુ ન હોય તો આ એકાદશી નો વ્રત કરવાથી પતિ પત્ની વચ્ચેના સંબંધ સારા થશે.... તે ઉપરાંત જીવનમાં કોઈપણ બાધા હોય તે પણ દૂર થાય છે

જયા એકાદશી નો બોધ

કોઈ દિવસ વડીલજનોનું ગુરુજનોનું અપમાન કરવું નહીં જીવનમાં નિયમમાં રહેવું તથા કોઈપણ ભૂલ થઈ ગઈ હોય તો તેનો પ્રાયશ્ચિત કરવું જેનાથી આપના જીવનની દરેક બાધાઓ દૂર થશે આ દિવસે ભગવાનને શેરડી ધરાવાનું મહત્વ ખાસ છે.

-જ્યોતિષી રાજદીપ જોશી

# ભાજપ સરકારના ડુંગળીની નિકાસના નિર્ણયથી લાખો ખેડુતોને થશે ફાયદોઃ અરૂણ નિર્મળ



**અબતક, રાજકોટ**


ભારતભરમાં ડુંગળી પકવતા ખેડૂતો માટે ડુંગળીની નિકાસને ભારતીય જનતા પાર્ટીની સરકારે મંજૂરી આપતા આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, પીયૂષભાઈ ગોયેલ તથા મનસુખભાઈ માંડવિયાજી, પુરુષોત્તમભાઈ રૂપાલાનો આભાર સહ અભિનંદન આપતા ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળ એ જણાવ્યું કે ભાજપ સરકારે લીધેલા નિકાસના આ નિર્ણયથી ભારતભરના ખાસ કરીને સૌરાષ્ટ્રના લાખો ખેડૂતોને ફાયદો થશે. કેન્દ્ર સરકારે ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસને મંજૂરી આપી છે. ગૃહમંત્રી અમિત શાહ અને મનસુખભાઈ માંડવિયાની હાજરીમાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. સરકારના આ નિર્ણયથી સૌરાષ્ટ્ર-ગુજરાત સહિત દેશભરના ડુંગળી પકવતા ખેડૂતોને ફાયદો થશે. ગત ૨૦૨૩ના વર્ષમાં એકાએક ડુંગળીના ભાવ આસમાને જતા કેન્દ્ર સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ડુંગળીના નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો હતો પરંતુ સરકારએ ખેડૂતોની વાચાઓને ધ્યાને લઈને સરકારે તાત્કાલીક ખેડૂતોના હીતમા નિર્ણયને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા ડુંગળીના નિકાસને મંજૂરી આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી ડુંગળી પકવતા ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ છે. સરકારે ખેડૂતોના હિતમાં આ નિર્ણય લીધો છે. સરકારના આ નિર્ણયથી ખેડૂતો ફરીથી નિકાસ કરી શકશે અને અમને આશા છે કે ખેડૂતોને આવતા દિવસોમાં સારા ભાવ મળી રહે. ભાજપ સરકાર હંમેશા ખેડૂતોના હીતનું જ વિચારતા હોય છે. રાજકોટ જિલ્લાના લાખો ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

# કરૂણા ફાઉન્ડેશન અને અર્હમ ગ્રુપના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક માળા તથા કુંડાનું વિતરણ

**અબતક,રાજકોટ**

શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન દ્વારા અર્હમ યુવા સેવા ગ્રુપના સથવારે, રાષ્ટ્રસંત પૂ. નમ્રમૂનિ મહારાજ સાહેબના આશીર્વાદથી પક્ષીઓનાં માળા-પીવાનાં પાણીની કુંડી, રામપાતરનું છેલ્લા આઠ વર્ષથી, બારે મહિના નિઃશુલ્ક વિતરણ થઈ રહ્યું છે.

ગૌમાતા, પશુ-પક્ષીઓની તરસ છીપાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન તથા અર્હમ યુવા ગ્રૂપનાં સંયુક્ત ઉપક્રમે સીમેન્ટની મોટી કુંડીનું ''વહેલા તે પહેલા''ના ધોરણે વિનામૂલ્યે, નિયમાનુસાર, વ્યકિત દિઠ એક કુંડી મળશે (પોતાના વાહનમાં લઈ જવાની રહેશે). કુંડી મેળવવા માટે મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મોઃ૯૯૯૮૦ ૩૦૩૯૩) પર સંપર્ક કરવો. વિવિધ વિસ્તારોના લોકોને આ વિસ્તારનો લાભ મળે તે માટે વિવિધ વિસ્તારોમાં પણ ચકલીના માળા, પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ થઈ રહયું છે.



દરરોજ વિતરણ (૧) એનીમલ હેલ્પલાઈન, મિતલ ખેતાણી, 'જનપથ', તપોવન સોસાયટી ૨નો ખૂણો, સરાઝા બેકરીની બાજુમાં, અક્ષર માર્ગ, રાજકોટ, (૨) 'સત્યમ', ૩-ટાગોરનગર, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ સામે, કાલાવડ રોડ, રાજકોટ ખાતેથી થયેલું છે.

સમગ્ર આયોજન અંગે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, ઘનશ્યામભાઈ ઠક્કર, ધિરેન્દ્ર કાનાબાર, રમેશભાઈ ઠક્કર, પ્રતિક સંઘાણી, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા તથા અર્હમ યુવા સેવા ગ્રુપના તુષારભાઈ મહેતા, સેતુરભાઈ દેસાઈ, ચેતનભાઈ મહેતા, જીમ્મીભાઈ શાહ, નિરવભાઈ અજમેરા તેમજ ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલનો પેરેન્ટીંગ સેમિનાર વાલી અને વિદ્યાર્થીઓ વચ્ચે સેતુ બન્યો

## મોટીવેશનલ સ્પીકર નેહલબેન ગઢવીએ વાલી અને વિદ્યાર્થીઓને કર્યા મોટીવેટ

## સેમિનારમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા






તસવીરઃ જુનેદ જાફાઈ





**રાજકોટ,અબતક**

રાજકોટની પ્રચલિત ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પાછળ હર હંમેશ કાર્યરત રહે છે. ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સ્કિલ ડેવલપમેન્ટના વિવિધ પ્લેટફોર્મ પૂરા પાડે છે.આજના સમયમાં વાલી અને વિદ્યાર્થી વચ્ચેના સેતુ બનવાનું કાર્ય ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલે કર્યું છે.વિદ્યાર્થી અને વાલી બંનેના માનસની એકબીજા પ્રત્યેના વિચારોની આપ લે કરવા હેતુ હેમુ ગઢવી હોલ ખાતે પેરેન્ટિંગ સેમિનાર યોજવામાં આવ્યો હતો.જેમાં ગુજરાતના જાણીતા મોટીવેશનલ સ્પીકર નેહલબેન ગઢવીએ વાલીઓ અને વિદ્યાર્થીઓને મોટીવેટ કર્યા હતા.બહોળી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ સેમિનારમાં હજાર રહ્યા હતા. ક્રિષ્ના સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી તૃપ્તિબેન ગજેરા મોટીવેશનલ સ્પીકર નેહલબેન ગઢવી,રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા વનિતાબેન રાઠોડએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

પેરેન્ટિંગ સેમિનારના વકતા નેહલબેન ગઢવી એ જણાવ્યું હતું કે શિક્ષક તરીકે તેઓની હંમેશા ફરજ રહે છે કે વાલી અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે જ્ઞાન પૂરું પાડવાની સાથે તેમના આત્મીયતાના સંબંધોને પણ ઉજાગર કરવાના રહેતા હોય છે ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલ વાલી અને વિદ્યાર્થીઓ વચ્ચે સેતુ બનીને કાર્ય કરી રહી છે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જેટલો સ્કૂલ તરફથી પ્રયાસ કરવામાં આવે છે એ જ રીતે વાલીઓએ પણ આજના સમયમાં વિદ્યાર્થીઓને ડગલેને પગલે પ્રોત્સાહિત કરવા માટે તત્પર રહેવું જોઈએ કોઈપણ પરીક્ષામાં વિદ્યાર્થી અફળ જાય છે ત્યારે તેને હજુ આગળ મહેનત કરવા પ્રયત્ન કરવાના કાર્યો તરફ વાળવા માર્ગદર્શન પૂરું પાડવા વાલીએ ખડે પગે રહેવું જોઈએ સમાજે વાલીઓએ બાળકોની માનસિક સ્થિતિ ને હંમેશા પ્રોત્સાહિત કરતી રહેવી જોઈએ સમાજે પણ આ વલણને અપનાવું જોઈએ. ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલના મેનેજિંગ ત્રણ ટ્રસ્ટી તૃપ્તિબેન ગજેરા એ જણાવ્યું હતું કે ક્રિષ્ના સ્કૂલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પાછળ હંમેશા કાર્યરત રહી છે વિદ્યાર્થીઓની માનસ અસરને ધ્યાનમાં રાખી આ સેમિનાર યોજવામાં આવ્યો છે વાલી અને વિદ્યાર્થીઓ બંને એક સ્થળ પર ભેગા રહી અને વિચારોની આપ લે કરે બંને એકબીજાની સમજૂતી અને સ્વીકૃતિ સ્વીકારે એવા શુદ્ધ ઉદ્દેશ્યથી આ સેમિનાર યોજવામાં આવ્યો છે નજીકના સમયમાં જ જ્યારે બોર્ડ જેવી પરીક્ષા આવતી હોય છે ત્યારે વિદ્યાર્થીઓ ભય રાખ્યા વગર આનંદ પ્રમોદ થી પરીક્ષા આપે એવા હેતુથી મોટીવેશનલ સ્પીકર પણ તેમને મોટીવેટ કરે છે શાળાના તમામ શિક્ષક ગણે વિદ્યાર્થીઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# બામુલાયજા હોશીયાર... ડેન્ગ્યુ ફેલાવનારા મચ્છરોના ખાતમાં માટે મનપા તંત્રની કવાયત જોરમાં





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૧૧,૨૩૦ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે. તથા ૧૧૦૭ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેન્યુદનશી રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.

આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૧૧૫૩ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂકલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્લેરીક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૩૬૯ અને કોર્મશીયલ ૨૨૭ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

# વધુ એક પેપરલીકઃ એનસીસી સર્ટિફિકેટ માટેનું પેપર ફૂટતા પરીક્ષા કરાઈ રદ્દ

## ભાવનગરમાં પરીક્ષાના કલાક પહેલા જ પેપર ફૂટી જતાં રાજકોટના ૫૦૨ સહીત રાજ્યભરના ૧૨૦૦ કેડેટ્સને ધરમનો ધક્કો

**અબતક, રાજકોટ**

દેશભરમાં જાણે પેપર લીક થવું હવે સામાન્ય બનતું જતું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તાજેતરમાં જુનિયર ક્લાર્ક સહિતના પેપર લીક થયાં બાદ હવે તો એનસીસી સર્ટિફિકેટનું પેપર પણ લીક થયાંનું સામે આવ્યું છે.

ગત રવિવારે દેશભરમાં એનસીસી સર્ટિફિકેટ માટેનું પેપર હતું. જેમાં રાજકોટમાં ૪ બટાલિયનના ૮૨૭ ઉમેદવારોની વિરાણી હાઈસ્કૂલના કેન્દ્ર પરથી પરીક્ષા યોજાવાની હતી. પરંતુ ઉમેદવારો સવારે ૧૦.૩૦ વાગ્યે પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યા ત્યારે પેપર લીક થયું હોવાનું જાણવા મળતાં જ વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો હતો. પેપર લીક થતાં પરીક્ષા રદ કરવામાં આવતા વિદ્યાર્થીઓને રાજકોટ ધક્કો થયો હતો. જેમાં રાજકોટ ઉપરાંત જૂનાગઢ અને સુરેન્દ્રનગરના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા પહોંચ્યા હતા. તો બીજી તરફ ભાવનગરમાં પણ પરીક્ષા રદ કરવામાં આવી હતી. આ પરીક્ષામાં ભાવનગર અને અમરેલીના ૪૪૮ જેટલા કેડેટ પરીક્ષા આપવાના હતા.

રાજકોટ એનસીસી ગૃપના જણાવ્યા પ્રમાણે, શનિવારે ૪ બટાલિયનના વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા લેવામા આવી હતી. બાદમાં રવિવારે થિયરી પરીક્ષા હતી, જે પેપર લીકને લીધે કેન્સલ કરવામાં આવી છે. તમિલનાડુથી પેપર લીક થયા હોવાની માહિતી સામે આવતા દેશનાં તમામ કેન્દ્રો પરથી પરીક્ષા રદ કરવામા આવી હતી.

એનસીસીના સી લેવલ સર્ટિફિકેટની લેખિત પરીક્ષા રવિવારે દેશભરમાં યોજાનાર હતી. જોકે, તમિલનાડુથી પેપર લીક થતાં દેશનાં તમામ કેન્દ્રો પરથી પરીક્ષા રદ કરવામાં આવી હતી. શનિવારે જે પ્રેક્ટિકલ એક્ઝામ હતી, જે ફરીથી લેવાશે કે કેમ તે સવાલ છે. ત્યારે આગામી દિવસોમાં લેખિત પરીક્ષાના નવી તારીખ જાહેર કરવામાં આવશે.

રાજકોટ એનસીસી ગૃપના જણાવ્યા પ્રમાણે, રાજકોટ જિલ્લાની ૨ સહિત જૂનાગઢ અને સુરેન્દ્રનગર એમ ૨ મળી કુલ ૪ બટાલિયનના ૮૨૭ વિદ્યાર્થીઓની પરીક્ષા રાજકોટની વિરાણી હાઈસ્કૂલ ખાતે આજે ગોઠવાઈ હતી. જેમાં રાજકોટના બોયઝ અને ગર્લ્સ બટાલિયનના ૫૦૨ વિદ્યાર્થીઓ, જૂનાગઢ અને સુરેન્દ્રનગરના ૩૨૫ વિદ્યાર્થીઓ એનસીસીની પરીક્ષા આપવા માટે પહોંચ્યા હતા. જોકે, આજે સવારે ૮ વાગ્યા આસપાસ અમદાવાદ હેડ ઓફિસથી માહિતી આપવામાં આવી કે, એનસીસીનું પેપર લીક થયું છે જેથી આ પરીક્ષા હાલ રદ કરવામાં આવે છે. જોકે, પેપર કઈ જગ્યાએથી લીક થયું છે તેની કોઈ જ જાણકારી મળી નથી

વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટમા ગર્લ્સ અને બોયઝના ૫૦૨ સહિત ૮૨૭ વિદ્યાર્થીઓની એનસીસીની પરીક્ષા રાજકોટમા હતી. જેમાં શનિવારે તમામ વિદ્યાર્થીઓની ૧૫૦ માર્કસની પ્રેક્ટિકલ પરીક્ષા લેવામાં આવી હતી. જે બાદ આજે સવારે ૧૦:૩૦થી ૧:૩૦ દરમિયાન ૩૦૦ માર્કસની થિયરી પરીક્ષા ગોઠવાઈ હતી. જેથી તમામ વિદ્યાર્થીઓ સવારે વીરાણી હાઈસ્કૂલ પર પહોચી ગયાં હતા. જોકે વિદ્યાર્થીઓને જયારે કહેવામાં આવ્યું કે, પેપર લીક થયું હોવાથી પરીક્ષા રદ થઈ છે, ત્યારે વિદ્યાર્થીઓમાં રોષ સાથે નારાજગી ફેલાઈ હતી.

# મહાનગરના વોર્ડ-૫ અને ૧૪ના સાડા ચાર હજાર પરિવારો માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા બની લાભનો 'અવસર'

## સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઈ ઠાકરના હાથે થયેલા ઉદ્ઘાટન બાદ કેમ્પમાં માનવ મેદની ઉમટી







**અબતક, રાજકોટ**

વિકસિત ભારતની કલ્પનાને ચરિતાર્થ કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજય સરકાર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભો દરેક ઘર સુધી પહોંચાડવાનાં હેતુથી વિકસિત ભારત સંકલ્પ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવેલ.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની આઠ મહાનગરપાલિકામાં બીજા તબક્કામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરી, સરકારની યોજના દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી આ યોજનાઓના લાભ પહોંચાડવા જણાવેલ છે. જેના અનુસંધાનમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બીજા તબક્કાની વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું તા.૦૬/૦૨/૨૦૨૪ થી તા.૨૫/૦૨/૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૮/૦૨/૨૦૨૪ના રોજ સવારે ૯:૩૦ કલાકે, વોર્ડ નં.૫અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ સામેનું ગ્રાઉન્ડ, સેટેલાઈટ ચોક, પેડક રોડ ખાતે જયારે બપોરે ૩:૩૦ કલાકે વોર્ડ નં.૫ પંડિત જવાહરલાલ નહેરુ શાળા, આર.એમ.સી. સ્કુલ નં.૬૭, માલધારી સોસાયટી મેઈન રોડ, આર.ટી.ઓ. કચેરીની પાછળ, ગાર્ડન રેસ્ટોરન્ટની બાજુમાં, અમદાવાદ નેશનલ હાઈવે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો શુભારંભ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરના વરદ હસ્તે કરવામાં આવેલ.આ વોર્ડમાં યોજાયેલા ઉપરોકત બંને યોજનાકીય કેમ્પમાં સરકારની જનહિતની વિવિધ યોજનાઓનો કુલ૨૧૧૪લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. જેમાં વોર્ડ નં.૫ અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ સામેનું ગ્રાઉન્ડ, સેટેલાઈટ ચોક, પેડક રોડખાતેના કેમ્પમાં ૧૦૧૧ લોકોને અને વોર્ડ નં.૫ પંડિત જવાહરલાલ નહેરૂ શાળા, આર.એમ.સી. સ્કુલ નં.૬૭, માલધારી સોસાયટી મેઈન રોડ, આર.ટી.ઓ. કચેરીની પાછળ, ગાર્ડન રેસ્ટોરન્ટની બાજુમાં, અમદાવાદ નેશનલ હાઈવે ખાતેના કેમ્પમાં ૧૧૦૩ નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ પ્રાપ્ત થયો હતો.

આ કેમ્પમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, અશ્વિનભાઈ મોલીયા, પૂજાબેન પટેલ, રમેશભાઈ પરમાર, ભગવતીબેન ઘરોડીયા, કોર્પોરેટર દિલીપભાઈ લુણાગરીયા, હાર્દિકભાઈ ગોહિલ, રસીલાબેન સાકરીયા, વજીબેન ગોલતર, પરેશભાઈ લીંબાસીયા, દિનેશભાઈ ડાંગર, રાજુભાઈ વેકરીયા, હાર્દિકભાઈ વોરા, પ્રવિણભાઈ સાકરીયા, હંસાબેન ડોડીયા, ભરતભાઈ રાદડીયા, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના ભાજપ પાર્ટીના ઈન્ચાર્જ વિજયભાઈ પાડલીયા, સહ-ઈન્ચાર્જ જે.પી.ધામેચા, નીતિન વાઘેલા તથા રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ બન્ને કેમ્પમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો અને લાભાર્થીઓએ વિકસિત ભારત સંકલ્પ લીધા હતા.

આ વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રૂટવોર્ડ નં.૫ અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ સામેનું ગ્રાઉન્ડ સેટેલાઈટ ચોક, પેડક રોડ, સેટેલાઈટ ચોક-બાલક હનુમાન ચોક-પારૂલ બગીચા વિસ્તારમાં નીકળી હતી. યોજનાકીય કેમ્પમાં કુલ-૧૨૫૦ લાભાર્થીઓ હાજર રહેલ હતાં.

આ વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રૂટવોર્ડ નં.૫ પંડિત જવાહરલાલ નહેરૂ શાળા, આર.એમ.સી. સ્કુલ નં.૬૭, માલધારી સોસાયટી મેઈન રોડ, આર.ટી.ઓ. કચેરીની પાછળ, ગાર્ડન રેસ્ટોરન્ટની બાજુમાં, અમદાવાદ નેશનલ હાઈવે ખાતેશિવ નગર-ધનેશ્વર મહાદેવ મંદિર-હુડકો કવાટર વગેરે વિસ્તારમાં નીકળી હતી. યોજનાકીય કેમ્પમાં કુલ-૧૪૧૩ લાભાર્થીઓ હાજર રહેલ હતાં.

બંને યોજનાકીય કેમ્પમાં સરકારની જનહિતની વિવિધ યોજનાઓનો કુલ૨૫૩૭ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. જેમાં વોર્ડ નં.૧૪ પૃથ્વીરાજ ચૌહાણ આર.એમ.સી. શાળા નં.૪૮, જીલ્લા ગાર્ડનની અંદર, આંબેડકર હોલ પાસે, બાપુનગર રોડ ખાતેના કેમ્પમાં ૧૨૯૧ લોકોને અને વોર્ડ નં.૧૪ પંડિત દિનદયાળ આર.એમ.સી. શાળા નં.૬૫, શ્રમજીવી સોસાયટી, ૪/૬ કોર્નર, ઢેબર રોડ, અંધ મહિલા વિકાસ ગૃહની ખાતેના કેમ્પમાં ૧૨૪૬ નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ પ્રાપ્ત થયો હતો. આમ, વોર્ડ નં.૪માં યોજાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને યોજનાકિય કેમ્પનો કુલ-૨૫૩૭ લાભાર્થીઓએ વિવિધ યોજનાઓનો લાભ લીધેલ હતો.

# સી.જે.ગૃપ સેવામય કાર્ય થકી કાલે ૧૦માં વર્ષમાં કરશે મંગલ પ્રવેશ



**અબતક, રાજકોટ**

છેલ્લા આઠ વર્ષથી વધારે સી.જે. ગ્રુપ રાજકોટના ( એન. જી. ઓ.) માધ્યમથી તેમણે ફક્ત રાજકોટ નહિ, પરંતુ આખા વિશ્વમાં સેવાની સુવાસથી નામના મેળવી છે. પ્રોજેકટમાં હરહમેંશ કશુક અભિનવ પ્રવૃત્તીઓ લઈને આવવાની ચિરાગભાઈની પ્રણાલી છે. તેમના પ્રોજેક્ટો કાબેલે તારીફ અને વંદનીય હોય છે.

તેની સેવાકીય પ્રવૃત્તીઓની ઝલક જોઈએ તો માણસો માટે હરતું ફરતું અન્નક્ષેત્ર, અબોલ જીવોનું અન્નક્ષેત્ર તેમજ ફ્રી શિક્ષણ વર્ગો ચલાવે છે. સમયાંતરે જરૂરિયાતમંદ પરિવારોને ઋતુ મુજબ કપડા, અનાજ, શાલ, ધાબળા જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. ઉનાળામાં પક્ષીઓ માટે કુંડા, માળા, ચણની ડીશ અને પશુઓ માટે પાણીના કેરબા વગેરેનું નિઃશુલ્ક વિતરણ તેમના દ્વારા કરવામાં આવે છે અને ઉનાળામાં જરૂરિયાતમંદોને સ્લીપર, છાશનું વિતરણ અને અગત્યના સ્થળો પર પીવાના પાણીની કુંડીનું વિતરણ પણ કરાય છે. ચોમાસામાં તાલપત્રી, રેઈનકોટ, છત્રી, દવાનું વિતરણ કરવામાં આવે છે. તેમના દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ, આઈ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ વગેરેનું આયોજન સમયાંતરે થાય છે. શિક્ષણ ક્ષેત્રે બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે બાળકોને દત્તક લઈ બાળકોને એજ્યુકેશન કીટ, સ્પર્ધાઓના ઈનામ, સ્કુલોમાં નામાંકિત વકતાઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન પુરૂં પાડવું, સેમિનારો યોજવા વગેરે કામગીરી કરવામાં આવે છે.

ચિરાગભાઈ ધામેચા (જલારામ) સી. જે. ગ્રુપ રાજકોટને નામી-અનામી સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યા છે. સાલ ૨૦૧૨માં ચિરાગભાઈને યુ.કે.ની

### ચિરાગ ધામેચાએ બે-બે એવોર્ડ લઈ વધાર્યું ગુજરાતનું ગૌરવ

સંસ્થા શ્રી લાખાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ભારતભરના ગુજરાતીઓમાંથી સેવાકીય પ્રવૃત્તીઓ માટે ''વન મેન શો'' એવોર્ડ પણ મેળવેલ છે. એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. ૨૦૧૭માં ત્યાગવલ્લભ સ્વામીજીના હસ્તે ''સેવા રત્ન એવોર્ડ'' કરેલ છે જે તેમણે પરિવારને અર્પણ કરેલ છે.

કાલે મંગળવારના રોજ સી. જે. ગ્રુપને ૯ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે ૧૦માં વર્ષના પ્રવેશ સમયે તેમની આશા છે કે જીવનપર્યંત હંમેશાની જેમ તેઓ નિસ્વાર્થ સેવાના કાર્યો કરતા રહે. તેમને સોનેરી અવસર પર આપને પણ તેમના મો.નં.૯૪૨૮૨ ૩૧૨૭૧ પર શુભેચ્છાઓ પાઠવવા અનુરોધ કરેલ છે.

# વિંછીયાઃ કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે મંજુર થયેલા કાર્યોનું મુખ્યમંત્રીએ કર્યુ ઈ-લોકાર્પણ



**અબતક, અપ્પુ જોશી,બાબરા**

જસદણ વિછીયા મુકામે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજી ભાઈ બાવળિયાના મહેનતથી લોકોની સુખાકારી માટે જે કામો સરકાર માંથી મંજૂર કરાવ્યા હતા તેનું આજે વિછીયા મુકામે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઈ લોકાર્પણ અને ખાતમુરત કરવામાં આવ્યા હતા અને મુખ્યમંત્રીશ્રીએ લોકોને જાગૃત થાવા અપીલ કરી હતી કે છેવાડાના ગામડાઓમાં જે કાંઈ ઘટતી વસ્તુઓ વિકાસલક્ષી રહી જાતિ હોય તે સરકારના ધ્યાને મૂકવું જેથી કરી ઝડપથી તે કામોની નિકાલ કરવામાં આવે અને લોકોને વધુમાં વધુ સરકારની સુવિધાઓ મળે વધુમાં બાવળીયા સાહેબે જસદણ વીંછીયાના સરકાર દ્વારા આપેલા કામો માટે મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો આ તો કે ઉપસ્થિત અમરેલી જિલ્લા પંચાયતના સભ્યનીતિનભાઈ રાઠોડ સુખપર સરપંચ વલ્લભભાઈ બારૈયા લીંબાળી જિલ્લા પંચાયતના સભ્યો વાલજીભાઈ જાદવ બોટાદ શિક્ષણ સમિતિના ચેરમેન પ્રભાતભાઈ ચોટીલા કોળી સમાજના ગરણી સુરેશભાઈ ધરજીયા ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

# બેંક ઓફ બરોડા દ્વારા ભાવના મેગેઝીનનો પ્રથમ અંક પ્રસિધ્ધી




**અબતક, રાજકોટઃ** બેંક ઓફ બરોડા ભાવનગર રીજીયન દ્વારા સુશાંતા કુમાર મોહંતી (ઝોનલ હેડ અને જનરલ મેનેજર, રાજકોટ ઝોન) દ્વારા સ્ટાફગણ તથા આમંત્રિતોની ઉપસ્થિતિમાં ભાવના મેગેઝીનના પ્રથમ અંક પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

# ગંજીવાડાના પૂર્વ મંગેતરે બદનામીની ધમકી આપતા યુવતિએ ફિનાઈલ પીધુ

## ભાઈ-બહેનની સામ-સામી કરેલી સગાઈ તોડ્યા બાદ ભર્યું પગલું

**અબતક, રાજકોટ**

શહેરના ગંજીવાડા વિસ્તારમાં રહેતી પરિવારજનોએ ભાઈ-બહેનની સગાઈ તોડી નાખ્યા બાદ જામનગર સ્થિત યુવકે યુવતિ નું બળજબરીથી અપહરણ કરી નિકાહ પઢી બદનામ કરવાની ધમકી આપતા યુવતિએ ફિનાઈલ પી લેતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના ગંજીવાડા વિસ્તારમાં રહેતા પરિવારની ૧૯ વર્ષીય યુવતિએ ફિનાઈલ પી લેતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. આ બનાવની જાણ પોલીસને થતા દોડી જઈ પ્રાથમિક તપાસમાં ફીનાઈલ પી લેનાર યુવતિ અને તેના ભાઈની જામનગર ખાતે વેપારી પરિવારની પુત્રી અને પુત્ર સાથે સગાઈ થઈ હતી બાદ ભાઈની સગાઈ સામે વાળાએ તોડી નાખતા આથી યુવતિના પરિવારજનોએ પોતાની પુત્રીની સગાઈ તોડી નાખતા સામાવાળા યુવકે મંગેતરને ફોન કરી અન્ય સ્થળે બોલાવી અપહરણ કરી છરી દેખાવી નિકાહ કરી સમાજમાં બદનામીની ધમકી આપતા ફીનાઈલ પી લીધાની જણાવ્યું હતું. પોલીસે જામનગર સ્થિત ઓસામ સલીમ કોલીયા સામે કાર્યવાહી હાથધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ખેડૂત આંદોલન

એજન્સીઓ દ્વારા ૪ પાકને પાંચ વર્ષ માટે લઘુત્તમ ટેકાના ભાવે ખરીદવાની દરખાસ્ત કરવામાં આવી છે. નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર ફેડરેશન ( એનસીસીએફ) અને નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ( નાફેડ) જેવી સહકારી સંસ્થાઓ દાળ, અડદ, મસૂર, કપાસ અથવા મકાઈ ઉગાડતા ખેડૂતો સાથે કરાર કરશે.

તેમનો પાક આગામી પાંચ વર્ષ માટે એમએસપી પર ખરીદવામાં આવશે. ખેડૂત નેતાઓએ કહ્યું કે તેઓ આગામી બે દિવસમાં સરકારની દરખાસ્ત પર તેમના ફોરમ પર ચર્ચા કરશે અને પછી ભવિષ્યની યોજનાઓ નક્કી કરશે. કેન્દ્રના પ્રસ્તાવ પર ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે કહ્યું, અમે ૧૯-૨૦ ફેબ્રુઆરીએ અમારા ફોરમ પર તેની ચર્ચા કરીશું અને આ સંદર્ભે નિષ્ણાતોના અભિપ્રાય લઈશું અને તે મુજબ નિર્ણય લઈશું. એટલે કે આજે અને આવતીકાલે ચર્ચા કર્યા બાદ કોઈ પરિણામ આવવાની શક્યતા છે.

### મોદી ગલ્ફ દેશ

(પીઆઈઓ) મળીને ભારત માટે રેમિટન્સના સૌથી મોટા સ્ત્રોતનું પ્રતિનિધિત્વ કરે છે. ૨૦૨૧-૨૨માં ભારતને મળેલા ૯૦ બિલિયન ડોલરમાં ગલ્ફ દેશોનો લગભગ ૩૦% હિસ્સો હતો જેમાં યુએઈનો હિસ્સો ૧૮% હતો.

ઈરાક સહિતના ગલ્ફ દેશો ભારત માટે તેલ અને ગેસનો એક મહત્વપૂર્ણ અને વિશ્વસનીય સ્ત્રોત છે, જે ભારતની લગભગ ૬૦% તેલ જરૂરિયાતો પૂરી પાડે છે. કતાર એલએનજી અને એલપીજી બંનેનો ભારતનો સૌથી મોટો સ્ત્રોત છે. ભારતના વિસ્તૃત પડોશનો એક ભાગ, ગલ્ફ દેશોનો બ્લોક એકંદરે ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. સાઉદી અરેબિયા પછી યુએઈ ભારતનું ત્રીજું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. ભારતમાં વિશાળ મુસ્લિમ સમુદાયને જોતાં, તે આરબ વિશ્વ સાથે મજબૂત સંબંધો રાખવા માટે નવી દિલ્હીના હિતોને પણ સેવા આપે છે. આમાંના કેટલાક મૈત્રીપૂર્ણ રાજ્યોની હાજરી પણ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનમાં પાકિસ્તાન-પ્રાયોજિત ભારત વિરોધી એજન્ડાને હળવી કરવામાં મદદ કરે છે.

ગલ્ફ સાથે ભારતની જોડાણમાં તાજેતરના વર્ષોમાં પરિવર્તન આવ્યું છે, જેનો પુરાવો વેપાર, રોકાણ અને સંરક્ષણ સંબંધોમાં વધારો થયો છે. તે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ભારતની સ્વીકૃતિ પણ છે જે કોઈપણ આંતર-જીસીસી તકરાર અથવા દુશ્મનાવટમાં દખલ કરતું નથી.

ભારતના ઈનવર્ડ રેમિટન્સમાં ગલ્ફ દેશોનો હિસ્સો લગભગ ૩૦% હતો ૫ ગલ્ફ રાષ્ટ્રો (યુએઈ, સાઉદી અરેબિયા, કુવૈત, ઓમાન, તતાર) ભારત માટે રેમિટન્સના ટોચના ૧૦ સ્ત્રોતોમાં સામેલ છે. જ્યારે યુએસ એકમાત્ર સૌથી મોટો સ્ત્રોત છે, ત્યારે બહેરીન સહિતના ગલ્ફ દેશો ભારત માટે સૌથી વધુ રેમિટન્સનો હિસ્સો ધરાવે છે.

યુએઈ, ભારત માટે ચોથા સૌથી મોટા ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ સ્ત્રોતે ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ૭૫ બિલિયન ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે. નોંધપાત્ર રીતે, ગયા વર્ષે શ્રીનગરમાં પ્રથમ ભારત-યુએઈ ઈન્વેસ્ટમેન્ટ સમિટ યોજાઈ હતી જ્યાં ઈએમએઅઆર જૂથે જણાવ્યું હતું કે તે ત્યાંના કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં રૂ. ૫૦૦ કરોડનું રોકાણ કરશે.

### પાકિસ્તાન

પાર્ટીએ ૮ ફેબ્રુઆરીએ યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ધાંધલધમાલ અને પાર્ટીને આપવામાં આવેલ જનાદેશ છીનવી લેવાના વિરોધમાં દેશવ્યાપી વિરોધ શરૂ કર્યો છે.

અહેવાલ અનુસાર, રાવલપિંડીના પૂર્વ કમિશનર ચઠ્ઠાએ કહ્યું, હું આ ખલેલની સંપૂર્ણ જવાબદારી લઉં છું અને કહી રહ્યો છું કે મુખ્ય ચૂંટણી કમિશનર અને મુખ્ય ન્યાયાધીશ આમાં સંપૂર્ણ રીતે સામેલ છે.ચઠ્ઠાએ ચૂંટણી પરિણામો સાથે ચેડાં કરવાની 'જવાબદારી' લઈને પદ પરથી રાજીનામું આપી દીધું હતું. પાકિસ્તાનના ચૂંટણી પંચએ મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ ચઠ્ઠા દ્વારા લગાવવામાં આવેલા આરોપોને સખત રીતે ફગાવી દીધા છે. ઈસીપીએ આરોપો પર ચર્ચા કરવા માટે એક તાકીદની બેઠક યોજી હતી અને આરોપોની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર સિકંદર સુલતાન રાજાએ વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠકમાં હાજરી આપી હતી. બીજી તરફ, રાવલપિંડીના નવનિયુક્ત કમિશનર સૈફ અનવર જપ્પાએ સામાન્ય ચૂંટણીમાં ધાંધલધમાલ અંગે ભૂતપૂર્વ કમિશનર દ્વારા કરવામાં આવેલા તમામ આરોપોને ફગાવી દીધા હતા. તેમણે સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણીમાં કમિશનરની ભૂમિકા માત્ર સંકલનની જ હોય છે. હેરાફેરીના દાવાઓ પાયાવિહોણા છે.

### અર્થતંત્ર ટનાટન

દેશની વેપાર ખાધ ૨૦૬ બિલિયન ડોલર રહી છે. ગયા નાણાકીય વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં તે ૨૨૯ બિલિયન ડોલર હતું. આ સમયગાળા દરમિયાન, સર્વિસ સેક્ટરની ચોખ્ખી નિકાસ એક વર્ષ અગાઉ ૧૧૭ બિલિયન ડોલરથી વધીને ૧૩૮ બિલિયન ડોલર થઈ ગઈ છે.

વિદેશી રોકાણના મામલે પણ રાહત આપવામાં આવી રહી છે. ચાલુ નાણાકીય વર્ષમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ અને વિદેશી પોર્ટફોલિયો રોકાણ બંનેમાં વધારો થયો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં એફડીઆઈનો આઉટફ્લો હોવા છતાં ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં એફડીઆઈનો પ્રવાહ સારો રહ્યો હતો. એફપીઆઈ પણ એકંદરે હકારાત્મક રહે છે. જો કે, વધુ સારા વિદેશી રોકાણના ડેટા રૂપિયાને થોડી મદદ કરી શકે છે, કારણ કે સેન્ટ્રલ બેંક આ તકનો લાભ લઈ ફોરેન એક્સચેન્જ રિઝર્વને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, જે ૯ ફેબ્રુઆરી સુધીમાં ૬૧૭ બિલિયન ડોલર હતું.

આ આંકડાઓને કારણે ઘણા નિષ્ણાતો આગાહી કરી રહ્યા છે કે ચાલુ ખાતાની ખાધ નિયંત્રણમાં રહેશે. ગોલ્ડમેન સેક્સે જાન્યુઆરીમાં કહ્યું હતું કે આ નાણાકીય વર્ષમાં ભારતની ચાલુ ખાતાની ખાધમાં ઘટાડો થવાની ધારણા છે. એચડીએફસી બેંકનો અંદાજ છે કે સીએડી જીડીપીના ૧ ટકાથી નીચે છે. આઈડીએફસી ફર્સ્ટ બેન્ક ૧ થી ૧.૨ ટકા અને કોટક મહિન્દ્રા બેન્ક ૧.૧ થી ૧.૪ ટકા રહેવાની ધારણા છે. ચાલુ નાણાકીય વર્ષમાં ક્રૂડ ઓઈલના નીચા આયાત બિલથી પણ ભારતને મોટી મદદ મળી રહી છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### મંજૂરીની મહોર.....

આવેલી વિવિધ વિકાસલક્ષી યોજનાના વખાણ કર્યા હતા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને શુભકામના પાઠવી હતી. બીજી તરફ વિરોધ પક્ષના બંને નગરસેવકોએ બજેટમાં મૂકવામાં આવેલી યોજનાઓ પર અર્થમાં સાકાર થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી. બજેટને બોર્ડમાં બહાલી આપવામાં આવી છે.

### વિપક્ષી નેતા....

સમગ્ર શહેરમાં ડી.આઈ. પાઈપલાઈનના કામો છેલ્લા દસક માસથી ટલ્લે ચડી રહ્યા છે જેમાં શાસકો અને કમિશ્નરનું સંકલનના અભાવે રાજકોટની જનતા તરસી રહે છે અને વારંવાર પાણીકાપ, ગંદા પાણી, ગટરનું પાણી ભળી જવા વગેરે જેવા પ્રશ્નોથી જનતાની રોજીંદી સમસ્યા થઈ ગઈ છે. આ પ્રત્યે હવે ભગવાન શ્રી રામ કોઈ ઉકેલ લાવે તેવી જનતાના હિતમાં હું પ્રાર્થના કરું છું.

(૧૧માંપાનાનું ચાલુ)

### સીટી સ્કેન સેન્ટ...

ડો.આર.એસ.ત્રિવેદીના જણાવ્યા મુજબ સિવિલ હોસ્પિટલમાં જી.ઈ.વિપ્રો ૧૨૮ સ્લાઈસ સીટી સ્કેનર મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે, જેની કિંમત આશરે છ કરોડ છે. આ મશીન થકી ફૂલ બોડી સ્કેન, હેડ સ્કેન, એન્જીઓગ્રાફી, અદ્યતન ઈમેજીંગ (કાર્ડિયાક, પરફ્યુઝન, ઈન્ટરવેન્શન પ્રક્રિયા, કાર્ડિયાક કેલ્શિયમ) વગેરેનું હાઈ-સ્પીડ રેપીડ સ્કેનીંગ કરી શકાશે, તેમજ હાઈ રેઝોલ્યુશન ઈમેજ જનરેટ કરી શકાશે, આ સવલતોથી વધુ સારૂં નિદાન ગણતરીના સમયમાં કરી શકાશે. આ સુવિધા ઉપલબ્ધ થવાથી હવે સીટી સ્કેન માટે દર્દીઓને અન્ય ખાનગી લેબોરેટરીમાં જવું નહિ પડે, દર્દીઓને એક જ છત્રછાયા નીચે નિદાન તેમજ સારવાર મળી રહેશે.

(બારમા પાનાનું ચાલું)

### જ્યાં ત્યાં પિચકારી

માધ્યમથી કુલ ૯૪૧ સફાઈ કામદારોનું સફાઈની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે, તેમજ તા.૧૭-૦૨-૨૦૨૪ તથા ૧૮-૦૨-૨૦૨૪ ના રોજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૧૭ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી. આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં નિવારણ કરવામાં આવેલ હતું.

કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝના હેઠળ કંટ્રોલ સેન્ટરનાં નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

### પ્લાસ્ટીક વેચનારાઓ પર દંડ

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં તા.૧૮-૦૨-૨૦૨૪ અને ૧૯ના બે દિવસના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૫ આસામીઓ પાસેથી ૧૨ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ.૧૮૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૦૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૮૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૦ આસામીઓ ૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૫૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૧.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૫૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિ. કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

### લોકેશજી

ભાગ છે. તેમણે કહ્યું કે જૈન ધર્મમાં ભગવાન શ્રી રામનું એ જ સ્થાન છે જે પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાન ઋષભ અને ભગવાન મહાવીરનું છે.

# વિશ્વપ્રસિદ્ધ જૈનાચાર્ય વિદ્યાસાગરજી મહારાજ છત્તીસગઢમાં કાળ ધર્મ પામ્યા

## ચંદ્ર ગીરી તીર્થ ખાતે સંથારા સાથે દેહ ત્યાગ, અંતિમ વિદાયમાં હજારોની મેદનીના શ્રદ્ધા સુમન, વડાપ્રધાન ગૃહ મંત્રીએ આપી ભાવભરી અંજલી

**અબતક રાજકોટ**

ભારત સહિત વિશ્વભરના જૈન સમાજમાં પૂજનીય આચાર્ય વિધા સાગરજી મહારાજનો ચંદ્રગીરી તીર્થ ખાતે સંથારા સાથે દેહ ત્યાગતા ભારે ગમગીની ભર્યું વાતાવરણ ઊભું થયું હતું. આચાર્ય વિદ્યાસાગરજી મહારાજ રવિવારે છત્તીસગઢના રાજનંદ ગામ જિલ્લાના ડુંગરગઢમાં ચંદ્રગીરી તીર્થ ખાતે સંથારાને કાળ ધર્મ પામ્યા હતા તે આચાર્ય જ્ઞાન સાગરજીના શિષ્ય હતા જ્યારે આચાર્ય જ્ઞાન સાગર એ સમાધિ લીધી ત્યારે તેમણે આચાર્ય પદ વિદ્યાસાગરજીને સોંપ્યું હતું તે સમયે વિદ્યાસાગરની ઉંમર ૨૬ વર્ષની હતી વિદ્યાસાગર ૨૨ નવેમ્બર ૧૯૭૨ના રોજ આચાર્ય પદ ધારણ કર્યું હતું. આચાર્ય જ્ઞાન સાગર હજી જેમ જ વિદ્યાસાગરજી મહારાજ પણ ત્રણ મહિલા પહેલા આચાર્ય પદ્મ ત્યાગ કરી શિષ્ય સમયસાગરજીને આચાર્ય પદ્માવ્યું હતું ૬ ફેબ્રુઆરીના રોજ આચાર્ય વિદ્યાસાગર સમય સાગર અને મુની યોગસાગરને એકાંતમાં બોલાવીને જવાબદારી સોંપી હતી. આચાર્ય વિદ્યાસાગરજી મહારાજનું જન્મ કર્ણાટકના બેલગામમાં ૧૦



ઓક્ટોબર ૧૯૪૬ના શરદ પૂર્ણિમાના દિવસે થયો હતો આચાર્ય વિદ્યાસાગરજી મહારાજના ત્રણ ભાઈઓ અને બે બહેનો છે, ત્રણ ભાઈઓમાંથી બે ભાઈ જૈનમૂની બન્યા છે અને એક ભાઈ મહાવીર પ્રસાદ પણ ધાર્મિક કાર્યમાં જોડાયેલા છે દિગંબર જૈન આચાર્ય વિદ્યાસાગર શનિવારે રાત્રે મહાપરિયાણ કર્યું હતું. ૭૮ વર્ષના આચાર્ય છત્તીસગઢના ડુંગર ગઢમાં ચંદ્રગીરી દેશમાં રાત્રે બે ૩૫ કલાકે સમાધિ લીધી હતી તે થોડા દિવસથી અસ્વસ્થતાના આભાસ થતા ત્રણ દિવસ પહેલા અંજળનો ત્યાર કરીને મોન ધારણ કરી લીધું હતું. રવિવારે બપોરે ૨:૩૦ વાગે અંતિમવિધિ કરાઈ હતી છતીસગઢ સરકાર રવિવારે અડધા દિવસનું રાજકીય શો ક જાહેર કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને અમિત શાહે આચાર્ય વિદ્યાસાગરજીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા ૨૨ વર્ષની વહીએ તેઓ સંત બન્યા હતા આચાર્યના જન્મ સ્થળ મસ્જિદની બહાર મુસ્લિમ સમાજે પણ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. આચાર્યનો જન્મ ૧૦ ઓક્ટોબર ૧૯૪૭ ના રોજ થયો હતો અને સમાધિ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૦ ના નિર્ધારી હતી આચાર્યના કાળ ધર્મના સમાચારથી સમગ્ર વિશ્વના તેમના અનુયાયો એ આત્કો અનુભવ્યું હતું

આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ જાહેરાત કરી હતી કે તેમના દ્વારા સ્થાપિત ''આચાર્ય લોકેશ સેવા સદભાવના ટ્રસ્ટ'' વિશ્વભરનાં ભક્તોની સુવિધા માટે અયોધ્યામાં ૨૪ તીર્થંકરોના નામ પર ''સદભાવના સદન''નું નિર્માણ કરશે, જેમાં ભક્તોને સુવિધા મળશે. તેમણે કહ્યું કે અયોધ્યાજીનું હિન્દુ ધર્મ ઉપરાંત જૈન, બૌદ્ધ અને શીખ ધર્મમાં સમાન મહત્વ છે. તેમણે કહ્યું કે અયોધ્યાજી ચાર તીર્થંકરોનું જન્મસ્થળ પણ છે, તેથી શ્રી રામ મંદિરનાં નિર્માણ બાદ વિશ્વભરમાંથી જૈન ભક્તો મોટી સંખ્યામાં અયોધ્યા પહોંચી રહ્યા છે.

જાણીતા કાર્ડિયોલોજિસ્ટ અને સ્માર્ટ વિલેજ મૂવમેન્ટ, યુએસએના વડા ડો. અનિલ શાહે જણાવ્યું હતું કે, સ્માર્ટ વિલેજ મૂવમેન્ટ અયોધ્યામાં લોક કલ્યાણની યોજનાઓ ચલાવવા માંગે છે જેથી કરીને અયોધ્યા અને આસપાસના ગ્રામીણ વિસ્તારના લોકો શિક્ષણ, દવા જેવી પ્રાથમિક સુવિધાઓ આજીવિકા અને વીજળી-પાણી વગેરે સરળતાથી મેળવી શકે. તેમણે કહ્યું કે શ્રી રામ મંદિરનાં નિર્માણ પછી સમગ્ર વિશ્વમાં અયોધ્યાજીનાં વિકાસ તરફ એક નવું આકર્ષણ ઊભું થયું છે અને સ્માર્ટ વિલેજ આંદોલન પણ અયોધ્યાજીનાં વિકાસમાં સક્રિયપણે યોગદાન આપશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ચાર લોકોના મોત...

પરિવારના ચાર લોકો ના મોત થયા હતા ત્યારે એક વ્યક્તિ મોટો દીકરો નીલકંઠ જીતેન્દ્રભાઈ નો ચમત્કારિક આબાદ બચાવ થયો હતો ત્યારે હાઈવે પરથી કાર પસાર થઈ રહી હતી તે સમયે ઈકો કાર પલટી મારી જતા કારમાં સવાર ચાર લોકોના મોત થયા હતા. જ્યારે હાઈવે પર અકસ્માત સર્જાતા લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા. ૧૦૮ અને પોલીસને જાણ કરવામાં આવતા ઘટના સ્થળ પર બચાવ ટીમ પહોંચી ગઈ હતી અને તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચીને ડેડ બોડી નો કબજો લઈને મૃતકો ને પી એમ માટે ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલમાં ખાતે ખસેડવામાં આવી હતી જેમાં તાલુકા પોલીસ અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ ધાંગધ્રા તાલુકા પોલીસ ચલાવી રહી છે

### ત્રણના મોત....

ખસેડાયા હતા. જયાં આજે સવારે સારવાર દરમિયાન મૃત્યુ નિપજતાં ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.જૂના માર્કેટીંગ યાર્ડ પાછળ ભીમરાવનગરમાં રહેતાં વલકુભાઈ હકાભાઈ ખાચર નામના પ્રોઢ જાની વડલા ગામે તેના ભાણેજના લગ્નમા બાઈક લઈ ત્યાં જતા હતા ત્યારે રામપરા (બેટી) પાસે રોંગ સાઈડમાંથી માતેલા સાંઢની જેમ ધસી આવેલા ડમ્પરે હડફેટે લેતાં ગંભીર ઈજા સાથે સિવીલમાં ખસેડાયાં હતા. જયાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. રાજકોટના મવડી વિસ્તારના ફાયરબ્રિગેડ નજીક નવલનગરમાં રહેતા હિતેન્દ્રસિંહ પ્રવીણસિંહ ઝાલા અને મિત્રો સાળંગપુર હનુમાનજીના દર્શન કરવા કારમાં જતા હતા તે વખતે જસદણ વીછીયા રોડ પર આવેલા લીલાપુર ગામ નજીક સામે આવતી કાર સાથે ટકરાતા સાથે અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં બન્ને ગાડીઓના કુલ આઠને ગંભીર ઈજા થઈ હતી. જેને સારવારમાં જસદણ ખસેડવામાં આવ્યા હતા અને એ પછી રાજકોટ રિફર કરવામાં આવ્યા હતા. કમનસીબ બનાવમાં હિતેન્દ્રસિંહ (ઉ.વ.૪૦)નું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નીપજ્યું હતુ.

### એકનું મોત.....

હતી. તમામ ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે અમરેલીની સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. રાજુલામાં રહેતા કિશોર પરષોત્તમ જાની નામના ૫૭ વર્ષીય આધેડ ગત તા ૧૧ ને પોતાનું બાઈક લઈને જતા હતા ત્યારે અજાણ્યા બાઈક ચાલકે ઠોકરે ચડાવતા ગંભીર ઈજાગ્રસ્ત બનેલા આધેડને પ્રથમ રાજુલા બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનું આજે મોત નિપજ્યું છે.

### બે યુવકના મોત...

( ઉંમર વર્ષ ૨૫ )નુ ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જેમાં વિક્રમભાઈ મનજીભાઈ કડમિયાને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેઓનું સારવાર દરમિયાન મોત થવા પામ્યું હતું. આ ગોઝારા અકસ્માતમા બંને યુવકનું મોત થતા નાના એવા તલસાણા ગામમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

### ચાલકનું મોત...

બોલેરો જીપ રજી નંબર-જીજે-૧૮-જીબી-૫૫૮૦ ના ચાલક તેની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આવી આગળ જતી ફોર વ્હીલ ગાડીને ઓવરટેક કરતા ફરીયાદીના પિતાના મો.સાયકલ સાથે અકસ્માત કર્યો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલક હીરાભાઈ બચુભાઈ રજોડીયાને માથાના ભાગે તથા જમણા પગના ભાગે ગંભીર ઈજા થતા પ્રથમ મોરબી સરકારી હોસ્પિ. બાદ ત્યાથી વધુ સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પીટલ ખાતે સારવારમા દાખલ કરતા ત્યા તેમનું ટૂંકી સારવારમાં મૃત્યુ નિપજતા હાલ મરણ જનારના

### યુવકનું મોત...

ડોક્ટરે યુવાનને મૃત જાહેર કર્યો હતો. ૩૫ વર્ષીય પંકજના મોતથી પરિવાર પર આભ ફાટ્યું છે. આ અંગે મૃતકનાં પત્ની દીપ્તિબેન જોશીએ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અન્ય બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

### પતિનું મોત...

મોટરસાયકલ કાઢવા ગયા ત્યારે અચાનક ટ્રક ચાલકે પોતાનો ટ્રક ડાભી બાજુ દબાવતા આ ટ્રક દેવાભાઈના બાઈક સાથે અથડાઈ જતા તેઓ તથા તેમના પત્ની અને પુત્રી પડી ગયા હતા અને ટ્રકના પાછળના જોટાનું ટાયર ફરી વળતા ઘટના સ્થળે જ દેવાભાઈનું મોત નીપજ્યું હતું.

### એક દરોડાનો દોર....

મોબાઈલ ઉપર પોતાના માણસો રાખી જુનાગઢ શહેર અને આજુબાજુના વિસ્તારોમાંથી વરલી મટકાના આંકડા ફોન ઉપર લખી જુગાર ચલાવતો હોવાની માહિતી મળતા રવિવારની બપોરે સ્ટેટ મોનેટરીંગ સેલના સ્ટાફે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં મિતેશ અઢિયા અને વરલી મટકાના હિસાબના રૂપિયા હેરફેર કરનાર બ્રિજેશ વિનોદભાઈ પાઘડારને ઝડપી લેવામાં આવ્યો હતો અને તેની પાસેથી રૂપિયા ૫૯,૫૨૦ની રોકડ રકમ, રૂપિયા ૧૦,૦૦૦નો મોબાઈલ ફોન, વરલી મટકા લખેલ ચોપડા બે અને કેલ્કયુલેટર મળી કુલ રૂપિયા ૫૯૫૪૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં આ ઈસમ ક્રિકેટ સટ્ટાનું રેટિંગ ચલાવતો હોવાનું પણ ખુલ્યું હતું.

આ શખ્સ ઉપરાંત હાજર નહીં મળી આવેલા તેના કમિશન એજન્ટો શાહનવાજ, નેહલભાઈ, અબુભાઈ, જાવીદ, કિશોરભાઈ(વલસાડ), અપુભાઈ (પુણે), મુકેશભાઈ (આણંદ), નાસીર ભાઈ (સાવરકુંડલા), મોઈનભાઈ (દેરડી), અસલમ મામુ (જુનાગઢ), મૌલિકભાઈ (જેતપુર) તેમજ વરલી મટકાના આંકડાના કપાત આપનાર અને ક્રિકેટ સટ્ટાની આઈડી ઉપર રમનાર જુનાગઢનો ઈસમ તેમજ સંજયભાઈ (જેતપુર), જૂનાગઢનો ફિરોજભાઈ, આરીફભાઈ, બચુભાઈ, રાકેશભાઈ, પુણેનો સચીનભાઈ, ધોરાજીવાળો ઈસમ, વિસાવદરનો બાનાભાઈ, પુણેનો સાઈરામ, જૂનાગઢનો કાલુભાઈ, પુણેનો કરીમબાપુ, જુનાગઢનો ટીનાભાઈ, ઈમુભાઈ, અજીતભાઈ, ઈરફાનભાઈ, જમનભાઈ, પિયુષ, રાજુભાઈ, સમીરભાઈ અને સુરેન્દ્રનગરનો વિરાટભાઈ, જૂનાગઢવાળો ઈરફાન, જમનભાઈ, પિયુષભાઈ, રાજુ તેમજ આશીફના નામ નામ ખુલતા તમામની સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ગત સપ્તાહમાં જેતપુર શહેરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનની નાક નીચેથી સ્ટેટ મોનેટરિંગ સેલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં વરલી ફીચરના જુગાર રમાડનાર સહિત ૧૨ શખ્સોની ધરપકડ કરી રૂ.૩૭,૫૧૦ રોકડ સહિત રૂ. ૧,૮૯,૦૧૦ સાથેનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નવાગઢ વિસ્તારમાં રોડ ઉપર આવેલ એસ.બી.આઈ.બેન્કની બાજુમાં જાહેરમા વરલી મટકાના આંકડા લખવા માટે મુખ્ય આરોપીએ બધી વ્યવસ્થા ગેરકાયદેસર રીતે ગોઠવી હતી.આ બાતમી ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગને મળતા તેમની ટીમ દ્વારા દરોડો પાડતા ઉદ્યોગનગર પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા. મુખ્ય આરોપી જુગારની પ્રવુતિ ચલાવનાર અફજલ બાલાણીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે વરલી મટકા ચલાવનાર નાસીર દાદભાઈ ખેરાણી,વરલી ફીચર લખનાર, કિશોર ત્રિભુવનભાઈ પટેલ, દીપક વિનુભાઈ બગડા, મોસીન દાદાભાઈ ખીરણી,જુગાર રમવા આવનાર રતિભાઈ જીકાભાઈ રાઠોડ, વિપુલ નાગજીભાઈ મકવાણા, આઝાદ મોહમ્મદભાઈ લાખાણી, દિપક ભુપતભાઈ કુંભાણી, જગુભાઈ ખીમભાઈ સોલંકી, ખીમજીભાઈ પોપટભાઈ માયાણી, દડુભાઈ રુખડભાઈ વાંક, રાજુ ભાણુભાઈ સરવૈયા, મળી કુલ ૧૨ જેટલા આરોપી ઓ સ્ટેટ મોનીટરીંગ દ્વારા ઝડપી ઉદ્યોગ નગર પોલીસને સોંપવામાં આવ્યા હતા.

### ડુંગળીની નિકાસ....

થયા હતા ત્યારે ગોંડલ અને મહુવામાં ખેડૂતોએ નેશનલ હાઈવે બંધ કરીને ચક્કાજામ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યો હતો. લાલ ડુંગળીએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા હતા. એક બાજુ સરકારે ડુંગળીની નિકાસ બંધ કરતાં એક જ દિવસમાં ભાવમાં કડાકો થયો હતો. ડુંગળીની નિકાસ બંધ થતાં અનેક દિવસ બજારમાં હરાજી બંધ રહી હતી. આજે ડુંગળીની હરાજી ફરી શરૂ થતાં ભાવ ગગડી ગયા છે. ડુંગળીના ભાવ રાતોરાત ગગડી જતાં ખેડૂતોએ સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

# રાજકોટના સમાજ શ્રેષ્ઠી રસીકભાઈ મહેતાના પત્નીનું નિધન

**રાજકોટ:** રાજકોટના જાણીતા સમાજ શ્રેષ્ઠી રસીકભાઈ મહેતાના પત્ની મંજુલાબેન (ઉ.વ.૮૩) નું તા. ૧૯-૨ ને સોમવારે અવસાન થતાં પરિવાર, પરિચિતોમાં ઘેરો શોક છવાયો છે.

તે જેસિકાબેન જયેશભાઈ સુતરિયા, રૂપાબેન ભરતભાઈ મહેતા, સોનાબેન જયેશભાઈ કલ્યાણી તથા મોનાબેનના પરાગભાઈ ઉદાનીના માતાનું અવસાન થયેલ છે.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** હળવદ ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ હાલ રાજકોટ જયંતીલાલ જેઠાલાલ વ્યાસ (નિવૃત્ત રેલવે કર્મચારી ઉ.વ. ૯૫) તે વિજયભાઈ, કિશોરભાઈ, અજયભાઈ, (આજકાલ પરિવાર) કિરણબેન આચાર્ય અંજુબેન ઠાકરના પિતા તથા મિહિરભાઈ, ઋષિભાઈ, હિરલ, નિધિ તથા ભવ્યનાં દાદાનું તા.૧૮/૨/ ૨૦૨૪ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૨૦/૨/૨૦૨૪ નાં રોજ સાંજે ૫ થી ૬ રામેશ્વર મહાદેવ મંદિર, શક્તિચોક, રેલવે લોકો કોલોની, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખ્યું છે.



**રાજકોટ:** મહોબતસિંહ કરશનભાઈ પરમાર (ઉ.વ.૮૯)નું તા. ૧૮ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૯ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે જયશ્રી માંડવરાયજી, ૨-આકાશદીપ સોસાયટી, રાધે હોટેલ પાછળ, ઉમિયા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



**રાજકોટ:** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જયશ્રીબેન રાજેન્દ્રભાઈ મહેતા (ઉ.વ.૬૧) તે રાજેન્દ્રભાઈ પ્રવિણચંદ્ર મહેતના પત્ની તેમજ ભરતભાઈના ભાભી તથા અક્ષતભાઈ, શિવાનીબેન જીતેનકુમાર (સોમનાથ)ના માતા, તથા હરિઅક્ષના દાદીમાં અને યુવરાજના નાનીમાં તેમજ દીલીપભાઈ તથા પંકજભાઈ રમણીકભાઈ મહેતા, ધારીના મોટાબેનનનું તા. ૧૮ ને રવિવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૨ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ધુમકેતુ હોલ, ૪, રોયલ પાર્ક, કાલાવડ રોડ, ખેતલા આપાની પાછળ, રાજકોટ, રાજેન્દ્રભાઈ મો. નં. ૯૯૭૨૦ ૬૦૯૩૨, અક્ષતભાઈ મો. નં. ૮૦૯૫૪ ૫૬૫૫૯ છે.

**રાજકોટ:** મુળ ગામ બુરી (માણાવદર) હાલ રાજકોટ સ્વ. આરતીબેન ભાવેશભાઈ ભાડેશીયા (ઉ.વ.૪૨) તે રસીલાબેન કાન્તીભાઈ ગોકળભાઈ ભાડેશીયાના પુત્રવધુ, ભાવેશભાઈ કાન્તીભાઈ ભાડેશીયાના પત્ની, જીતેન્દ્રભાઈ ભાડેશીયા, કુસુમબેન જસ્મીનકુમાર સંચાણીયાના નાના ભાઈના પત્ની, સાહિલ, આર્યનના માતા, તરવડા (અમરેલી) નિવાસી કરશનભાઈ મોહનભાઈ સંચાણીયા ના પુત્રી પરિમલભાઈ, તુષારભાઈના બહેનનું તા. ૧૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** કારડીયા રાજપૂત સ્વ . નીરજભાઈ ધનજીભાઈ ગોહેલનું તા૧૮ને રવિવાર ના રોજ અવસાન થયેલ છે તે એડવોકેટ વિશાલ નટવરસિંહ સોલંકી નાં સાડાનું બેસણું તા. ૧૯ ના રોજ બપોરે ૪ થી ૬ સોમવારે ધારેશ્વર મહાદેવ મંદિર ભક્તિનગર સર્કલ એ રાખેલ છે.


**રાજકોટ:** દશાશ્રીમાળી.સ્થા. જૈન રાણપુર ભેંસાણ નિવાસી હાલ રાજકોટ અનિલભાઈ રતિલાલ કોઠારી (ઉ. વ. ૮૨) તે સ્વ. પન્નાબેન ના પતિ. જીતેન, કૌશિક,મયુર ના પિતા, સ્વ. ભુપતભાઈ, સ્વ.મુગટ ભાઈ, સ્વ.મધુભાઈ, સ્વ. વિનાયકાંતભાઈ, શશિભાઈ, ગં.સ્વ. હંસાબેન કાકુભાઈ કમાણી અને ગં.સ્વ. રશ્મિબેન યોગેન્દ્રભાઈ મહેતાના ભાઈ. રૂપલ, ઝરણાં, રિંજલના સસરા. ચાર્મી, હેલી, સૌમિલ, પ્રિયાંશ, માહીના દાદા. સ્વસુરપક્ષે સ્વ. જગન્નાથ કેશવજી પારેખ ના જમાઈ. તા.૧૭/૨/૨૪ શનિવારના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગુજરાતમાં ફુટબોલનું ભાવિ ઉજજવળ છેઃ પરિમલ નથવાણી

## ગુજરાતમાં જીલ્લા કક્ષાના ફુટબોલ મેચો થકી નવ પ્રતિભાને તક આપવાનું અભિયાન જારી






અબતક, રાજકોટ

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)નો વર્ષ ૨૦૧૯માં મેં ચાર્જ લીધો ત્યારે મને અંદાજ નહોતો કે ગુજરાતમાં ફૂટબોલ માટે બાળકોમાં એક જબર્દસ્ત ક્રેઝ અંદરો અંદર જ પ્રસ્ફૂટિત થયા કરતો હતો. આ બધાં વર્ષો દરમ્યાન હું ઘણી વાર જોતો કે છોકરાંઓ મોબાઈલ ફોનમાં ફૂટબોલની મેચો જોતાં હોય. અંદરોઅંદરની વાતચીતમાં લિયોનલ મેસી કે અર્લિંગ બ્રાઉટ હલાન્ડ જેવા ખેલાડીઓ વિષે કે માન્ચેસ્ટર અને બાર્સેલોના કલબો વગેરેની વાતો કરતા હોય. અત્યાર સુધી એ બધું સહજ, સ્વાભાવિક અને સાધારણ જ માનતો હતો.

તાજેતરમાં જ્યારે મેં જાણ્યું કે રાજ્યમાં જી.એસ.એફ.એ.ની છત્રછાયા હેઠળનાં સંખ્યાબંધ જિલ્લા ફૂટબોલ એસોસિયેશનો મારફતે પાંચ વર્ષથી બાર વર્ષ સુધીનાં ૪૨૦૦ બાળકો વિધિવત્ ફૂટબોલ રમી રહ્યાં છે ત્યારે મને સુખદ આશ્ચર્ય થયું. પાંચ વર્ષથી નીચે, આઠ વર્ષથી નીચે, દસ વર્ષથી નીચે અને બાર વર્ષથી નીચેની વય ગ્રૂપનાં બાળકો માટે લીગ મેચો રમાઈ રહી છે. જી.એસ.એફ.એ. બ્લુકબ્સની લીગ મેચો સિવાય પણ અન્ય રીતે બીજાં અસંખ્ય બાળકો ફૂટબોલ નિશ્ચિતપણે રમતાંજ હશે, તે જુદી બાબત છે. ઑલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.) દ્વારા ગત વર્ષે બ્લુ કબ્સનો પ્રારંભ કરવામાં આવ્યો અને રાજ્યોનાં ફૂટબોલ એસોસિયેશનોને બ્લુ કબ્સ લીગ શરૂ કરવાનું કહેવામાં આવ્યું. બ્લુ કબ્સ પાંચ વર્ષથી નીચેની વય જૂથનાં બાળકોથી લઈને બાર વર્ષથી નીચેના વય જૂથના બાળકો માટે ફૂટબોલની રમત છે જેમાંથી ભાવિ ખેલાડીઓ તૈયાર થઈ શકે. ગુજરાતમાં ૨૩ જિલ્લા ફૂટબોલ એસોસિયેશનોએ પોતપોતાના જિલ્લામાં ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં બ્લુ કબ્સ લીગનું આયોજન કર્યુ છે. ઓછામાં ઓછી આઠ ટીમો રમે તેવું ધોરણ આ લીગ માટે રાખ્યું છે. બધી લીગ ડબલ લેગ ફોર્મેટમાં રમાય છે; જેમાં બે ટીમોએ સામસામે બે બે મેચો રમવાની હોય છે અને બન્ને મેચોમાં થયેલા સ્કોરના સરવાળાને આધારે વિજેતા ટીમ નક્કી થાય છે. આ બ્લુ કબ્સ ફૂટબોલ મહાયજ્ઞમાં આખા ગુજરાતમાં ૪૨૦૦ બાળકો ફૂટબોલ રમી રહ્યાં છે. સુખદ આશ્ચર્ય એ બાબતનું છે કે સૌથી વધુ ૫૫૦ બાળકો પંચમહાલ જિલ્લામાં રમી રહ્યાં છે. ત્યાર બાદ સુરત તથા ભાવનગર જિલ્લામાં પ્રત્યેકમાં ૪૫૦ બાળકો નોંધાયાં છે. ભરૂચ અને વડોદરા જિલ્લાઓમાં અનુક્રમે ૩૫૦ અને ૨૫૦ બાળકો નોંધાયાં. આમ રાજ્યમાં પંચમહાલ, સુરત, ભાવનગર, ભરૂચ અને વડોદરા ટોચના પાંચ જિલ્લા છે જેમાં સર્વાધિક ઊગતા બાળ ફૂટબોલ ખેલાડીઓ તૈયાર થઈ રહ્યા છે. બાકીના જિલ્લાઓમાં સરેરાશ ૮૦ થી ૧૧૦-૧૨૦ ની રેન્જમાં બાળકો રમી રહ્યાં છે. બ્લુ કબ્સ ફૂટબોલનું આ પ્રથમ વર્ષ છે તે જોતાં આ વય જૂથના બાળ ફૂટબોલ ખેલાડીઓનો ૪૨૦૦નો આ આંકડો નાનો સૂનો ન કહી શકાય! પોરબંદર તથા કચ્છ જિલ્લાઓએ ૧૦ ફેબ્રુઆરીથી પોતાની લીગ મેચો શરૂ કરી દીધી છે. બોટાદ જિલ્લો પણ તુરતમાં લીગ શરૂ કરશે.

અમુક કારણોસર અમદાવાદ, અરવલ્લી, ડાંગ, દ્વારકા, દાહોદ, તાપી, મહીસાગર, મહેસાણા, ગિર સોમનાથ અને સાબરકાંઠા જિલ્લા ફૂટબોલ એસોસિયેશનો આ વર્ષે બ્લુ કબ્સ લીગ આયોજિત નથી કરી શક્યાં તે અલગ બાબત છે. પરંતુ તેનો અર્થ એ નથીકે આ જિલ્લાઓમાં બાળકોને ફૂટબોલમાં રસ નથી!

એ.આઈ.એફ.એફ. (અને તે રીતે જી.એસ.એફ.એ. પણ)નો આ બ્લુ કબ્સ ફૂટબોલ ઉપક્રમ પાછળનો આશય એ છે કે બાળકોમાં ફુટબોલની રમત માટે રહેલા છૂપા ક્રેઝને વાસ્તવમાં મેદાન સુધી લઈ આવવો. જી.એસ.એફ.એ. તથા જિલ્લા ફૂટબોલ એસોસિયેશનોની અમારી ટીમો આ બાબતે ખૂબ ઉત્સાહિત છે. જી.એસ.એફ.એ. દ્વારા ભાગ લઈ રહેલા બધા જિલ્લાઓ પ્રત્યેકને રૂ. ૬૦,૦૦૦/- સુધીની મદદ કરવામાં આવી છે. જી.એસ.એફ.એ.ને અદાણી જૂથનો ટેકો મળ્યો છે તેથી આ બ્લુ કબ્સ લીગની સાથે અદાણીનું નામ જોડ્યું છે.ગુજરાતે ક્રિકેટ વિશ્વને જસુ પટેલથી લઈને જસપ્રીત બુમરાહ અને વિનુ માંકડથી લઈને રવીન્દ્ર જાડેજા કક્ષાના ધુરંધર ક્રિકેટરો આપ્યા છે. હવે એ દિવસો દૂર નથી કે ભવિષ્યમાં ગુજરાતમાંથી પણ છેત્રીઓ (સુનિલ) કે ભૂતિયાઓ (ભાઈચુંગ) દેશને મળે. ગુજરાત બ્લુ કબ્સ ફૂટબોલમાં આ સામર્થ્ય અને સંભાવનાઓ નિશ્ચિતપણે ધરબાયેલી પડી છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા જૈન આચાર્ય વિદ્યાસાગરજી મહારાજને અપાઇ શ્રદ્ધાંજલિ





અબતક, રાજકોટ

જૈન ધર્મના મહાન આચાર્ય વિદ્યાસાગરજી મહારાજ, જેમણે પોતાના જીવનમાં મહાન તીર્થંકરોની શ્રેષ્ઠ પરંપરાઓને મૂર્તિમંત કરી હતી, તેમનો દેહ આજે સવારે ડોંગરગઢ-રાજનાંદગાંવ (છત્તીસગઢ)માં શાંત થયો. વિદ્યાસાગરજી મહારાજે ૧૯૬૮માં દિગમ્બરી દીક્ષા લીધી અને ત્યારથી આજ સુધી, તેમણે સત્ય, અહિંસા, અપરિગ્રહ, આચાર્ય, બ્રહ્મચર્યનું સતત આચરણ કરીને આ પંચ મહાવ્રતોના રાષ્ટ્રવ્યાપી પ્રચાર માટે પોતાને સમર્પિત કર્યા. લોકકલ્યાણની ભાવનાથી પ્રેરિત, આચાર્ય મહારાજે તેમના જીવનમાં સેંકડો સાધુ-સાધ્વીઓને દીક્ષા આપી અને હંમેશા પરોપકારી કાર્યો માટે તેમને પ્રેરણા અને આશીર્વાદ પ્રદાન કર્યા. તેમણે સમગ્ર ભારતમાં અનેક સ્થળોએ ગૌશાળા, શૈક્ષણિક સંસ્થાઓ, હાથશાળ કેન્દ્રો અને વિવિધ પ્રકારની લોક કલ્યાણ યોજનાઓ શરૂ કરી. જેલોમાં રહેતા હજારો લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવાનું અભૂતપૂર્વ કાર્ય ફક્ત તમારા આશીર્વાદથી જ ચાલી રહ્યું છે. તેમની ઈચ્છા હતી કે આ દેશ તેના ઉમદા ઉપદેશો અને જીવન આદર્શો સાથે ફરી ઊભો થાય અને વર્તમાન સમયમાં વિશ્વને નવી દિશા આપે. તેમનું સમગ્ર જીવન આ આદર્શોને સમર્પિત હતું. તેમણે અંતિમ શ્વાસ સુધી તેમની કઠોર સાધના અંત સમય સુધી અક્ષુણ રહ્યા. આજે લાખો લોકો એ આદર્શોને અનુસરી રહ્યા છે. તેમની વિદાયથી દરેકને દુઃખ થાય તે સ્વાભાવિક છે.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ભગવાનને પ્રાર્થના કરે છે કે આપણે બધા તેમણે પ્રશસ્ત કરેલા માર્ગે પૂર્ણ નિશ્ચય અને સમર્પણ સાથે આગળ વધતા રહીએ અને તે આદર્શોને ઝડપી ગતિ આપીએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વતી, અમે તેમને અમારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. તેમ આરએસએસના સરસંઘચાલક ડો.મોહન ભાગવત અને સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલેએ જણાવ્યું હતું.

# એમ.એ.સી.પી.બાર એસો.ની ચૂંટણીમાં ૯૧ ટકા મતદાનઃ સાંજે પરિણામ

## ૨૨૨ મતદારો પૈકી ૨૦૬ વકીલોએ મતદાન કર્યુંઃ ઉપપ્રમુખ અને ટ્રેઝરર ચૂંટણી પુર્વે બિનહરીફ થયા તો



અબતક,રાજકોટ

રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત વકીલોના બે જૂથ આમને સામને આવતા ચૂંટણીનો માહોલ ગરમાયો હતો. બાર એસીસીએશનની ચૂંટણીના પડઘા હજુ શાંત પડ્યા નથી ત્યાં રાજકોટ એમએસીપી બાર એસોસિએશનની ચૂંટણી જાહેર થતા ફરી ભાજપ પ્રેરિત વકીલોના બે જૂથ આમને સામને આવતા ચૂંટણીનો માહોલ જામ્યો છે. એમએસીપી બાર એસોસિએશનની ચૂંટણીમાં ઉપપ્રમુખ અને ટ્રેઝરર પદ બે ઉમેદવારો બિનહરીફ થયા છે જ્યારે પ્રમુખ પદ સહિત ૧૦ હોદા ઉપર એમ.એ.સી.પી. બાર એસોસિએશનની આજે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૯૧.૫૫ ટકા મતદાન થયું હતું. આજે સાંજે મતગણતરી બાદ પરિણામ જાહેર કરાવવામાં આવશે. ચૂંટણી પરિણામ ઉપર વકીલોની મીટ મંડાણી છે.

રાજકોટ એમએસીપી બાર એસોસિએશનના ચૂંટણી કમિશનર સંજયભાઈ વ્યાસ દ્વારા ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવતા ભાજપ પ્રેરિત વકીલોના બે જૂથ વચ્ચે સીધો જંગ જામ્યો હતો. જેમાં એમએસીપી બારના પૂર્વ પ્રમુખ રાજેશભાઈ મહેતા અને અજયભાઈ જોશીએ એમએસીપી બાર એસોસિએશનનો તાજ કબ્જે કરવા ઉમેદવારી નોંધાવી હતી. રાજકોટ બાર એસોસિએશનની માફક ચર્ચામાં રહેલી રાજકોટ એમએસીપી બાર એસોસિયેશનની ચૂંટણીમાં ઉપપ્રમુખ પદે ગીરીશ પ્રજાપતિ અને ટ્રેઝરર પદે કપિલ શુક્લ બિનહરીફ જાહેર થયા હતા. ત્યારે પ્રમુખ પદના હોદા ઉપર એડવોકેટ રાજેશભાઈ મહેતા અને અજયભાઈ જોશી, સેક્રેટરી પદે કૌશિક પોપટ અને વિનુભાઈ વાઢેર, સેક્રેટરી પદે રાજેન્દ્ર ડોરી અને સ્તવન મહેતા, તેમજ કારોબારી સભ્યમાં ચિરાગ છગ, મહેશ કંડોલિયા, કરણ કારીયા, મૃદુલાબેન મકવાણા, રાહુલ મકવાણા, નાસીર મોદન, જગદીશ નારીગરા, સંજય નાયક અને હેમંત પરમાર ઉમેદવારી નોંધાવી હતી. આજે નવા કોર્ટ બિલ્ડીંગ ખાતે એમએસીપી બાર એસોસિયેશનના રૂમમાં સવારે સવારે ૧૧ વાગ્યાથી ૨ વાગ્યા સુધી મતદાન યોજાયું હતું. જેમાં

૨૨૨ વકીલ મતદારોમાંથી ૨૦૬ વકીલ મતદારોએ મતદાન કરતા કુલ ૯૧.૫૫ ટકા મતદાન નોંધાયું હતું. મતદાન પૂર્ણ થતાં જ થોડા વિરામ બાદ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. અને મતગણતરી પૂર્ણ થયા બાદ સાંજે પરિણામ જાહેર કરાવવામાં આવશે. ચૂંટણી પરિણામ ઉપર વકીલોની મીટ મંડાણી છે.

# ધ્રોલઃ ઉંડ-૨ ડેમના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપોથી ખળભળાટ

## સિંચાઈ વિભાગના ઈજનરો પોતે જ ટેન્ડર બહાર પાડીને કામો રાખીને લાખો રૂપીયા ખાઈ જાય છેઃ ભાજપના વિજય કાસુન્દ્રાનો આક્ષેપ



અબતક, સંજય ડાંગર, ધ્રોલ

ધ્રોલ તાલુકાની જીવાદારી સમાન ઉંડ - ૨ ડેમ ઉપરથી પસાર થતા રસ્તાના પ્રશ્ન અને વાર્ષિક ટેન્ડર બહાર પાડીને સિંચાઈ વિભાગના ઈજનરો જ કામ રાખીને મોટા પાયે કથિત ભ્રષ્ટાચાર આચરીને હાલમાં ડેમની પાળીઓ જોખમી હોય અને અકસ્માત થવાનો ભય રહેલો હોવા સહીતના મામલે ભાજપના ધ્રોલ તાલુકા પંચાયતના કારોબારી સમિતિના મહીલા ચેરમેનના પતિએ ખુલ્લેઆમ ભ્રષ્ટ તંત્ર સામે બળવો કરીને ગંભીર આક્ષેપો કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ધ્રોલ તાલુકા પંચાયત કારોબારી સમિતિના મહિલા ચેરમેનના પતિ અને ભાજપના આગેવાન એવા વિજયભાઈ કાસુન્દ્રાએ એક નિવેદનમાં જણાવ્યુ છે કે ધ્રોલ તાલુકાના મજોઠ પાસે આવેલ ધ્રોલ તાલુકાની જીવાદોરી સમાન સિંચાઈ માટેનો ઉન્ડ-૨ ડેમ ઉપરથી ચારથી પાચ ગામોનો જવાનો રસ્તો આવેલ છે. આ રોડની બંને તરફની દિવાલો અત્યંત જર્જરીત હાલામાં છે વારંવાર સિંચાઈ વિભાગના અધિકારીઓને જાણ કરવા છતા ભ્રષ્ટાચાર અધિકારીઓ કાઈ ધ્યાનમાં લેતા નથી આ ડેમના પાળા પરનો રોડ પણ અંત્યંત ખરાબ અને બિસ્માર હાલતમાં હોવાથી વારંવાર અકસ્માત સર્જાય છે

ભાજપના આગેવાન વિજયભાઈ કાસુન્દ્રાએ જણાવ્યુ છે કે, આ ઉન્ડ-૨ ડેમનું દર વર્ષે વાર્ષિક લાખો રુપીયાનું ટેન્ડર ભાજપ સરકાર દ્વારા મેન્ટેનસ માટે ફાળવવામાં આવે છે, આ ટેન્ડર અધિકારીઓ પોતે જ ભરતા હોવાથી પુરતુ મેન્ટેનસ થતું નથી અને મોટા પાયે ભ્રષ્ટાચાર કરી ખોટા કામ બતાવી રૂપિયા ખાઈ જાય છે ત્યારે ભવિષ્યમાં જો આ ડેમના પુલની પાળીઓ પડી જાય કે કોઈ અન્ય જાનહાની થશે તો આ ડેમના અધિકારીઓ જવાબદાર હશે તેવી ચીમકી આપીને ભ્રષ્ટાચાર મામલે ઉગ્ર રોષ ઠાલવ્યો છે.

આમ ધ્રોલ તાલુકા પંચાયતના ભાજપના મહિલા કારોબારી સમિતિના મહિલા ચેરમેનના પતિ અને ભાજપના આગેવાન એવા વિજયભાઈ કાસુન્દ્રાએ ભાજપ સરકારના સિંચાઈ વિભાગના ભ્રષ્ટ તંત્રની પોલ ખોલીને સરકારના સિંચાઈ વિભાગમાં ચાલતા વ્યાપક ભ્રષ્ટાચારનો ખુલ્લેઆમ વીડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરીને ભાજપ સરકારના સરકારી તંત્ર સામે બાયો ચડાતા જીલ્લાભરના ભાજપના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

# ૨૬મીએ જેઈઈ એડવાન્સની પરીક્ષાઃ ૯ જૂને પરિણામ

## ગુજરાતમાં અમદાવાદ, આણંદ,ભાવનગર, ભૂજ, ગાંધીનગર, હિંમતનગર, જામનગર, જૂનાગઢ, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરા, વાપી અને વલસાડ સહિત ૧૪ શહેરોમાં લેવામાં આવશે પરિક્ષા

અબતક, રાજકોટ

દેશની ૨૩ આઈઆઈટી સહિતની નામાંકિત ટેકનિકલ કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ-એડવાન્સ આગામી ૨૬મી મેના રોજ લેવામાં આવશે. આ વખતે લેવાનારી જેઈઈ-એડવાન્સમાં પ્રથમ વખત ઓવરસીસ સિટિઝન ઓફ ઈન્ડિયાને પણ પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. આ ઉપરાંત ૧લી ઓક્ટોબર ૧૯૯૯ના રોજ જન્મેલા વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સ માટે લાયક ગણવામાં આવશે, ૯મી જૂને પરિણામ જાહેર કરવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. ધો.૧૨ પછી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે પહેલા તબક્કાની જેઈઈ-મેઈન પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી એપ્રિલ માસમાં બીજા તબક્કાની જેઈઈ-મેઈન લેવામાં આવશે. આ પરીક્ષામાં પ્રથમ અઢી લાખમાં સ્થાન મેળવનારા વિદ્યાર્થીઓ જેઈઈ-એડવાન્સ માટે લાયક ગણવામાં આવતાં હોય છે. જેઈઈ-એડવાન્સનું સંચાલન દર વર્ષે જુદી જુદી આઈઆઈટી દ્વારા કરવામાં આવતું હોય છે. ચાલુવર્ષે આઈઆઈટી-મદ્રાસ દ્વારા આ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષાને લગતી સૂચનાઓ, નિયમો સહિતની વિગતો જાહેર કરી દેવામાં આવી છે. ગતવર્ષે ૪ જૂને જેઈઈ-એડવાન્સ લેવામાં આવી હતી. ચાલુ વર્ષે વહેલી પરીક્ષા લેવામાં આવશે. ગત વર્ષે વિદેશના વિદ્યાર્થીઓના પ્રવેશને લઈને કોર્ટ કેસ થયા હોવાથી ચાલુ વર્ષે ઓવરસીસ કાર્ડ ધરાવતાં વાલીઓના સંતાનોને પણ પ્રવેશ માટે લાયક ગણવાની જાહેરાત કરવામાં આવી છે. જેઈઈ-એડવાન્સના મેરિટના આધારે ૨૩ આઈઆઈટી ઉપરાંત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગ્લુરુ આ ઉપરાંત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ભોપાલ, કોલકત્તા, મોહાલી, પુને, તિરુવનંતપુરમ અને તિરુપતિ ઉપરાંત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી, વિશાખાપટ્ટનમ વગેરેમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. આગામી ૨૬મી મેને રવિવારે સવારે ૯થી ૧૨ દરમિયાન પેપર-૧ અને બપોરે ૨-૩૦થી ૫-૩૦ પેપર-૨ની પરીક્ષા લેવામાં આવશે. જેઈઈ-મેઈનમાં પાસ થયેલા ઉમેદવારો પૈકી ઓપન કેટેગરીમાં ૯૬૧૮૭ એટલે કે ૧૦૧૨૫૦ વિદ્યાર્થીઓને લાયક ગણવામાં આવશે. આ જ રીતે ઈડબલ્યુએસ કેટેગરીમાં ૨૩૭૫૦ સાથે કુલ ૨૫૦૦૦ અને ઓબીસીમાં ૬૪૧૨૫ સાથે ૬૭૫૦૦ અને એસસી કેટેગરીમાં ૩૫૬૨૫ સાથે ૩૭૫૦૦ ઉમેદવારોને જેઈઈ-એડવાન્સ માટે લાયક ગણવામાં આવશે. જેઈઈ-એડવાન્સ માટે લાયક બનનારા વિદ્યાર્થિનીઓએ ૧૬૦૦ રૂપિયા, એસસી, એસટી, વિકલાંગ વિદ્યાર્થીઓને પણ રૂ.૧૬૦૦ અને અન્ય વિદ્યાર્થીઓએ રૂ.૩૨૦૦ રજિસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. વિદેશી અને ઓસીઆઈ વિદ્યાર્થીઓએ ડોલર પ્રમાણે ફી ભરવાની રહેશે. પરીક્ષા રહેલા ૧૭મી મેનથી ૨૬મી મે સુધી વિદ્યાર્થીઓએ પરીક્ષા માટેનું એડમીટ કાર્ડ મેળવી લેવાનું રહેશે. પરીક્ષા કોમ્પ્યુટર આધારિત રહેશે. ગુજરાતમાં અમદાવાદ, આણંદ, ભાવનગર, ભૂજ, ગાંધીનગર, હિંમતનગર, જામનગર, જૂનાગઢ, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરા, વાપી અને વલસાડ સહિત ૧૪ શહેરોમાં લેવામાં આવશે.

# ધોરાજી પંથકના વગડામાં કેસુડાએ કર્યા વસંતના વધામણા



અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી

ધોરાજી વસંત ઋતુના આગમન પછી વૃક્ષો ખીલી ઉઠે છે અને એમાંયે વન વગડા કે વેરાન વગડામાં એક વૃક્ષ એવું છે. તે વૃક્ષ એટલે ખાખરાનું ઝાડ તેના પર ખીલતા ફૂલ કેસુડાથી ઓળખાય છે. આ વૃક્ષપર પશુઓનું ઘર અને સસોડુ બને કહેવા એટલું જ નહીં આ વૃક્ષના ફૂલ એટલે કે કેસુડાના રંગથી હોળી-ધુળેટીનો તહેવાર રંગ લાવે છે. માત્ર કલરમાં જ નહીં પરંતુ આ કેસુડાના ફૂલ અનેક રોગોમાં ઉપયોગી થાય છે. આ ફૂલ આખા ભારતમાં મળી આવતા નથી સિમેન્ટ, ક્રોંકીટના જમાનામાં વૃક્ષોનું નિકંદન નિકળી ગયું છે ત્યારે ધોરાજી, જામકંડોરણા, સાજડીયાળી, હડમળીયા, આબરડી, સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ અડીખમ ઉભા રહીને સાક્ષી બની ઉભા છે. કેસુડાને હિન્દીમાં પલાસ કહે છે.

આ કેસુડાના ફૂલ અનેક ઔષધી માટે જાણીતા છે અને ગ્રામ્ય વિસ્તારની લોક વાયકા મુજબ કેસુડાના ફૂલનું તાજુ જ્યુસથી ઘાવ અને ગળાની ખરાસમાં આરામ મળે છે. કેસુડાના બીજને પીસીને તેમાં હળદર મેળવી લગાવાથી ઘુંટણના દર્દમાં રાહત થાય છે. કેસુડાના ફૂલ કાઢાથી ડાયાબીટીસ કંટ્રોલમાં રહે છે અને ફૂલોથી નહાવાથી ચામડીના રોગો મટી જાય છે. એમ ગ્રામ્ય વિસ્તારોની કેસુડાના ફૂલ વિશે લોકવાયકાઓ છે. વસંતમાં કેસુડાના આગમનથી પક્ષીઓ અને પ્રકૃત્તિપ્રેમીઓને જાણ ધરતી પર સ્વર્ગ જેવા ફૂલ જોવા મળે છે.

# માધવરાવ સદાશિવરાવ ગોલવલકરજીનો આજે જન્મદિવસ



સ્વામી વિવેકાનંદ વસુધૈવ કુટમ્બકમ અને વિશ્વ બંધુત્વ, નો સંદેશ ''ગર્વ સે કહો હમ હિન્દુ હૈ'' નું સુત્ર આપી સમગ્ર વિશ્વમાં હિન્દુત્વનો પાયો મજબુત કરનાર અને શિકાગો સંમેલનમાં દુનિયાના ભાઈઓ અને બહેનોના સંબોધનથી દુનિયાના લોકોનું હિન્દુતવના સંસ્કારના દર્શન કરાવનાર તેજ રીતે પુરા ભારતમાં હિન્દુના ધર્મગુરૂ, તમામ ફીરકાને એક મંચ ઉપર લાવી આખા ભારતને હિન્દુત્વની એકતાના દર્શન કરાવનાર અને '' હિન્દુઃ પતિતો ભવેત'' અને ''મે નહી તું - હું નહી ફકત તુ'' અને ''રાષ્ટ્રાય સ્વાહા ઈદ ન મમ'' ને જીવન મંત્ર બનવાની શીખ આપનાર એટલે ગુરૂજી.

માધવરાવ સદાશિવરાવ ગોલવલકર જન્મ સવંત ૧૮૨૭ ની મહાવદ ૧૧ - (૧૯ ફેબ્રુઆરી) ના દિવસે જન્મ થયેલ હતો. માતાનું નામ લક્ષ્મીબાઈ, પિતાનું નામ સદાશિવરાવ, બાળપણ માં લાડકુ નામ મધું. તેમને આઠ સંતાનો અકાળે મૃત્યુ પામ્યા. પુત્રનાં લક્ષણ પારણામાંથી, ''મોરનાં ઈંડાને ચીતરવા ન પડે'' કહેવત અનુસાર એક સામાન્ય પરિવારમાં જન્મેલા શિક્ષક પિતાનાં એક માત્ર પુત્ર હતા. આર્થિક દ્રષ્ટિથી જે મધ્યમ વર્ગ કહી શકાય એવા પરિવારનાં હતા. પિતા અયાપક હોવાથી નોકરીનાં અર્થે હિન્દી ભાષી પ્રદેશોમાં જતા. ઘરમાં માતૃભાષા મરાઠી, હિન્દી અને અંગ્રેજી માં પણ પ્રવિણ થઈ ગયા. નાનપણમાં સાત્વીક, ધર્મપરાયણ સંસ્કારો, તીવ્ર બુધ્ધીમતા, સ્મરણશક્તિ, ગીતા-રામાયણ-બાઈબલ નો સંપૂર્ણ અભ્યાસ આમ નાનપણથી જ પોતાની બુધ્ધી પ્રતિમાની જલક દેખાડી હતી.

ઈન્ટરમીડીયેડ ઉર્તીણ અંગ્રેજી વિષયમાં પ્રથમ પારિતોષીક મેળવી દેશનાં પ્રખ્યાત કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં લોકપ્રિય થયા હતા. ગ્રંથાલયમાં એકય એવું પુસ્તક નહી હોય કે જે મધુએ નહીં વાંચેલ હોય. ગ્રંથાલયમાં એકવાર વાંચતા વાચતા ડંખ માર્યો હતો ત્યાં ચીરો પાડી પોટેશીયમ પરમેનેન્ટ પાણીમાં પગ બોળી વાંચવા માંડ્યા. મધુ નો જવાબ હતો વીછી તો પગે કરડયો છે માથે નહી. બી.એસ.સી., એમ.એસ.સી. પાસ થયા પછી પિતાજી નિવૃત થયા. આમ ત્યારથી ઘરની જવાબદારીને લીધે કાશી વિશ્વ વિદ્યાલયમાં પ્રાધ્યાપકની નોકરી મેળવી. વિદ્યાર્થીઓના પ્રિય થઈ ગયા. આમ વિદ્યાર્થીઓ ગુરૂજી કહેતા. આમ આજે વિશ્વમાં ગુરૂજી તરીકે પ્રખ્યાત થઈ ગયા અને ત્યારથી જ સંઘના સંપર્કમાં આવ્યા. ગુરૂજીનાં માતાપિતાની ઈચ્છા હતી કે મધુ લગ્ન કરે . વંશ ખંડીત ન થાય તેની ચીંતા હતી. પરંતુ ગુરૂજી નોખી માટીનાં નીકળ્યા. વંશ કરતાં સમાજ ની ચીંતા વધારે હતી.

આમ ૧૯૩૪ માં આર.એસ.એસ. ની પ્રથમ જવાબદારી સ્વીકારી. ત્યારબાદ અભ્યાસ ચાલુ રાખી એલ.એલ.બી. ઉર્તીણ થયા. ત્યારબાદ રામકૃષ્ણ મઠનાં અધ્યક્ષ શ્રી અખંડાનંદ (સ્વામી વિવેકાનંદનાં ગુરૂબંધુ શ્રી રામકૃષ્ણ પરમહંસ કે જે ગણ્યાગાઠયા યુવાનોને કઠોર તપસ્યા દ્વારા જીવન કાર્યને કર્તવ્યબોધ કરાવ્યો તેમાંનાં.) નાં સાનિધ્યમાં દિક્ષા ગ્રહણ કરી આમ સમાજનાં કામમાં પોતાનો પૂર્ણ સમય આપતાં સ્વામી અખંડાનંદજીનું મહાનિર્વાણ થતાં ત્યારે ડો.સાહેબનાં સંપર્કમાં આવ્યા. આમ ગુરૂજી ડોકટરજી ને મળી સંપૂર્ણપણે સંઘમય થયી સમાજસેવા અને રાષ્ટ્રસેવાનાં કામે લાગી ગયા. જેમ સ્વામી વિવેકાનંદને રામકૃષ્ણ પરમહંસ મળ્યા.

સંઘનાં સ્વયંસેવકો ''અસ્પૃશ્યતા એ સવર્ણોનાં મનનો રોગ છે, સ્વદેશી, માતૃભાષા, અખંડભારત, હિન્દુ રાષ્ટ્ર, આદર્શ ભારતીય આવા વિષયો પર સંઘનાં લાખો સ્વયંસેવકો ને સુંદર માર્ગદર્શન આપી સતત ૩૩ વર્ષ સુધી સંઘનાં સરસંઘચાલક પદે રહીને સંઘરૂપી ક્ષેત્રને વિરાટ વટવૃક્ષમાં પરિવર્તિત કરી ''રાષ્ટ્રાય સ્વાહા ઈદમ ન મમ'' ના મંત્ર ને જીવત મંત્ર બનાવી લાખો નાં હદયમાં નવચેતના જગાવી, આમ, હેડગેવાર અને ગુરૂજી એક જ જીવનના બે અંગે રહ્યા. હેડગેવાર અનુભુતિ હતા તો ગુરૂજી તેમની જીવતી વ્યાખ્યા બની રહ્યા, જો હેડગેવાર હિન્દુધર્મી ગંગા હતા તો ગુરૂજી આ ગંગાના ભગીરથ હતા. આમ, બંનેનું મિલન રહસ્યવાદ અને બુદ્ધિવાદનું મિશ્રણ હતું. તે ગુરૂજી એ દિ. ૫ જૂન ૧૯૪૩ના રોજ વસમી વિદાય લીધી.

# ચેતજો ....કેન્સર, હાયપરટેન્શન સહિત બિમારીની નકલી દવાઓ બજારમાં વેચાય છે !!!

## તેલંગાણા માં નકલી દવાનું રેકેટ ઝડપાયું : સમગ્ર ભારતમાં વિકટ પરિસ્થિતિ

**અબતક, નવીદિલ્હી**

તેલંગાણા ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન દ્વારા નકલી દવાના ઉત્પાદન, સ્ટોર્સ અને સપ્લાય પરના ક્રેકડાઉને ઉત્પાદન અને વિતરણનું બહુ-રાજ્ય નેટવર્ક જાહેર કર્યું છે. નેટવર્કના દરેક છેડે છેલ્લા બિંદુ સુધી પહોંચવા માટે ચાલી રહેલા ઓપરેશનના ભાગરૂપે, ડીસીએના ડાયરેક્ટર જનરલ વી.બી કમલાસન રેડ્ડીએ કહ્યું છે કે નકલી અને હલકી ગુણવત્તાવાળી દવાઓ શોધવાનું કેટલું જટિલ છે અને જો ખરીદદારોને તેમની દવા નકલી હોવાની શંકા હોય તો શું કરી શકાય. તો તેઓ શું કરી શકે?

સમસ્યા ખૂબ જ ગંભીર છે. આ માત્ર તેલંગાણામાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં છે. તેમનું નેટવર્ક રાજ્યો સુધી વિસ્તરેલું છે.

જો કે અમારી પાસે ગુનાની હદ વિશે થોડી માહિતી છે, પરંતુ અમને બરાબર ખબર નથી કે બધી નકલી દવાઓ ક્યાં બનાવવામાં આવે છે અને તેનું પરિવહન કેવી રીતે થાય છે.



અમને ખ્યાલ છે કે ઉત્તરાખંડ, હિમાચલ અને ગાઝિયાબાદ નકલી દવાઓના ઉત્પાદનના સ્થળો છે.

અમે ચોક્કસ જાણીએ છીએ કે નકલી દવા વિતરણનું નેટવર્ક ભારતમાં વિસ્તરેલું છે. આ લગભગ અસલ દવાઓને મળતી આવે છે, અને ખરીદદારો માટે નકલી ફોર્મ્યુલેશન ઓળખવું ખૂબ મુશ્કેલ છે. લેબોરેટરી પરીક્ષણો વિના નકલી દવા અને અસલી દવા વચ્ચે તફાવત કરવો લગભગ અશક્ય છે.

ઉત્પાદનના પેકેજિંગ અથવા દેખાવમાં કોઈ સ્પષ્ટ તફાવત નથી.

.નકલી દવાઓ ઓળખવી સ્વાભાવિક રીતે મુશ્કેલ છે. તેઓ મોટાભાગે વાસ્તવિક ઉત્પાદનની નકલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવે છે, જે લગભગ મૂળ સાથે સમાન દેખાય છે.

કેટલીકવાર, લેબોરેટરી પરીક્ષણ દ્વારા તફાવત જણાવવાનો એકમાત્ર રસ્તો છે. મોટે ભાગે દવાનો ઉપયોગ કરનાર દર્દી જ તેની દવાની વાસ્તવિકતા પર શંકા કરી શકે છે.

નકલી દવાઓ માટે કોઈ દવા નથી. તેથી દર્દીઓ જાણ કરી શકે છે કે તેમની સ્થિતિ પર કોઈ અસર નથી. બિનઅસરકારક દવાઓ ફક્ત વ્યકિતની સ્થિતિને વધુ ખરાબ કરશે.

મોટાભાગની સન ફાર્મા, રેડ્ડી લેબ્સ, એરિસ્ટો વગેરે જેવી પ્રતિષ્ઠિત કંપનીઓની ઝડપથી વેચાતી દવાઓને મળતી આવે છે.

આ શોધને ટાળવાનું સરળ બનાવે છે. ઉપરાંત, નકલી લેબલ પર અસ્તિત્વમાં ન હોય તેવી કંપનીઓના નામનો ઉપયોગ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં અમને મોટી સંખ્યામાં નકલી દવાઓ મળી છે, જેમાં કેન્સર વિરોધી દવાઓ, એન્ટિબાયોટિક્સ, હાઈ બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલ દવાઓ, પીડાનાશક દવાઓ અને બાળકોની દવાઓનો સમાવેશ થાય છે.

મોટાભાગના કિસ્સાઓમાં, નકલી દવાઓ કુરિયર અથવા રોડ ટ્રાન્સપોર્ટ દ્વારા પહોંચાડવામાં આવે છે, તેમનું નેટવર્ક સમગ્ર દેશમાં ફેલાયેલું છે.

ઉદાહરણ તરીકે, તાજેતરના ઉદાહરણમાં, કુરિયર દ્વારા મોકલવામાં આવેલા પાર્સલમાં તેમના દસ્તાવેજો મુજબ મશીનના ભાગો હતા.

# ભારતનો પ્રથમ લશ્કરી ગ્રેડનો જાસૂસી ઉપગ્રહ તૈયાર: સ્પેસ એક્સ રોકેટ દ્વારા કરાશે લોન્ચ

## ટાટા એડવાન્સ સિસ્ટમ દ્વારા બનાવેલ ઉપગ્રહનું ગ્રાઉન્ડ કંટ્રોલ ભારતમાં રહેશે

**અબતક, રાજકોટ**

સ્થાનિક ખાનગી ક્ષેત્ર દ્વારા બનાવવામાં આવેલો ભારતનો પ્રથમ લશ્કરી ગ્રેડનો જાસૂસી ઉપગ્રહ તૈયાર છે, અને તેને સ્પેસ એક્સ રોકેટ પર લોન્ચ કરવા માટે મોકલવામાં આવ્યો છે. ગ્રાઉન્ડ સ્ટેશન પર પણ કામ ચાલી રહ્યું છે જે એસેટને નિયંત્રિત કરશે અને તેમાંથી સબ-મીટર રિઝોલ્યુશન ઈમેજની પ્રક્રિયા કરશે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ દ્વારા બનાવવામાં આવેલ આ ઉપગ્રહ ગયા અઠવાડિયે પૂર્ણ થયો હતો અને એપ્રિલ સુધીમાં અપેક્ષિત પ્રક્ષેપણ માટે તેને ફ્લોરિડામાં મોકલવામાં આવી રહ્યો છે.

ટાટા એડવાન્સ સિસ્ટમ પ્રોગ્રામનું અનોખું પાસું એ છે કે ગ્રાઉન્ડ કંટ્રોલ ભારતમાં રહેશે, જે સશસ્ત્ર દળો દ્વારા દેખરેખ માટે જરૂરી કોઓર્ડિનેટ્સની ગુપ્તતાને સક્ષમ કરશે. ભૂતકાળમાં, દેખરેખ માટે ચોક્કસ કોઓર્ડિનેટ્સ અને સમય વિદેશી વિક્રેતાઓ સાથે શેર કરવો પડતો હતો. સેટેલાઈટ ઓપરેશનલ મોડમાં હોય ત્યાં સુધીમાં બેંગલુરુમાં અત્યાધુનિક ગ્રાઉન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. કંટ્રોલ સેન્ટર સેટેલાઈટના પાથ અને પ્રોસેસ ઈમેજનું નિર્દેશન કરશે જેનો ઉપયોગ સશસ્ત્ર દળો દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર દેખરેખ રાખવા અને લશ્કરી લક્ષ્યોને પકડવા માટે કરી શકાય છે. ૦.૫-મીટર અવકાશી રીઝોલ્યુશન સાથે છબી પ્રદાન કરવામાં સક્ષમ, ઉપગ્રહ લેટિન અમેરિકન કંપની સેટેલોજિક સાથે ભાગીદારીમાં બનાવવામાં આવ્યો છે.ઈસરો પાસે સબ-મીટર રિઝોલ્યુશન સેટેલાઈટ પણ છે, પરંતુ સરહદ પર દુશ્મનની હિલચાલ પર નજર રાખવા માટે જરૂરી કવરેજના વ્યાપક સ્તરને જોતાં, સશસ્ત્ર દળોએ ભૂતકાળમાં તાત્કાલિક જરૂરી ગુપ્ત માહિતી મેળવવા માટે યુએસ કંપનીઓ પર આધાર રાખ્યો હતો. ખાસ કરીને ચીન સાથે એલએસી સાથેના વિકાસ પછી વિદેશી સંસ્થાઓ પાસેથી છબીની ખરીદીમાં વધારો થયો છે.

તેની પ્રાથમિક સંરક્ષણ ભૂમિકા સાથે, સેટેલાઈટ ઈમેજીને મિત્ર દેશોમાં પણ નિકાસ કરી શકાય છે. એવું માનવામાં આવે છે કે ઓર્ડર માટે ટી.એ.એસ. એલનો સંપર્ક કરવામાં આવ્યો છે. બેંગલુરુ પ્લાન્ટ વર્ષમાં ૨૫ આવા નીચા પૃથ્વી ભ્રમણકક્ષાના ઉપગ્રહો ઉત્પન્ન કરવામાં સક્ષમ છે, જે તકનીકી રીતે ટૂંકા ગાળામાં સમગ્ર નક્ષત્રને અવકાશમાં મૂકી શકે છે. એવું જાણવા મળ્યું છે કે ઉપગ્રહ બનાવવા માટે ટેક્નોલોજીનું શોષણ ઘટક સ્તરે કરવામાં આવ્યું છે અને મોટી વ્યૂહરચનાના ભાગરૂપે, દેશમાં ભાવિ પેલોડ્સ વિકસાવી શકાય છે અને દળોની જરૂરિયાતો અનુસાર કસ્ટમાઈઝ કરી શકાય છે.

# અમરેલીઃ સાવરકુંડલાના સ્વામિનારાયણ મંદિરથી ગઢપુર સુધી પદયાત્રા માટે હરિભકતોનું પ્રસ્થાન

## ૨૧મી એ ગઢપુર ખાતે ભવ્ય શાકોત્સવમાં ૪૫૦ ગામોના હરિભકતો ઉમટશે

**અબતક,પ્રદીપ ઠાકર, અમરેલી**

વડતાલ આચાર્ય અહેન્દ્ર પ્રસાદ મહારાજની ૭૫મી જન્મ જયંતી નિમિત આજથી ૨૧ ફેબ્રુઆરી એટલેકે બે રાત્રિ અનેં ત્રણ દિવસ પદયાત્રા કરી અમરેલીના સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિર થી ગઢપુર સુધી હરિભક્તો જવા રવાના થયા છે ત્યારે ૭૫મી જન્મ જયંતી છે એટલે ૭૫ ગામના લોકો પદયાત્રામા જોડાય તેવી ઈચ્છા હતી પરંતુ તે વધીને ૧૫૦ ગામોના હરિભક્તો પોતાની ઈચ્છાથી સ્વયંભૂ આ યાત્રામાં જોડાયા છે યાત્રામાં રાજુલાના કોવાયા તેમજ સાવરકુંડલા, મોટા ગોખરવાળા ચરખડિયા, નાના ગોખરવાળા દેવળિયા. અમરેલી વગેરે ગામોથી



સેંકડોની સંખ્યામાં હરિભક્તો સ્વયંભૂ જોડાયા છે. બપોરે ગોખરવાળા ભોજન પ્રસાદ ત્યારબાદ અમરેલી રાત્રિ રોકાણ ફરી બપોરે લાઠી ભોજન પ્રસાદ અને બીજી રાત્રિ રોકાણ ચાવંડ ગામે કરી ગઢપુર પહોંચશે, પદયાત્રીઓ માટે રૂટ ઉપર ઠેર ઠેર આઈસ્ક્રીમ, સરબત ચા તેમજ ટાઈમ સર જમવાની વ્યવસ્થા હરિભક્તો દ્વારા કરવામાં આવી છે યાત્રાનું સફળ આયોજન ગઢડા ગોપીનાથજી મંદિરમાં રહી સેવા આપતા પાર્ષદ રમેશ ભગત અને સ્વામીની આગેવાનીમાં સમગ્ર પદયાત્રા થઈ રહી છે યાત્રામાં ૧૭ વર્ષથી લઈ ૭૦ વર્ષના વૃધ્ધાઓ પણ જોડાયા.

# જે.એસ.જી. આઈ. ડોનેશન અને વિવેકાનંદ કલબના પ્રયાસથી

## જૈન પરિવારના સ્વ. જયવંતભાઈ મહેતાના ચક્ષુદાનથી બે દ્રષ્ટિહિનોને આવશે રોશની

**અબતક,રાજકોટ**

જૈન પરિવાર, રાજકોટ નિવાસી સ્વ. જયવંતભાઈ અમૃતલાલ મહેતા (ઈમ્પલસ સ્ટીલ કંપની) ના પત્ની ઈન્દિરાબેન જયવંતભાઈ મહેતા (ઊ. વ.૮૪) અરિહંત શરણ પામતા તેમના પુત્રો તે રાજેશભાઈ, સંદીપભાઈ (જે.એસ.જી.રાજકોટ મિડટાઉન ના પૂર્વ પ્રમુખ) હિમાંશુભાઈ (રોટરી કલબ રાજકોટ ગ્રેટર) ની સહમતી થી ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે.

સ્વ. ઈન્દિરાબેન જયવંત ભાઈ મહેતા નાં ચક્ષુદાન જૈન સોશિયલ ગ્રુપ નાં આશ્રય કમિટી ચેરમેન આઈ ડોનેશન ડ્રાઈવ નાં ઉપેનભાઈ મોદી અને વિવેકાનંદ યુથ કલબ નાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને કન્વીનર અનુપમભાઈ દોશી દ્વારા ચક્ષુદાન કરાવવામાં આવેલ. ડો.ધર્મેશ શાહ દ્વારા ચક્ષુનો સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાઓનું ૯૫ મુ ચક્ષુદાન છે. શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

# નાસા બાવન વર્ષ પછી ચંદ્ર પર પોતાનું અવકાશયાન લેન્ડ કરવા સજ્જ

## સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટનો ઉપયોગ ઓડીસિયસ લેન્ડરને અવકાશમાં લોન્ચ કરવા માટે કરવામાં આવશે

### ટેકનિકલ કારણોસર લોન્ચિંગ મુલતવી રખાયું પહેલા ૧૪ ફેબ્રુઆરી નક્કી હતી

**અબતક, નવીદિલ્હી**

અમેરિકન સ્પેસ એજન્સી નાસા ૫૨ વર્ષ પછી એટલે કે ૧૯૭૨ પછી પહેલીવાર ચંદ્ર પર પોતાનું અવકાશયાન લેન્ડ કરવા જઈ રહી છે. આ મૂન લેન્ડરનું નામ ઓડીસિયસ છે. તેને આઈ.એમ નામની કંપનીએ બનાવ્યું છે. તેને આઈ એમ -૧ મૂન લેન્ડર પણ કહેવામાં આવી રહ્યું છે. લોન્ચિંગ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ થવાનું હતું પરંતુ ટેકનિકલ કારણોસર તે મુલતવી રાખવામાં આવ્યું હતું.

આ પ્રક્ષેપણ ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી કરવામાં આવ્યું હતું. સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટનો ઉપયોગ ઓડીસિયસ લેન્ડરને અવકાશમાં લોન્ચ કરવા માટે કરવામાં આવ્યો છે. આ મિશનનું નામ છે આઈ.એમ સ્પેસક્રાફ્ટ. જો બધું બરાબર રહેશે તો ચંદ્ર પર તેનું લેન્ડિંગ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ થશે. નાસાએ આ કામ માટે આઈ.એમ સાથે ૧૧૮ મિલિયન ડોલર એટલે કે ૯૭૯.૫૨ કરોડથી વધુનો કરાર કર્યો હતો. આ પછી આઈ.એમ-એ ઓડીસિયસ મૂન લેન્ડર બનાવ્યું. આ લેન્ડરને નાસાના કોમર્શિયલ લુનર પેલોડ સર્વિસીસ પ્રોગ્રામ હેઠળ બનાવવામાં આવ્યું છે. કેપ કેનાવેરલ, ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ ૩૯બી પરથી લોન્ચ કરવામાં આવશે.





સ્પેસએક્સ પાસે આ મિશનના પ્રક્ષેપણ માટે આ અઠવાડિયે માત્ર ત્રણ દિવસની લોન્ચ વિન્ડો હતી. ૧૪ ફેબ્રુઆરીની લોન્ચ વિન્ડો બળતણને કારણે બગડી ગઈ હતી. જો આજનું લેન્ડિંગ સફળ રહેશે તો આ લેન્ડર ૨૨ ફેબ્રુઆરીએ ચંદ્રની સપાટી પર ઉતરશે. આ પહેલા જાન્યુઆરીમાં પણ તેને લોન્ચ કરવાની તૈયારી હતી પરંતુ ખરાબ હવામાનને કારણે તેને મોકૂફ રાખવામાં આવી હતી. આ કુલ ૧૬ દિવસનું મિશન છે. એટલે કે નોવા-સી ઓડીસિયસ લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતર્યા પછી ૭ દિવસ સુધી કામ કરશે. આ દુનિયાનું પહેલું ખાનગી કંપનીનું લુનર લેન્ડર છે, જે ચંદ્ર પર ઉતરવા જઈ રહ્યું છે. કારણ કે આ પહેલા અમેરિકન એજન્સી નાસાએ તેનું છેલ્લું મૂન લેન્ડિંગ મિશન ૧૯૭૨માં અપોલો ૧૭ કર્યું હતું.

જો બધું બરાબર રહેશે તો આ લેન્ડર ૯ દિવસમાં ચંદ્ર પર પહોંચી જશે. પરંતુ જો આજનું લોન્ચિંગ મુલતવી રાખવામાં આવે તો માત્ર એક વધુ દિવસની લોન્ચ વિન્ડો બાકી છે.

અને તે ૧૬મી ફેબ્રુઆરી છે. આ પછી તે સાત દિવસ ત્યાં રોકાશે. નાસા અને આઈએમ ઈચ્છે છે કે લેન્ડિંગ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સ્થિત માલાપર્ટ એ ક્રેટર પાસે થાય. માલાપર્ટ ક્રેટર ૬૯ કિલોમીટર પહોળું છે. લેન્ડિંગ પછી, આ મિશન બે અઠવાડિયા પછી સમાપ્ત થશે. કારણ કે ત્યાં અંધકાર હશે.

# યુ.એસમાં હીરાના આયાતકારોએ સ્વ-પ્રમાણપત્ર આપવું પડશે : સરકારે લીધો નિર્ણય

## સર્ટિફિકેટ આપ્યા બાદ જ સુરત ખાતે હીરાને પોલીસ કરવા મોકલાશે

**અબતક, નવીદિલ્હી**

વિશ્વના સમૃદ્ધ બજારોમાંથી રશિયન હીરાને બહાર કાઢવાની સમયમર્યાદાના એક પખવાડિયા કરતાં પણ ઓછા સમય પહેલાં, એક મૂંઝવણભર્યો, અસ્થિર વેપાર ખેંચ અને દબાણ અનુભવી રહ્યો છે યુરોપ દ્વારા સંભવિતપણે તેનો ઘટતો પ્રભાવ પાછો મેળવવા માટે ભયાવહ દબાણ ઉભુ થઈ રહ્યું છે. જેને ધ્યાને લઈ નિયમ લાગુ કરવામાં આવ્યો છે આફ્રિકા અને ભારત આનો વિરોધ કરે છે અને સૌથી મોટા બજાર યુએસમાં ગયા અઠવાડિયે એક નવી, અલગ યોજના ઘડવામાં આવી હતી, જે ભૌગોલિક રાજનીતિની અરાજકતા વચ્ચે વ્યવસાયો માટે જીવન સરળ બનાવી શકે છે.

ગયા અઠવાડિયે અમેરિકી સરકારના અધિકારી અને દેશના અગ્રણી જ્વેલર્સ વચ્ચેની બેઠક બાદ આશાનું કિરણ જગાવવામાં આવ્યું હતું, જેઓ વિશ્વભરમાં ખનન કરાયેલા હીરાની આયાત કરે છે અને ભારત અને અન્ય દેશોમાં પોલિશ કરે છે. બેઠકમાં એવો સંકેત આપવામાં આવ્યો હતો કે યુએસ તેના જ્વેલર્સ પાસેથી સ્વ-પ્રમાણપત્ર સ્વીકારી શકે છે કે દેશમાં આયાત કરવામાં આવતા હીરાની કોઈ રશિયન લિંક નથી. અહીં, પ્રક્રિયા માછલી અને સીફૂડની આયાત કરતી યુએસ કંપનીઓ માટે લાગુ પડતી પ્રક્રિયા જેવી જ હોઈ શકે છે, ઉદ્યોગના એક વરિષ્ઠ વ્યક્તિએ જણાવ્યું હતું.

યુ.એસ. કસ્ટમ્સ નિયમન મુજબ રશિયામાંથી આયાત સામેના પ્રતિબંધોને ધ્યાનમાં રાખીને, આ વ્યવસાયોએ સ્વ-પ્રમાણિત કરવું આવશ્યક છે કે યુએસમાં આયાત



કરાયેલ માછલી, સીફૂડ અને સીફૂડ ઉત્પાદનોમાં રશિયાથી આવતા કોઈપણ ઈનપુટ્સ શામેલ નથી. સ્વ-પ્રમાણપત્ર પ્રણાલી ઈ.યુ જેના માટે દબાણ કરી રહી છે તેના કરતા અલગ હશે અને તેથી વધુ સ્વીકાર્ય હશે,'' વ્યક્તિએ કહ્યું. યુરોપિયન યુનિયન ઈચ્છે છે કે બેલ્જિયમની એક કેન્દ્રીય સંસ્થાને પ્રમાણિત કરવાની એકમાત્ર સત્તા હોય કે સુરતમાં પોલિશ્ડ કરાયેલા હીરાનું રશિયામાં ખાણકામ કરવામાં આવ્યું ન હતું. આફ્રિકન દેશો અને ભારત દ્વારા આ નિયમન પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે, જેઓ માને છે કે અંતિમ વપરાશ કેન્દ્રો પર લઈ જતા પહેલા પથ્થરોને બેલ્જિયમમાં મોકલવાની સિસ્ટમ ખર્ચમાં વધારો કરશે, સોદામાં વિલંબ કરશે અને વર્ષો જૂના વેપારમાં વિક્ષેપ પાડશે. ભારતે હાલમાં જ જી૭ સમક્ષ આ મુદ્દે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે.

૧૫મી ફેબ્રુઆરીએ યુએસ અધિકારી (જે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં સેકશન્સ કોઓર્ડિનેટરની ઓફિસમાં વરિષ્ઠ સલાહકાર છે) સાથેની વર્ચ્યુઅલ મીટિંગ ૧ માર્ચ, ૨૦૨૪થી અમલમાં આવનાર પ્રબલિત પ્રતિબંધોના પ્રકાશમાં મહત્વપૂર્ણ છે. પગલાં (યુક્રેન સામેના યુદ્ધ પછી)નો ઉદ્દેશ્ય રશિયન રાજ્ય-નિયંત્રિત કંપનીઓ દ્વારા ખનન કરાયેલ રફ હીરાના વેચાણમાંથી રશિયન સરકારને નાણાંનો પ્રવાહ ઘટાડવાનો છે.

૧ માર્ચથી, ૧ કેરેટ અથવા તેથી વધુના બિન-ઔદ્યોગિક રશિયન હીરાને જી૭ બજારોમાંથી પ્રતિબંધિત કરવામાં આવશે, ભલે રશિયામાં ખનન કરાયેલા પથ્થરો ''રશિયાની બહારના અન્ય ઉત્પાદનોમાં નોંધપાત્ર રીતે રૂપાંતરિત'' હોય. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ (જ્યારે ભારત તેની અસર વધુ અનુભવશે) થી કદ મર્યાદા ઘટાડીને ૦.૫ કેરેટ કરવામાં આવશે. યુએસ સરકારના ફોરેન એસેટ્સ કંટ્રોલ દ્વારા ૮ ફેબ્રુઆરીએ આની જાહેરાત કરવામાં આવી હતી.

# રાજકોટ ટેસ્ટમાં ભારતનો રેકોર્ડબ્રેક 'વિજય' !!!

## જયસ્વાલની બેવડી બાદ લોકલ બોય જાડેજાની પાંચ વિકેટે ઈંગ્લેન્ડને 'ધ્વસ્ત' કર્યું

**અબતક, રાજકોટ**

ત્રીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે ૪૩૪ રનથી સૌથી મોટો ટેસ્ટ-વિજય મેળવીને ભારતીય ટીમે ઈતિહાસ રચ્યો છે. આ સાથે જ પાંચ મેચની ટેસ્ટ સિરીઝમાં ભારતીય ટીમે ૨-૧થી લીડ મેળવી છે. રાજકોટ ટેસ્ટમાં રોહિત શર્માએ ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. રોહિત શર્મા અને જાડેજાની સેન્ચુરીની મદદથી ભારતીય ટીમે પ્રથમ ઈનિંગમાં ૪૪૫ રન ખડકી દીધા હતા. એના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૩૧૯ રન બનાવીને ઑલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડના બેન ડકેટે ૧૫૩ રન કર્યા હતા. ભારતીય ટીમે બીજી ઈનિંગમાં ૪ વિકેટ ગુમાવીને ૪૩૦ રને દાવ ડિક્લેર કર્યો હતો. યશસ્વી જયસ્વાલની ડબલ સેન્ચુરી અને શુભમન ગિલના ૯૧ રનના યોગદાનને કારણે ભારતીય ટીમે ઈંગ્લેન્ડને જીતવા માટે ૫૫૭ રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો.

બે વિકેટે ૧૯૬ના સ્કોર સાથે ભારતીય ટીમે ચોથા દિવસની રમતની શરૂઆત કરી હતી. શુભમન ગિલ ૯૧ રને રનઆઉટ થતાં ૯ રનથી સેન્ચુરી ચૂક્યો હતો. કુલદીપ યાદવ ૨૭ રન બનાવી રેહાન અહમદની ઓવરમાં કેચઆઉટ થયો હતો. મુંબઈકર યશસ્વી અને સરફરાઝે પાંચમી વિકેટ માટે ૧૭૨ રનની પાર્ટનરશિપ કરીને ૪૩૦ રન બનાવ્યા બાદ ભારતે ઈનિંગ ડિક્લેર કરી હતી. રિટાયર-હર્ટ થઈને પાછો ફરનાર યશસ્વી ૧૪ ચોગ્ગા અને ૧૨ સિક્સરની મદદથી ૨૧૪ રનની યાદગાર ઈનિંગ રમ્યો હતો. સરફરાઝ પણ ૬૮ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમીને અણનમ રહ્યો હતો. વિશાળ ટાર્ગેટ ચેઝ કરવા ઊતરેલી ઈંગ્લેન્ડની બીજી ઈનિંગની શરૂઆત ખરાબ રહી હતી. ૧૮ રનના સ્કોર સુધી ઓપનર બેન ડકેટ અને ઝેક ક્રોવલી પેવિલિયનમાં પહોંચી ગયા હતા. ઈંગ્લેન્ડના ૭ બેટ્સમેન ૫૦ રનના સ્કોરે આઉટ થયા હતા. અંતે જાડેજાની ઓવરમાં ૧૨૨ રનના સ્કોરે ઈંગ્લેન્ડની ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી રવીન્દ્ર જાડેજાએ પાંચ વિકેટ લીધી હતી. એ સિવાય કુલદીપને બે, બુમરાહ અને અશ્વિનને એક-એક વિકેટ મળી હતી. ત્રીજી ટેસ્ટમાં ૧૧૨ રન અને ૭ વિકેટ સાથે જાડેજા હોમ ગ્રાઉન્ડ પર મેન ઑફ ધ મેચ જાહેર થયો હતો.





ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ સૌથી વધુ ૫ વિકેટો ઝડપી હતી જ્યારે કુલદીપ યાદવને બે વિકેટ અને જસપ્રિત બુમરા તથા અશ્વિનને એક-એક વિકેટ મળી હતી. આજનો દિવસ પૂરો થવાને બે ઓવર કરતા પણ ઓછો સમય બાકી હતો ત્યારે ઈંગ્લેન્ડની ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી. અશ્વિને આજે લીધેલી વિકેટના કારણે તે અત્યાર સુધીમાં ૨૫૦ ડાબોડી બેટ્સમેનની વિકેટ લેનાર પ્રથમ બોલર બની ગયો છે. પ્રથમ ઈનિંગની સરસાઈને ગણતરીમાં લેતા ભારતે કુલ ૫૫૬ રન બનાવ્યા હતા અને ઈંગ્લેન્ડને ૫૫૭ રનનો પીછો કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

આ જંગી લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડની ટીમમાં ક્યારેય આત્મવિશ્વાસ દેખાયો નહીં અને પત્તાના મહેલની જેમ ટીમનું પતન થયું હતું.

# વડાપ્રધાન ૨૫મીએ રૂ ૧૨૧ કરોડના ખર્ચે ''મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હેલ્થ બિલ્ડીંગ''નું કરશે લોકાર્પણ

## ૭૯૩ બેડ, ટ્રાઈએજ એરિયા, ઓપરેશન થીયેટર, કુપોષિત બાળકો માટે ન્યુટ્રીશનલ રીહેબિલિટેશન સેન્ટર સહિતની સુવિધાથી સજ્જ

## નવજાત બાળકો અને પ્રસુતાઓ માટે એન.આઈ.સી.યુ., પી.આઈ.સી.યુ. અને એસ.એન.સી.યુ.ની સુવિધાઓ





**અબતક,રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૨૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે રૂ. ૧૨૧ કરોડના ખર્ચે ''મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હેલ્થ બિલ્ડીંગ''નું લોકાર્પણ કરવામાં આવશે, જેના પરિણામે સૌરાષ્ટ્ર- કચ્છની જનેતાઓ અને નવજાત શિશુઓને એક જ સ્થળેથી વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ મળી રહેશે. આ બિલ્ડીંગ મુખ્યત્વે પીડીયાટ્રિક વિભાગ અને ગાયનેક વિભાગ સહિત લેબોરેટરી અને રેડિયોલોજીની અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે.

ગાયનેક વિભાગમાં ૩૭૦ બેડ અને ૯ ઓપરેશન થીયેટર બ્લોક, ૧૮ બેડનો પ્રસુતિ રૂમ, રિસ્કી ડીલીવરી માટે ક્વોલિફાઈડ નર્સિંગ દ્વારા ૪ બેડના મીડ વાઈફ લેડ કેર યુનિટ અને નવજાત શિશુ માટે હ્યુમન મિલ્ક બેંકની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ ૬ બેડનો ટ્રાઈએજ એરિયા, નવજાત શિશુઓની સારવાર માટે ચાર ન્યુ બોર્ન કોર્નરની સુવિધા, સગર્ભાઓ, સ્ત્રીરોગ, કુટુંબ નિયોજન તેમજ બાળકો માટે ''૧૦૦૦ દિવસ''ના સર્ટીફીકેશન મુજબ અલગથી લેબરરૂમ, ઓ.પી.ડી.ની વ્યવસ્થા અને મમતા કિલનિક સહીત ''ઓલ ઈન વન સેન્ટર'' બનાવવામાં આવ્યું છે.

જયારે પીડીયાટ્રિક વિભાગમાં તાજા જન્મેલા બાળકોની સારવાર માટે ત્રણ લેવલમાં એન.આઈ.સી.યુ. (નિયોનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ) બનાવાયું છે. તેમજ એન.આઈ.સી.યુ. ટ્રેનિંગ માટે ૧૦૦ લોકોની બેઠક વ્યવસ્થાનું ટ્રેનિંગ સેન્ટર ઉપલબ્ધ કરાશે. ઉપરાંત, બાળકો માટે વેન્ટીલેટર સાથે ૨૫ બેડનું આઈ.સી.યુ., કુપોષિત બાળકોના વજન વધારવા માટેનું ૨૫ બેડનું ન્યુટ્રીશનલ રીહેબિલિટેશન સેન્ટર પણ તૈયાર કરવામાં આવ્યું છે.

બાળકોમાં રકતસંબંધી જનીનિક રોગો જેવા કે હીમોફેલીયા અને થેલેસેમીયાગ્રસ્ત બાળકોને લોહી ચડાવવા માટેના અલાયદા વિભાગ સહિત પીડીયાટ્રિક ન્યુરો સર્જીકલ અને સર્જીકલ વિભાગ તેમજ બાળકોની સારવાર દરમ્યાન રમત-ગમત માટેનો પ્લે એરિયા બનાવવામાં આવ્યો છે. મોટી ઉંમરના બાળકો માટે હાઈ ડીપેન્ડન્સી યુનિટ, પોર્ટેબલ સોનોગ્રાફી, કાર્ડીયોગ્રાફી મશીન સહિતની સુવિધાઓનો લાભ સૌરાષ્ટ્રના દર્દીઓને મળી રહેશે.

### સિવિલ હોસ્પિટલ ખાતે વડાપ્રધાનના હસ્તે સીટી સ્કેન સેન્ટર ખુલ્લું મુકાશે

**ફૂલ બોડી સ્કેન, હેડ સ્કેન, એન્જીઓગ્રાફી, અદ્યતન ઈમિજીંગ સેવાઓ ઉપલબ્ધ**



રાજકોટ સિવિલ ખાતે પી.એમ.એસ.એસ.વાય(પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના) અન્વયે અનેકવિધ મેડીકલ સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં કેથલેબ, એમ.આર.આઈ. ઉપરાંત સીટી સ્કેન સેન્ટરની વધુ એક સુવિધા પ્રધાનમંત્રીના હસ્તે તા.૨૫ ફેબ્રુઆરીના રોજ ખુલ્લી મુકાવા જઈ રહી છે. સિવિલ હોસ્પિટલના અધિક્ષક (અનુ. આઠમા પાને)

# એઈમ્સમાં ૬૪ કલાકારો મોદીનું ભવ્ય સ્વાગત કરશે, રેસકોર્ષમાં ગીતા રબારી રમઝટ બોલાવશે

## રેસકોર્ષમાં સભા સ્થળે ૧૨ વીઆઈપી તથા ૩૯ સામાન્ય બ્લોક હશે, ૧૧ એન્ટ્રી ગેઈટ હશે : ફરજ માટે ૨૦૦થી વધુ મહેસુલી કર્મચારીઓના ઓર્ડર : ૫ ડેપ્યુટી કલેકટર અને ૪ મામલતદારને પણ સરકારમાંથી ફરજ સોંપાઈ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૫મીએ રાજકોટ આવી રહ્યા છે.

અહીં તેઓ એઈમ્સ અને ઝનાના સહિતના અનેક પ્રોજેકટનું લોકાર્પણ કરવાના છે.

આ વેળાએ એઈમ્સમાં ૬૪ કલાકારો મોદીનું ભવ્ય સ્વાગત કરશે. આ ઉપરાંત રેસકોર્ષમાં ગીતા રબારી રમઝટ બોલાવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તાં.૨૪ અને ૨૫માં રોજ સૌરાષ્ટ્ર પ્રવાસે આવવાના છે. વડાપ્રધાન મોદી તા.૨૪ના રોજ દેવભૂમિ દ્વારકા ખાતે બનેલા સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કરવાના છે. ત્યારબાદ તેઓ રાત્રી રોકાણ પણ દ્વારકા જ કરવાના હોવાનું જાણવા મળી રહ્યું છે.

વધુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારકાથી સીધા રાજકોટની ભાગોળે પરાપીપળીયા નજીક આવેલ એઈમ્સ ખાતે હેલિકોપ્ટર મારફત આવવાના છે.

એઈમ્સના લોકાર્પણ સાથે તેઓ દ્વારા અન્ય ૪ એઈમ્સનું પણ ઈ લોકાર્પણ કરવામાં આવનાર છે.

ત્યાંથી વડાપ્રધાન મોદી રેસકોર્ષ ખાતેના સભા સ્થળે પહોંચવાના છે. વડાપ્રધાન મોદી અહીંથી વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાના છે. આ સભા સ્થળે અંદાજે ૨ લાખની મેદની એકત્ર કરવાનો પક્ષ દ્વારા લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

વધુમાં અંદાજે ૧૪૦૦ બસો વડાપ્રધાનના કાર્યક્રમ માટે ફાળવવામાં આવનાર છે. જેમાં રાજકોટ ડિવિઝનની કુલ ૫૦૦ બસોમાંથી ૨૦૦ બસ ઉપયોગમાં લેવાશે. રાજકોટ સિટીમાંથી ૫૦ હજાર લોકો એકત્ર કરવાનું આયોજન કરાયુ છે.

આ સાથે જૂનાગઢ, મોરબી, અમરેલી, સુરેન્દ્રનગર, બોટાદ સહિતના જિલ્લામાંથી પબ્લિક લઈ આવવામાં આવશે.

માત્ર જામનગર, દ્વારકા અને પોરબંદરની પબ્લિકને નહિ લઈ આવવામાં આવે. તેઓને દ્વારકાના કાર્યક્રમમાં લઈ જવાશે.

વડાપ્રધાન મોદીની સભા માટે રેસકોર્ષમાં ૫ જર્મન ડોમ તૈયાર કરવામાં આવશે. આ સાથે ૧૦ એલઈડી મુકવામાં આવશે.

આ માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં ૨૬ કમિટીની રચના કરવામાં આવી છે. વડાપ્રધાનની સુરક્ષાને લઈને પણ તમામ તૈયારીઓ થઈ રહી છે.

રાજકોટમાં ૩ જગ્યાએ પીએમનું સેફ હાઉસ બનશે. આ સેફ હાઉસ એઈમ્સ, રેસકોર્ષ અને સર્કિટ હાઉસ ખાતે બનાવવામાં આવશે.

બીજી તરફ રેસકોર્ષમાં ગીતા રબારી રમઝટ બોલાવવાના છે.

એઈમ્સમાં ૬૪ કલાકારો પીએમનું સ્વાગત કરશે. જેમાં તાંડવ નૃત્ય એકેડમીના ૧૮ નૃત્યકારો સાથે માંડવડી અને નૃત્ય, શકિત વૃંદના ૧૮ નૃત્યકારો દાંડિયા, છત્રી અને રૂમાલ સાથે રાસ રજૂ કરશે. જયારે લાસ્ય નર્તન એકેડમીના ૧૮ નૃત્યકારો ટિપ્પણી, ઘડા સાથે રાસ અને ગરબા કરશે. બીજી તરફ ૨૦૦થી વધુ મહેસુલી કર્મચારીઓના ઓર્ડર કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સરકારમાંથી ૫ ડેપ્યુટી કલેકટરના ઓર્ડર ઉપરાંત ૪ મામલતદારના પણ ઓર્ડર કરવામાં આવ્યા છે.

# સ્વ. ચારુબેન કુંડલિયાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે યોજાયો ભવ્ય સ્મરણાંજલિ કાર્યક્રમ

## સુપ્રસિદ્ધ ભજનીક અનુપ જલોટા, અપરા મહેતા, અરવિંદ વેગડા સહિતના કલાકારો રહ્યા વિશેષ ઉપસ્થિત : ભજનીક અનુપ જલોટાના ભજને ઉપસ્થિત લોકોને મંત્રમુગધ કર્યા





**અબતક, રાજકોટ**

સ્વ ચારુબેન કુંડલીયાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે કે.કે ગ્રુપ અને કુંડલીયા પરિવાર દ્વારા સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે શુભેચ્છા ભજનીક અનુપ જલોટા, અપાર મહેતા સહિતના દિગજજ કલાકારો રાજકોટ આવી પહોંચ્યા હતા. ભજનીક અનુપ જલોટા અને અપરા મહેતાએ સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરની મુલાકાત લીધી હતી અને ધન્યતા પણ અનુભવી હતી. એટલુજ નહિ કલાકારોએ સવિશેષ પૂજાનો લાભ લઈ સિદ્ધિવિનાયક મંદિરની દિવ્યતાના વખાણ પણ કર્યા હતા.

સાંજના સમયે ભજનીક અનુપ જલોટા દ્વારા અનેકવિધ હૃદય સ્પર્શી ભજનોની સરવાણી સંભળાવી હતી જેને સાંભળવા ખૂબ મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ સુપરસ્ટાર પૂજા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ભાઈ ભાઈ ફેમ અરવિંદ વેગડા એ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને લોકોને મંત્રમુગધ કર્યા હતા. આ પ્રસંગે કુંડલીયા પરિવાર એ જણાવ્યું હતું કે કોઈ પોતાનું વ્યક્તિ જ્યારે સાથ છોડીને વહી જાય તે દુઃખ હર હંમેશ રહે છે અને તેની ભરપાઈ કોઈપણ રીતે શક્ય થાય એમ નથી પરંતુ તે સદગતની આત્માને આનંદ મળે તે માટે અને તે હેતુસર આ પ્રકારના આયોજન થવા જોઈએ અને તેઓને ગમતી પ્રવૃત્તિ જો કરવામાં આવે તો તે આત્મા પણ ખુશ થાય છે જેના ભાગરૂપે જ આ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો રાજકોટ વાસીઓએ લાભ લીધો હતો.

### ભજન હરહંમેશ લોકોને જીવન જીવતા શીખવાડે છે : અપરા મહેતા

ઈન્ડિયન ટેલિવિઝન ના અપરા મહેતાએ અબતક સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે તેઓ ભાવનગરના હોવાથી રાજકોટ પ્રત્યે એક અલગ જ માન અને સન્માન છે ત્યારે એ વાત ખૂબ સારી કે કોઈ તેમના ધર્મપત્ની પાછળ આ પ્રકારના ભજન કાર્યક્રમ રાખે તે સાચા પ્રેમની નિશાની છે. તેઓએ જણાવ્યું હતું કે આજના યુગમાં લોકોએ ખરા અર્થમાં તણાવ મુક્ત જીવન જીવવું ખૂબ જરૂરી છે જો આ કરવામાં તેઓ સફળ નિવડે તો તેઓને જીવનમાં ઘણો ફાયદો પણ પહોંચશે અને હર હંમેશ આનંદીત રહેવું એટલું જ આવશ્યક અને જરૂરી પણ છે.

### તણાવ મુક્ત જીવન એજ સાચું જીવન : અનુપ જલોટા

વિશ્વ પ્રસિદ્ધ ભજનીક અનુપ જલોટાએ અબતક સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, રાજકોટ ખાતે આવેલા સિદ્ધિ વિનાયક મંદિર ખાતે દર્શન કર્યા બાદ એક અલગ જ દિવ્યતાનો અનુભવ થયો છે અને એ વાત સાચી છે કે અહીં ગણપતિ હાજર છે. ૭૦ વર્ષના હોવા છતાં પણ તેઓ ખૂબ યુવાન છે કારણ કે તેમના માટે હર હંમેશ આનંદ જ સફળતાની ચાવી છે. વધુમાં જણાવ્યું હતું કે હાલ જે ભજન સંધ્યાનું આયોજન છે તેમાં પણ તેઓ લોકોને અને ભજન પ્રેમી જનતાને મંત્રમુધ કરી દેશે. તેઓ ઉમેર્યું હતું કે તેઓ રાજકોટ અનેક વખત આવી ચૂક્યા છે પરંતુ આ પ્રકારના કાર્યક્રમમાં તેઓ પ્રથમવાર આવે છે અને તેનો આનંદ પણ અનેરો છે.

# શિક્ષા મંત્રાલય દ્વારા સૌરાષ્ટ્રયુનિવર્સીટી માટે ૧૦૦ કરોડની ગ્રાન્ટ મંજુર

## પ્રધાનમંત્રી ઉચ્ચ શિક્ષા અભિયાન યોજના હેઠળ મલ્ટીડીસીપ્લીનરી એજયુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટી માટે ગ્રાન્ટ મંજુર કરવામાં આવી

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વિસ્તૃત માહિતીસભર પ્રપોઝલ મોકલવામાં આવેલ હતી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેએ નિતિ આયોગની મીટીંગમાં ભાગ લઈ વિવિધ સૂચનો કરેલ હતાં. કુલપતિએ કરેલ આ સૂચનો અને પ્રયત્નોના ફળસ્વરૂપ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને આ ઐતિહાસિક સિધ્ધિ પ્રાપ્ત થઈ છે અને ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પીએમ ઉષા અંતર્ગત રૂ. ૧૦૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી ઉચ્ચ શિક્ષા અભિયાન યોજના હેઠળ મલ્ટીડીસીપ્લીનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટી માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિશેષ ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે. ભારત દેશની કુલ ૨૬ યુનિવર્સિટીઓને જ ઉપરોક્ત યોજના હેઠળ રુ. ૧૦૦/- કરોડની ગ્રાન્ટ મળેલ છે. આ ૨૬ યુનિવર્સિટીઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સમાવેશ થયેલ છે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે ખુબ ગૌરવની વાત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રુ. ૧૦૦/- કરોડની ઐતિહાસિક ગ્રાન્ટ મંજુર કરવા બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેએ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી તથા શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનજીનો આભાર પ્રગટ કરેલ હતો. આ ગ્રાન્ટ મળવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક અને સંશોધન

### સંશોધનને વેગ મળશે

**યુનિવર્સિટીમાં સંશોધનના સાધનો ઉપલબ્ધ થશે જે શિક્ષણ અને સંશોધનની ગુણવત્તામાં વધારો કરશે જેનો સીધો લાભ વિદ્યાર્થીઓને મળશે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દેશની અને વિશ્વની નામાંકિત યુનિવર્સિટીઓમાં સ્થાન પામશે.**

પ્રવૃત્તિને વધુ વેગ મળશે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં ભારત સરકારના શિક્ષા મંત્રાલય તરફથી આટલી મોટી રકમની ગ્રાન્ટ મળી હોય તેવી પ્રથમ ઘટના છે.

પીએમ ઉષા અંતર્ગત ગ્રાન્ટનો હેતુ ભૌતિક અને ડિજિટલ માળખાને અપગ્રેડ કરવાનો છે, જેનાથી શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિને વેગ મળશે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ફેકલ્ટી તાલીમને ખાસ કરીને ડીજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મદદથી ટેકો આપવામાં આવશે. ઙખ-ઞજઇંઅ ના માધ્યમથી યુનિવર્સિટીને શિક્ષણ મિશન અને યુ.જી.સી.ના માનવ સંશાધન વિકાસ કેન્દ્રો ફોર રિસોર્સ શેરીંગ કેન્દ્રો સાથે જોડાણ કરવાની સુવિધા આપવામાં આવશે. શિક્ષણની ગુણવતા સુધારવા માટે મલ્ટીપલ એન્ટ્રી એન્ડ એકિઝટ સીસ્ટમ, CBCS, એકેડેમિક બેંક



ઓફ ક્રેડીટ આ તમામને ઙખ-ઞજઇંઅ હેઠળસાથ-સહકાર આપવામાં આવશે અને તેને પ્રાથમિકતા આપવામાં આવશે. વધુમાં શિક્ષણની વધુ સુલભતા સુનિશ્ચિત કરવા, ડીજીટલ લાઈબ્રેરીઓ બનાવવા, ભાષા શિક્ષણને લોકપ્રિય બનાવવા તેમજ અન્ય બાબતોને વેગ આપવાનો PM-USHA યોજનાનો ધ્યેય રહેલો છે. PM-USHA અંતર્ગત માળખાગત સુવિધા, સંસ્થાઓને સંસ્થાના કેમ્પસમાં વાઈ-ફાઈ સુવિધાઓ, સ્માર્ટ કલાસીસ અને વર્ચ્યુઅલ લેબ પ્રદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં PM-USHA અંતર્ગત મળેલ ગ્રાન્ટમાંથી ઉપરોક્ત બાબતોનો સમાવેશ કરી માળખાગત, શૈક્ષણીક અને સંશોધનાત્મક પ્રવૃત્તિઓ વધુ સુચારૂ રીતે કાર્યરત કરવામાં આવશે. નવી શિક્ષા નિતિ-૨૦૨૦ ની અમલવારી પણ ખૂબ સારી રીતે થઈ શકશે.યોજનાનું લોન્ચિંગ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના વરદહસ્તે જમ્મુ ખાતેથી ડિજિટલ પ્લેટફોર્મ મારફત તારીખ ૨૦/૦૨/૨૦૨૪ને સવારે ૧૧:૦૦ કલાકે થવાનું છે. કેન્દ્ર સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અનુરોધ અનુસાર પ્રધાનમંત્રીના કાર્યક્રમનું લાઈવ સ્ટ્રીમિંગ નિહાળવા માટે અને તેમાં ભાગ લેવા માટે યુનિવર્સિટી ખાતે પણ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં વિસ્તારના ગણમાન્ય વ્યક્તિઓ, લોકસભા, રાજ્યસભા, અને વિધાનસભાના સદસ્ય વગેરેને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવનાર છે.


# વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પીએમ મોદીએ કલ્કિ ધામ મંદિરનો શિલાન્યાસ કર્યો

## કલ્કિ ધામ મંદિર સંકુલ પાંચ એકરમાં તૈયાર થશે, તેનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં ૫ વર્ષ લાગશેઃ મંદિરનું નિર્માણ પણ બંસી પહાડપુરના ગુલાબી પથ્થરોથી કરવામાં આવશેઃ સીએમ યોગી અને આચાર્ય પ્રમોદ રહ્યા હાજર

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશના પ્રવાસે છે. કલ્કિ ધામ મંદિરના શિલાન્યાસ કાર્યક્રમમાં હાજરી આપવા તેઓ સવારે સંભલ પહોંચ્યા હતા. અહીં હેલિપેડ પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમનું સ્વાગત કર્યું. આ પછી તેઓ સીધા જ સ્થળ પર પહોંચ્યા અને પૂજામાં ભાગ લીધો. વૈદિક મંત્રોના જાપ વચ્ચે પીએમ મોદીએ કલ્કિ ધામ મંદિરનું ભૂમિપૂજન કર્યું. પૂજા દરમિયાન પીએમ મોદીની એક તરફ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બેઠા હતા અને બીજી બાજુ આચાર્ય પ્રમોદ કૃષ્ણમ બેઠા હતા. ભૂમિપૂજન વિધિ પૂરી થયા બાદ પીએમ મોદી જ્યારે મંચ પર પહોંચ્યા ત્યારે શ્રી કલ્કિ ધામ મંદિર નિર્માણ ટ્રસ્ટના પ્રમુખ આચાર્ય પ્રમોદ ક્રિષ્નમ અને સ્વામી અવધેશાનંદ ગિરીએ અંગવસ્ત્ર પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું. આચાર્ય પ્રમોદ ક્રિષ્નમે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આપણા શાસ્ત્રોમાં લખ્યું છે કે જ્યારે પણ અધર્મ અને પાપ ચરમસીમાએ પહોંચે છે ત્યારે ભગવાને અનીતિનો નાશ કરવા અને સદાચારની પુનઃસ્થાપના માટે અવતાર લીધો હતો. ત્રેતામાં ભગવાન રામનો જન્મ અયોધ્યામાં થયો હતો, દ્વાપરમાં ભગવાન કૃષ્ણનો જન્મ મથુરામાં થયો હતો. કળિયુગમાં ભગવાન કલ્કિ સંભલની ભૂમિ પર અવતરશે. તેમણે આ કાર્યક્રમમાં આવવા અને કલ્કિ ધામનો શિલાન્યાસ કરવા માટે પીએમ મોદીનો આભાર માન્યો હતો. આ મંદિર શ્રી કલ્કિ ધામ નિર્માણ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવી રહ્યું છે, જેના પ્રમુખ આચાર્ય પ્રમોદ કૃષ્ણમ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દેશભરમાંથી ૧૧૦૦૦ થી વધુ સંતો-મુનિઓ સંભલ પહોંચ્યા છે. મંદિરના શિલાન્યાસ સમારોહમાં ઘણા ધાર્મિક નેતાઓ અને અન્ય મહાનુભાવો પણ હાજર છે. શ્રી કલ્કિ ધામ મંદિર સંકુલ ૫ એકરમાં તૈયાર થશે. તેનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં ૫ વર્ષ લાગશે. આ મંદિરનું નિર્માણ પણ બંસી પહાડપુરના ગુલાબી પથ્થરોથી કરવામાં આવશે.











### કલ્કિ ધામ મંદિરમાં ૧૦ ગર્ભગૃહ હશે

સોમનાથ મંદિર અને અયોધ્યાનું રામ મંદિર પણ બંસી પહાડપુરના પથ્થરોથી બનેલું છે. મંદિરના શિખરની ઊંચાઈ ૧૦૮ ફૂટ હશે. આમાં સ્ટીલ કે લોખંડનો ઉપયોગ કરવામાં આવશે નહીં. શ્રી કલ્કિ ધામ મંદિરમાં ૧૦ ગર્ભગૃહ હશે, જેમાં ભગવાન વિષ્ણુના ૧૦ અવતારોની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવશે.



# ધો.૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

## બોર્ડ દ્વારા તમામ સ્થળ સંચાલકોને પણ પત્ર લખી આજથી જ પરીક્ષાના ગુણ અપલોડ કરવા માટે આદેશ

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના પ્રાયોગિક વિષયોની પરીક્ષા આજથી શરૂ થઈ છે.પ્રાયોગિક પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની હોલ ટિકિટ વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવી હતી. આજથી શરૂ થનારી આ પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. બોર્ડ દ્વારા તમામ સ્થળ સંચાલકોને પણ પત્ર લખી પરીક્ષાના દિવસ એટલે કે આજથી જ પરીક્ષાના ગુણ અપલોડ કરવા માટે આદેશ કરાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના મહત્ત્વના વિષયોની પ્રયોગિક પરીક્ષા શિક્ષણ બોર્ડ દ્વારા જ લેવામાં આવતી હોય છે. આ વખતે આ પ્રાયોગિક પરીક્ષા ૧૯ ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન લેવાની જાહેરાત કરવામાં આવી છે. બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર જ ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા શરૂ કરવા માટે સ્કૂલોને સૂચના આપવામાં આવી હતી. સોમવારથી શરૂ થનારી પ્રાયોગિક પરીક્ષા ૯ દિવસમાં પૂર્ણ થશે અને સ્કૂલોમાં તબક્કાવાર વિદ્યાર્થીઓને બોલાવી પરીક્ષા લેવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા સાયન્સની પ્રાયોગિક પરીક્ષાની હોલ ટિકિટ પણ તાજેતરમાં જ વેબસાઈટ પર અપલોડ કરી દીધી હતી. જેથી સ્કૂલોએ સમયસર હોલ ટિકિટ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને સહિ-સિક્કા કરીને આપી છે અને આ હોલ ટિકિટ સાથે હવે સોમવારથી વિદ્યાર્થીઓ પ્રાયોગિક પરીક્ષા આપશે. પ્રાયોગિક પરીક્ષા વખતે સ્કૂલોમાં ગેરરીતિ ન થાય તે માટે પણ બોર્ડ દ્વારા જિલ્લા કક્ષાએ ખાસ વોચ રાખવા માટે ટીમોને સૂચના આપી હોવાનું પણ જાણવા મળે છે. સોમવારથી લેવાનારી પરીક્ષાને લઈને બોર્ડ દ્વારા તમામ સ્થળ સંચાલકોને પણ પત્ર લખી સૂચના આપી હતી. જેમાં પરીક્ષાના દિવસથી જ એટલે કે સોમવારથી જ પરીક્ષાના ગુણ બોર્ડને ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. આમ, જે દિવસે પરીક્ષા પૂર્ણ થશે તે જ દિવસે બોર્ડને વિદ્યાર્થીઓના ગુણ પણ મળી જશે. જેથી ૨૭મીએ પરીક્ષા પૂર્ણ થશે તે જ દિવસે બોર્ડને પણ પ્રાયોગિક પરીક્ષાના તમામ વિદ્યાર્થીઓના ગુણ મળી રહેશે. જેથી પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા ૧૧ માર્ચથી શરૂ થનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.



# જયાં ત્યાં પીચકારી મારનારાઓની ખૈર નથી, સીસીટીવીની આંખે ચડેલા ૧૮ દંડાયા

**અબતક, રાજકોટ**

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) દ્વારા ક ૧૮ વ્યક્તિઓ ને સીસીટીવી કેમેરા ના માધ્યમ થી જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા ઝડપી, તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરાયો હતો.

રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકોમાં સફાઈ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને સીસીટીવી કેમેરા મારફત ઝડપી લેવા, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા તેમજ જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને પણ સીસીટીવી કેમેરામાં ઝડપી લઈ દંડ વસુલાતની કામગીરી તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને ઈ-ચલણ દ્વારા દંડની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ૧૮ વ્યક્તિઓને સીસીટીવી કેમેરા મારફત જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા ઝડપી તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ હતો.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા તા.૧૭-૦૨-૨૦૨૪ તથા ૧૮-૦૨-૨૦૨૪ ના રોજ ૨૯૭૪ લોકેશન ચેક કરવામાં આવેલ, જેના

(અનુ. આઠમા પાને)



# સૌરાષ્ટ્રના પાટનગરમાં પ્રતિબંધીત પ્લાસ્ટીક વેચનારાઓ પર દંડનો કોરડો વીંજાયો

### પ્રતિબંધીત પ્લાસ્ટીકનો વેપલો કરનારાઓને ૧૮૭૫૦ નો દંડ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫-૦૨-૨૦૨૪થી તા.૨૯ દરમ્યાન સ્વચ્છતા પખવાડિયુંનું આયોજન કરવામાં આવેલ, જે અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો, હોકર્સ ઝોન અને શાક માર્કેટ, ફ્લાયઓવર અને અંડરબ્રીજ, ન્યુસન્સ પોઈન્ટ, પબ્લિક પ્લેસ પ્રોમીનેંટ એરિયાની સફાઈ, કોમ્યુંનીટી તથા પબ્લીક ટોયલેટની સફાઈ, આંગણવાડીની સફાઈ (આસપાસની સફાઈ), આરોગ્યકેન્દ્રની સફાઈ (આસપાસની સફાઈ) સહીત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ - ૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર

(અનુ. આઠમા પાને)



# રાજ્યમાં ૧૦૦ વર્ષ અને તેથી પણ જૂના ૨૯ ડેમ!!

## ૧૦૦ વર્ષ જૂના જળાશયોમાંથી ચાર ડેમ એવા છે જે ૧૮૬૮થી લઇને ૧૮૯૨ના સમયગાળા દરમિયાન બનેલા છે

**અબતક, ગાંધીનગર**


નવો ડેમ બનાવવો હોય તો વર્ષો નિકળી જાય છે ત્યારે રાજ્યમાં ૧૦૦ વર્ષ અને તેથી પણ જૂના ૨૯ ડેમ છે અને હજુ પણ તમામ જળ સંગ્રહ માટે સક્ષમ છે. તે સમયે કચ્છ-સૌરાષ્ટ્ર મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણ બનાવાયેલા આ જળાશયોનું સલામતી માટે જરૂરિયાત મુજબ સમારકામ કરવામાં આવે છે અને તેમાં મજબૂત સાબિત થયા છે. ગુજરાતમાં નર્મદા નદી પરની સરદાર સરોવર યોજના બનતા દાયકાઓ નિકળી ગયા હતા. તે પછી દક્ષિણ ગુજરાતની નદીઓ પર નવા જળાશય બનાવવા રાજ્ય સરકાર વર્ષોથી આયોજન કરી રહી છે પરંતુ હજુ સુધી તેની શરૂઆત પણ કરી શકાઇ નથી. તે સંજોગોમાં ૧૦૦ વર્ષ પૂર્વેના સમયમાં અનેક જળાશયો બનાવાયા હતા. તેવા ૨૯ ડેમ રાજ્યમાં હયાત છે જે ૧૦૦ વર્ષ કે તેથી પણ વધુ જૂના છે. છેલ્લા બે વર્ષમાં આ જળાશયોની ડેમ સેફ્ટી એક્ટ હેઠળ ચકાસણી કરવામાં આવી છે. જેમાં તમામ ૨૯ જેમ જળ સંગ્રહ સારી રીતે કરી શકતા હોવાની માહિતી કોંગ્રેસના અર્જુન મોઢવાડિયાના એક સવાલના લેખિત જવાબમાં જળ સંપત્તિ વિભાગ દ્વારા વિધાનસભામાં અપાઈ છે. ૧૦૦ વર્ષ જૂના જળાશયોમાંથી ચાર ડેમ એવા છે જે ૧૮૬૮થી લઈને ૧૮૯૨ના સમયગાળા દરમિયાન બનેલા છે. મોટાભાગના ડેમ સૌરાષ્ટ્ર વિસ્તારમાં વધુ સંખ્યામાં છે.



# જૈન આચાર્ય લોકેશજી અમેરિકન પ્રતિનિધિમંડળ સાથે અયોધ્યાના દર્શને

## અયોધ્યામાં ૨૪માં તીર્થંકરોના નામે 'સદભાવના સદન' નિર્માણઃ આચાર્ય લોકેશજી







**અબતક, રાજકોટ**

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપક, પ્રખ્યાત જૈન આચાર્ય ડો. લોકેશજી અમેરિકન પ્રતિનિધિમંડળ સાથે અયોધ્યા પહોંચ્યા અને શ્રી રામ મંદિરમાં દેશની સમૃદ્ધિ અને વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે આચાર્ય લોકેશની સાથે ડો.અનિલ શાહ, સ્માર્ટ વિલેજ મુવમેન્ટ-યુએસએના વડા ભવ્ય શ્રીવાસ્તવ, સંસ્થાપક - ધર્મ જગત અને, સુશ્રી તારકેશ્વરી મિશ્રા, સંયોજક - એ.વી.બી ફાઉન્ડેશન, યુ. એસ. એનાં મહિલા પાંખ પણ પ્રતિનિધિમંડળમાં હાજર હતા.

શ્રી રામ મંદિરમાં દર્શન અને પ્રાર્થના બાદ પત્રકારોને સંબોધતા આચાર્ય લોકેશજીએ કહ્યું કે, ભગવાન શ્રી રામ દેશ અને વિશ્વનાં કરોડો લોકો માટે પૂજનીય છે, તેઓ કોઈ એક ધર્મ કે સંપ્રદાયનાં નથી, પરંતુ ભારતની ઓળખનો એક

(અનુ. આઠમા પાને)

# સુરશ્રી સાંસ્કૃતિક ટ્રસ્ટની સંગીત સ્પર્ધામાં ગીત સંગીતની મચી ધૂમ

## ૧૭ જેટલા સ્પર્ધકોની સ્પર્ધાત્મક પ્રસ્તુતી કરાઈ

**અબતક, રાજકોટ**

કલાપ્રેમી નગર રાજકોટમાં અષ્ટછાપ કીર્તન સંગીત વિદ્યાપીઠ, અમદાવાદ અને સુરશ્રી સાંસ્કૃત્તિક ચેરિટેબ ટ્રસ્ટ રાજકોટના સંયુક્ત ઉપક્રમે વિઠ્ઠલદાસ બાપોદરા હવેલી સંગીત સ્પર્ધાનું ભવ્ય આયોજન હેમુ ગઢવી ઓડિટોરીયમ રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી ઓડિશન રાઉન્ડમાંથી સિલેક્ટ થયેલ ૧૭ જેટલાં સ્પર્ધકોને નિમંત્રિત કરી અને તેની સ્પર્ધાત્મક પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ પુષ્ટિ માર્ગીય આયોજનમાં કાશીના પૂજ્ય ગોસ્વામી કલ્યાણરાયજી મહારાજ, કામવન - રાજકોટના પૂજ્ય ગોસ્વામી અનિરૂદ્ધલાલજી મહોદય, કાશીના પૂજ્ય ગૌસ્વામી સુરેશકુમારજી મહોદય અને કામવન - રાજકોટના પૂજ્ય ગોસ્વામી રસેશકુમારજી મહોદયની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે અમદાવાદના સુવિખ્યાત કીર્તનકાર કૃષ્ણદાસ નાયક હતા. દરેકે સ્પર્ધકોની ખુબ સુંદર પ્રસ્તુતિ બાદ નિર્ણાયક દ્વારા નિર્ણય જાહેર કરવામાં આવેલ. જેમાં પ્રથમ વિજેતા વડોદરાના મુદીતા જમરીયા, દ્વિતીય વિજેતા રાજકોટના આયુષ છાટબાર અને તૃતીય વિજેતા રાજકોટના યશવી પારેખ ઘોષિત થયા હતા.

ત્રણેય વિજેતાઓને કિરીટભાઈ રાજપરા, રમેશભાઈ બાપોદરા, રસિકભાઈ બાપોદરા અને કૃષ્ણદાસ નાયકના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા.



# જામનગરમાં મુંગણી ગામમાં જૂની અદાવતના કારણે બે જૂથ વચ્ચે શાસસ્ત્ર ધીંગાણું

## કોન્ટ્રાકટના મામલે ચાલતી માથાકુટની મારામારીમાં આઠ ઘાયલ

**અબતક,જામનગર**

જામનગર તાલુકાના મુંગણી ગામમાં ગઈ રાત્રે જૂની અદાવત ના કારણે બે જૂથ વચ્ચે શાસ્ત્ર ધીંગાણું થયું હતું. અને સામ સામે તલવાર, પાઈપ, ધારીયા જેવા ઘાતક હથિયારો વડે હુમલો કરવામાં આવતાં બંને જૂથના કુલ આઠ લોકો ઘવાયા હતા.

જામનગર તાલુકાના મુંગણી ગામમાં ગઈકાલે એક સમાજવાડી મા લગ્ન પ્રસંગમાં હાજરી આપવા અજીતસિંહ જીલુભા જાડેજા ગયા હતા તેઓ મનોજસિંહ તથા કેશુભા વગેરે સાથે વાડી ની બહાર બેઠા હતા. જ્યાં જયરાજસિંહ જાડેજા જેસીબી મારફત જમીનનું લેવલિંગ અને સફાઈ કામ કરાવી રહ્યા હતા. ત્યારે વાહન નડતર હોવા થી સાઈડ માં રાખવાનું કહેતા અને બંને વચ્ચે અગાઉ પણ ફ્લાયએસ નાં કોન્ટ્રાક્ટ બાબતે ઝઘડો થયો હોવાથી એ જુની અદાવતને કારણે આરોપી જયરાજસિંહ ગુમાનસિંહ જાડેજા, રવિરાજસિંહ ગુમાનસિંહ જાડેજા, ભરતસિંહ ગુમાનસિંહ જાડેજા ( રે .સિક્કા), જાફર યુસુફભાઈ ,વનરાજસિંહ દેદા ( રે.ચેલા ) અને સહદેવ સિંહ ઉર્ફે વિરાટ કેર (રે. મેઘપર) એક સંપ કરીને અજીતસિંહ જાડેજા અને મનોજસિંહ ઉપર તલવાર ધારયા અને ગેડા વડે હુમલો કર્યો હતો. ઉપરાંત અન્ય ને પણ માર માર્યો હતો. આ બનાવો અંગે અજીતસિંહ જિલુભા જાડેજા એ પોલીસ મા ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસે હત્યા પ્રયાસ ની કલમ મુજબ ગુનો નોંધ્યો હતો.

જયારે શામાં પક્ષે રવિરાજસિંહ ગુમાનસિંહ જાડેજા એ પણ ફ્લાયએસ નાં કોન્ટ્રાક્ટ ની જૂની માથાકૂટ નો ખાર રાખી પોતાના ઉપર તેમજ ભરતસિંહ જાડેજા અને જાફર ઉપર તલવાર, ધારીયા અને પાઈપ વડે હુમલો કરવા અંગે તેમજ અન્ય ઉપર પણ હુમલો કરવા અંગે મુંગણી ગામ નાં કેશુભા વિભાજી જાડેજા , ભરતસિંહ દલુભા કેર ,જીતુભા દોલુભા કેર,. રાજેન્દ્રસિંહ જીતુભા જાડેજા ,અજીતસિંહ જીતુભા જાડેજા, જયદેવસિંહ કેશુભા કેસરાણા અને મેઘપર ગામના મનોજ રણજીત જાડેજા અને દિલીપસિંહ ઘોઘુભા પિંગળ સામે વળતી ફરિયાદ નોંધાવી હતી .આ બઘડાટી માં બંને પક્ષના કુલ આઠેક લોકોને નાની મોટી ઈજાઓ થવાથી સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા.

જ્યારે બનાવ જાહેર થતાં જ પોલીસ કાફલો ઘટનાને દોડી ગયો હતો .અને ગામ મા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો . આ બનાવ ની વધુ તપાસ પો. સબ.ઈન્સ. આર એસ બાર ચલાવી રહ્યા છે.

# ઉપલેટા એસ.ટી. ડેપો મેનેજર સહિત ત્રણને બેદરકારીના કારણે જૂનાગઢ ડી.સી. દ્વારા કરાયા સસ્પેન્ડ

## ઉપલેટા-અમદાવાદ રૂટની એસ.ટી. બસનું વિરપુર નજીક ટાયર નીકળી જવાના પ્રકરણમાં સસ્પેન્ડ કરાયા હોવાનું કારણ દર્શાવાયું

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**



જુનાગઢ એસ.ટી. ડિવિઝન હેઠળ આવેલ ઉપલેટા એસ.ટી. ડેપોની ઉપલેટા-અમદાવાદ રૂટની બસનું ગત દિવસે વીરપુર નજીક ટાયર નીકળી જવાના બનાવની અંદર જુનાગઢ એસ.ટી. ડિવિઝનના અધિકારી દ્વારા ઉપલેટાના એસ.ટી. ડેપો મેનેજર રાજેશ ઠુમ્મર સહિત કુલ ત્રણ વ્યક્તિઓને આ બાબતમાં તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે ત્યારે ઉપલેટા ડેપોના એક સાથે ત્રણ જેટલા વ્યક્તિઓને સસ્પેન્ડ કરી દેવાની બાબતને લઈને ખળભળાટ મચી ગયો છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર વીરપુર પાસેના પીઠડીયા ટોલ પ્લાઝા પાસે ઉપલેટા ડેપોની એસ.ટી. બસનું પાછળનુ એક ટાયર નીકળી ગયુ હતું જેમાં ચાલુ બસે પાછળના જોટા માંથી એક ટાયર નીકળી જતા બસમાં બેઠેલા મુસાફરોના જીવ તાળવે ચોટયા હતા અને બૂમાબૂમ શરૂ થઈ ગયું હતી. ઉપલેટા-અમદાવાદ રૂટની એસ.ટી. બસ ઉપલેટાથી અમદાવાદ તરફ જતી હતી ત્યારે રસ્તામાં હાઈવે પર બસનું પાછલું ટાયર ચાલુ બસે અચાનક નીકળ્યું અને એસટી તંત્રના ''સલામત સવારી એસ.ટી. અમારી'' ના દાવાઓ પોકળ સાબિત થયા હતા.

ઉપલેટા ડેપોની ઉપલેટા અમદાવાદ રૂટની બસનું પાછલા જોટાનું ટાયર અચાનક નીકળી જતા બસમાં બેઠેલા મુસાફરોએ વીડિયો સોસિયલ મીડિયા વાયરલ કર્યો હતો અને આક્ષેપો કર્યા હતા કે આ અગાઉ પણ ઉપલેટા ડેપોની બસનું પાછળનું ટાયર ટોલનાકાના પાસે નીકળી ગયું હતું અને ત્રણ વખત ઉપલેટા ડેપોની એસ.ટી. બસના ટાયર નીકળી જવાના બનાવ બન્યા હતા ત્યારે ફરી એકવાર ટાયર નીકળી જતા મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. બનાવ સમયે બસની ધીમી સ્પીડ અને ડ્રાઈવરની સમય સૂચકતાને કારણે સદનસીબે કોઈ જાનહાની નહીં થઈ ન હતી અને બસમાં બેઠેલા મુસાફરોના જીવ બચ્યા હતા.

આ અંગે જુનાગઢ એસ.ટી. ડિવિઝનના ડી.સી. મુકેશ રાવલ દ્વારા ટેલિફોનિક માહિતી આપતા જણાવ્યું હતું કે, આ પ્રકારની ઘટના અગાઉ પણ બનેલ હતી ત્યારે વારંવાર આ પ્રકારની ઘટના બનતા અને મુસાફરોની સલામતીને ધ્યાનમાં લેતા સસ્પેન્ડ કરી દીધા છે તેવું જણાવ્યું છે ત્યારે વીરપુર પાસે બનેલા આ બનાવ બાદ જુનાગઢ વિભાગીય નિયામક એસ.ટી. ડિવિઝનના અધિકારી દ્વારા આ બાબતમાં ઉપલેટાના ડેપો મેનેજર રાજેશ ઠુમ્મર,આર્ટ.એ. મિકેનિક ધર્મેશ ગોંડલીયા અને હેલ્પર જેન્તીલાલ મહેમદાવાદીયા સહિત ત્રણને કરાયા સસ્પેન્ડ કરી દીધા છે.

આ સમસ્ત બનાવની અંદર ખાનગી વાત કઈક અલગ જ માલૂમ પડી રહી છે જેમાં આ અકસ્માતની સમગ્ર બાબત જાણી જોઈને અગાઉ પ્લાનિંગ કરીને બદનામ કરવા માટેની હોવાનું પણ સૂત્રો પાસેથી પ્રાપ્ત થયું છે અને આ આંતરિક વાદ-વિવાદ તેમજ યુનિયનના વિવાદો હોવાથી ટાર્ગેટ બનાવીને બાબતને વિરોધીઓ દ્વારા બદનામ કરવા માટેનું કારસ્તાન આચર્યું હોવાનું સૂત્રો પાસેથી માહિતી મળી છે ત્યારે આ બાબતમાં ઊંડાણપૂર્વક અને તટસ્થ તપાસ અને કાર્યવાહી થાય તો આ બાબતમાં કોણી બેદરકારી અને કોને આ જાણી જોઈને બદનામ કરવા માટે આચર્યું છે તે સામે આવી શકે છે ત્યારે આ બનાવમાં હાલ તો મગ નું નામ મારી પાડવા માટે સમગ્ર બાબત જાણી જોઈને બદનામ અને હેરાન કરવા માટે આચર્યું હોવાનું એસ. ટી. કર્મચારીઓમાં પણ ચર્ચાઈ રહ્યું છે.

# કોન્ટ્રાકટરના અપહરણ મામલે હાઈકોર્ટના આદેશ બાદ ગુન્હો દાખલ કરાયો

## ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના ટેન્ડર મામલે અપહરણ કરી માર માર્યાની રાવ

**અબતક, રાજકોટ**

ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના ટેન્ડરની પ્રક્રિયા માટે સુરતથી ગત તા.૨૨ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ગોંડલ આવેલા દરબાર વેસ્ટ કોર્પોરેશનના સંચાલક અને તેમના સાથીદારનું અક્ષર મંદિર પાસેથી અપહરણ કરી જઈ એક બંગલામાં ગોંધી રાખી માર મારી ત્યારબાદ ચીફ ઓફિસર સહિતના શખ્સોએ કેટલાક કાગળો પર લખાણ કરાવી લીધાની ફરિયાદ હાઈકોર્ટના આદેશ બાદ દાખલ કરવામાં આવી છે.મામલામાં કોન્ટ્રાક્ટરે હાઈકોર્ટનો સંપર્ક કરતા ત્યાંથી આદેશ આવ્યા બાદ પોલીસ ઈન્સપેક્ટર ગોસાઈએ કાનૂની રાહે કાર્યવાહી કરી છે.

પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ ગોંડલમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટેનું ટેન્ડર પ્રસિધ્ધ થયું હતું જેમાં સુરતના દરબાર વેસ્ટ કોર્પોરેશનના સંચાલક બિપીનસિંહ પીલુદરિઆએ પણ ટેન્ડર ભર્યું હતું અને આ માટે તેઓ ગત તા.૨૨-૧૨-૨૦૨૩ના રોજ તેમના સાથીદાર દિનેશભાઈ સતાણી સાથે ગોંડલ આવ્યા હતા. તેઓ અક્ષરમંદિર પાસે હતા ત્યારે ગોંડલ નગરપાલિકાના કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ રઘુરાજસિંહ જાડેજા, સદસ્ય ચંદુભાઈ મોહનભાઈ ડાભી અને મયંકભાઈ કચરાભાઈ વૈષ્ણવ સહિતના શખ્સો બિપીનસિંહ અને તેમના સાથીદાર દિનેશભાઈનું અપહરણ કરી જઈ અક્ષરમંદિરથી થોડે દૂર આવેલા બંગલે લઈ ગયા હતા જ્યાં બંનેને ગોંધી રાખી બિપીનસિંહને માર મારવામાં આવ્યો હતો.

બપોરના સમયે ગોંડલ નગરપાલિકાના ચીફ ઓફિસર અશ્વિન જે. વ્યાસ પણ બંગલે દોડી આવ્યા હતા ત્યારબાદ બિપીનસિંહ અને દિનેશભાઈ સતાણીને પ્રગટેશ્વર ઝેરોક્ષની દુકાને લઈ જઈ કેટલાક લખાણો કરાવીને તેમાં સહીઓ કરાવી લેવામાં આવી હતી, બિપીનસિંહ પાસેથી બળજબરીથી એવું લખાણ કરાવાયું હતું કે, તેઓને હવે કોઈપણ પ્રકારનું ટેન્ડર ભરવું નથી અને હવે પછી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવાની થતી નથી. આટલુ કર્યા બાદ બિપીનસિંહ અને તેના સાથીદારને છોડી દેવાયા હતા.

પીલુદરીઆએ રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓને પણ લેખિતમાં રજૂઆત કરી હતી. ઉપરાંત કોન્ટ્રાકટરે હાઈકોર્ટમાં ઉપરોક્ત બાબતે અરજી કરતા હાઈકોર્ટે બિપીનસિંહની ફરિયાદ નોંધવા હુકમ કરતા બી ડિવિઝન પોલીસે ઉપરોક્ત ચાર વ્યક્તિ સામે કાર્યવાહી શરૂ કરી છે.

# દુધરેજ કેનાલના પુલ પાસે યુવાનનો મૃતદેહ મળ્યો



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

૨૭ વર્ષીય યુવકના મોત અંગે કારણ અકબંધ સુરેન્દ્રનગરની દુધરેજ મેઈન કેનાલના પુલ પાસે શનિવારે લાશહોવાની ફાયર ટીમને જાણ કરાઇ હતી.આથી સ્થળ પર પહોંચી ચાર કલાકે લાશ બહાર કાઢી પોલીસને જાણ કરાઇ હતી.આથી વાલીવારસની તપાસ હાથ ધરાતા વાદીપરા સુરેન્દ્રનગરના હોવાનુ બહાર આવ્યુ હતુ.

દુધરેજ મેઈન કેનાલના પુલ પાસે એક પુરૂષે પડતુ મુક્યાની જાણ કરાઇ હતી.આથી ફાયર વિભાગના દેવાંગભાઇ દુધરેજીયા સહિત તરવૈયાઓની ટીમ ઘટના સ્થળે જઇ તપાસ હાથ ધરી હતી.જેમાં ચાર કલાકની શોધખોળબાદ એક યુવાનની લાશ બહાર કાઢવામાં આવી હતી.આ અંગે પોલીસ મથકે જાણ કરાતા સીટી પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.જ્યાં મૃતકની લાશ કબજો લઇ ઓળખ અંગે કાર્યવાહી હાથ ધરી હતી.જેમાં આ વ્યક્તિ સુરેન્દ્રનગનરના વાદીપરાના રહીશ ૨૭ વર્ષીય લાલભાઇ ગોકળભાઇ બાંભા હોવાનુ બહાર આવ્યુ હતુ.મૃતદેહ પીએમ અર્થે મોકલી અપાયો છે

# ગોંડલઃ કારમાંથી વિદેશી દારૂની ૪૨૦ બોટલ સાથે બે શખ્સ ઝડપાયા

## શરાબ, કાર અને મોબાઈલ મળી રૂ. ૩.૭૩ લાખનો મુદામાલ એલ.સી.બી.એ કર્યો કબ્જેઃ ભાવનગરનાં નામચીન બૂટલેગરની શોધખોળ

**અબતક,રાજકોટ**

ગોંડલના ઘોઘાવદર ગામ નજીક કારમાંથી વિદેશી દારૂની ૪૨૦ બોટલ મળી કુલ રૂ. ૩.૭૩ લાખના મુદામાલ સાથે રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે ગોંડલના શખ્સ સહિત બે શખ્સોની ધરપકડ કરી છે જયારે ભાવનગરના નામચીન બૂટલેગરનું નામ ખૂલતા તેની શોધખોલ હાથ ધરી છે.

ગોંડલનાં ઘોઘાવદર રોડ પર જી.જે.૩ સીએ ૨૦૦૩ નંબરની વર્ના કારમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમને મળી હતી.માહિતી પરથી એલ.સી.બી.ની ટીમ ઘોઘાવદર રોડ પર વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બાતમી મળેલી કાર ત્યાંથી પસાર થતા તેને અટકાવી તલાશી લેતા તેમાંથી શરાબની ૪૨૦ બોટલ મળી આવતા કાર શરાબ અને મોબાઈલ સાથે રાજસ્થાનનો ડ્રાઈવર પાંચારામ બાબુભાઈ બીશ્નોઈ અને ગોંડલનો મતવાનો ઢોરી મોટીબ જારમાં રહેતા મુખ્તાર સીદીકભાઈ ખીરાણી નામના બૂટલેગરને રૂ. ૩.૭૩ લાખનો મુદામાલ સાથે એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા પી.એસ.આઈ. એસ.સી. ગોહિલ, ડી.જી.બડવા, એ.એસ.આઈ. રવિદેવભાઈ બારડ, રોહિતભાઈ બકોત્રા, કોન્સ્ટેબલ મનોજભાઈ બાયલ અને પ્રકાશભાઈ પરમાર સહિત સ્ટાફે ધરપકડ કરી છે.પોલીસે ઝડપાયેલા શખ્સની વિદેશી દારૂ અંગે પૂછપરછ કરતા ઝડપાયેલો શરાબનો જથ્થો ભાવનગરના નામચીન બૂટલેગર યોગેશ ચેલારામ સીંધીએ મોકલ્યો હોવાની કબુલાત આપી હતી. પોલીસે યોગેશ સીંધી વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# મોરબીઃ સીરામીક કારખાનામાં ટ્રક હેઠળ કચડાઈ જતા બાળકનું મોત


**અબતક,ઋષી મહેતા, મોરબી**

મૂળ મધ્યપ્રદેશના બેગડી ગામના વતની દિલીપભાઈ ઈડીયાભાઈ ચૌહાણ ઉવ.૨૩ હાલ મોરબી તાલુકાના કેરાળા(હરીપર) ગામની સીમમાં આવેલ આઈકોલેક્સ સીરામીકના લેબર કોલોનીમાં રહી કારખાનાના માટીખાતામાં મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોય. ત્યારે ગત તા.૧૭/૦૨ના રોજ કારખાનાના માટીખાતામાં શ્રમિક પરિવાર મજૂરી કામ કરતો હોય તેનો દીકરો મયંક ઉવ.૪ સૂતો હોય ત્યારે ટ્રક ટ્રેઈલર રજી. આરજે-૦૯-જીસી-૬૮૩૩ ના ચાલકે પોતાનો ટ્રક પૂર ઝડપે ગફલતભરી રીતે ચલાવી દિલીપભાઈનો દીકરો મયંક ઉવ.૪ કે જે ત્યાં સૂતો હોય તેના ઉપર ટ્રકનું આગળનું વ્હીલ ફેરવી દેતા ૪ વર્ષના બાળકનો માથાનો ભાગ અને મોઢાનો ભાગ છૂંદાઈ જતા તેનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ત્યારે મૃતકના પિતા દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં ટ્રક ટ્રેઈલરના ચાલક સરાફતહુસૈન રહીમબક્ષ શાહ ઉવ-૪૮ રહે.ભાદસોડા તા.ભદ્રેસર જી.ચિતોડ રાજસ્થાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીઃ પત્નીનું ગળું દાબી હત્યા કરનાર પતિને આજીવન કેદ

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૨૦ માં જીનીંગ ફેક્ટરીની લેબર કોલોનીમાં રહેતા પતિએ પોતાની પત્ની ઉપર ખોટો વહેમ શક નાખી ઝઘડો કરી પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દેનાર પતિને મોરબી સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા તથા રૂ.૫૦ હજારનો દંડ ફટકારતો ચુકાદો આપવામાં આવ્યો હતો.



સમગ્ર કેસની ટૂંક વિગત મુજબ મોરબીના રાજપર રોડ ઉપર આવેલ જયભવાની જીનીંગ ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં રહીને ફેક્ટરીમાં જ મજૂરી કામ કરતા ધુલારામ શાંતિલાલ પરમારે તેની પત્ની મનીષાબેન ઉપર ચારિત્ર્ય અંગે શંકા કરતો હોય ત્યારે ૨૨/૦૨/૨૦૨૦ના રોજ આ શંકાથી પ્રેરાઈ પોતાની પત્ની સાથે ઝઘડો કરી એકદમ આવેશમાં આવી મનીષાબેનનું ગળું દબાવીને હત્યા કરી નાખી હતી

ઉપરોક્ત હત્યાના બનાવનો કેસ મોરબી પ્રિન્સીપાલ જજની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વિજયકુમાર સી. જાની દ્વારા મૌખિક ૧૭ તથા દસ્તાવેજી ૨૯ પુરાવા રજુ કરાયા હતા તથા આ સાથે સરકારી વકીલ વિજયકુમાર સી. જાનીની ધારદાર દલીલોના અંતે કોર્ટ દ્વારા આરોપી ધુલારામ શાંતિલાલ પરમારને આજીવન કેદની સજા તથા રૂ.૫૦ હજારનો દંડ ફટકારતો આદેશ કરવામાં આવ્યો હતો.

# ખાદીના ભેખધારી સ્વ. દેવેન્દ્રભાઈ દેસાઈની પ્રાર્થના સભા સંપન્નઃ મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉમટયા

**અબતક, રાજકોટ**

આજીવન ખાદીનાં ભેખધારી, સહકારી અને રચનાત્મક ક્ષેત્રના અગણી, ભારત ખાદી ગ્રામોદ્યોગ આયોગનાં પૂર્વ ચેરમેન, ભારતની મોટી, જૂની અને અગ્રણી એવી ખાદી સંસ્થા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનાં દીર્ઘકાલીન પ્રમુખ પીઢ ગાંધીવાદી દેવેન્દ્રકુમાર દેસાઈનું અવસાન થયેલ છે.

દિવંગતને શ્રદ્ધા-સુમન અર્પણ કરવા માટે રાજકોટની સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ દ્વારા સાંજે ૪થી ૬ દરમિયાન રાષ્ટ્રિયશાળાનાં મધ્યસ્થ ખંડમાં પ્રાર્થના-સભાનું આયોજન કરવામાં આવેલ.

પ્રાર્થના સભામાં સ્વર્ગસ્થ દેવેન્દ્રભાઈનાં પરિવારજનો, નિકટનાં સગાં-સ્નેહીઓ, મિત્ર વર્તુળગણ તેમજ વિશાળ સંખ્યામાં ખાદી સંસ્થાનાં કાર્યકર્તાઓ, રાજકોટ ડેરીનો વ્યવસ્થાપક અને કર્મચારી ગણ, રચનાત્મક કાર્યકર્તાઓ, શહેર તથા બહારગામથી અનેક લોકોએ ઉપસ્થિત રહી દિવંગતને શ્રદ્ધાંજલિ આપેલ.

આ પ્રસંગે મુખ્યમંત્રી તરફથી શોક ઠરાવ મળેલ છે. આ ઉપરાંત ઉદ્યોગભારતી, ગોંડલ; 'સમન્વય' રાજકોટ; કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, ભુજ; ગાંધી વિદ્યા કેન્દ્ર, નીલપર કચ્છ; ભિમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ, માંડવી, કચ્છ; ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુરઃ ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ સંઘ, અમદાવાદ; સિમ્પલ એડ. એન્ડ કોમ્યુનિકેશન, રાજકોટ, કરૂણા ફાઉન્ડેશન, રાજકોટ, કસ્તુરબા વિકાસ ગૃહ, જામનગર; મહેતા ખાદી ઉદ્યોગ, વઢવાણ; લોકભારતી ગ્રામ વીદ્યાપીઠ, સણોસરા; સૌરાષ્ટ્ર ગાંધીજી ગામોદ્ધાર ટ્રસ્ટ, ગઢડા; કુંડલા તાલુકા સેવા મંડળ, ખાદી કાર્યાલય, સારવકુંડલા; રમેશભાઈ છાયા કન્યા વિદ્યાલય, રાજકોટ; ભાગવત નિધિ સંસ્થાન, રાજકોટ; રાજકોટ ડેરી કર્મચારી એસોસિએશન, રાજકોટ; ભારત સેવક સમાજ, રાજકોટ, લોકરોવા સંઘ, ચોરડી; કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ, રાજકોટ; રાજસ્થાન ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા સંઘ; જરી-રેશમ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, સુરત વગેરે સંસ્થાઓ તરફથી શોકસંદેશાઓ પ્રાપ્ત થયેલ જેનું વાંચન કરવામાં આવેલ.

સ્વર્ગસ્થ દેવેન્દ્રભાઈની કર્મભૂમિ રાજકોટ રહેલ. રાજકોટમાં ખાસ કરીને રાજકોટ ડેરી, રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય નામે સહકારી પ્રેસ, પંચવટી સોસાયટીનાં તેઓ સ્થાપક હતાં. જિલ્લા પંચાયતનાં પૂર્વ પ્રમુખ, રાજકોટ જિલ્લા સહકારી બેંકનાં દીર્ઘકાલીન પ્રમુખ તરીકે તેમણે અનન્ય સેવાઓ આપેલ છે. ખાદી અને ભગવદ્ ગીતા વિષેનો તેમનો અભ્યાસ પુસ્તકરૂપે પ્રકાશીત થયેલ છે.

તેમ ગ્રામ સ્વરાજ મંડળ પ્રમુખ ધીરૂભાઈ ધાબલીયાની યાદીમાં જણાવાયું છે.

# માટેલ રોડ ઉપર બે બાઈક સામસામે ટકરાતા યુવકનું મોત

**અબતક,ઋષીમહેતા, મોરબી**

વાંકાનેરના માટેલ રોડ વિકાસ હોટલની સામે રોડ ઉપર બે બાઈક સામસામે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં માટેલથી ઢૂવા જય રહેલા બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજા પહોંચતા જેનું મૃત્યુ નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર ગત તા. ૧૧/૦૨ના રોજ વાંકાનેરના માટેલ રોડ ઉપર બે બાઈક સામસામે અથડાતા એક બાઈક ચાલકનું મૃત્યુ નીપજ્યું હતું જેમાં બાઈક રજી.નં. જીજે-૧૩-એ-૩૩૯૪ લઈને સાહિલ અશોકભાઈ ચીહલા નામનો યુવક પોતાનું બાઈક લઈને માટેલથી ઢૂવા જતો હોય તે દરમિયાન અન્ય બાઈક રજી. નં. યુપી-૮૦-ઈએસ-૦૯૪૯નો આરોપી બાઈક ચાલક માટેલ રોડ ઉપર આવેલ વિકાસ હોટલ સામે આજુબાજુ જોયા વગર રોડ ઉપરથી પસાર થઈ રહેલા બાઈકને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો જે અકસ્માતમાં બાઈક ચાલક સાહિલ અશોકભાઈ ચીહલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે અકસ્માતમાં મરણ જનારના પિતા અશોકભાઈ બબાભાઈ ચીહલા ઉવ.૪૦ રહે.નટવરગઢ તા.લીંબડી જી.સુરેન્દ્રનગર દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં બાઈક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરમાં ખાણ દુર્ઘટના બાદ ખનીજ વિભાગ હરકતમાંઃ સીલીકા સહિતની ચોરી ઝડપાઈ

## રોયલ્ટી વિના દોડતાં ૧૦ જેટલા ડમ્પરો પણ પકડી લેવાયો

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી ઝડપી લેવા માટે જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ રેડ કરતા સીલીકા સેન્ડ, રેતી અને બ્લેક ટ્રેપ સહિતની ખનીજ ચોરી કરતા વાહનો ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં અલગ-અલગ પ્રકારના ખનીજ નીકળે છે ત્યારે અમુક જગ્યાએ થતી ખનીજ ચોરી અટકાવવા માટે જિલ્લા ખાણ ખનીજ અધિકારી નિરવ બારોટના માર્ગદર્શન હેઠળ ટીમે અલગ અલગ જગ્યાએ રેડ કરી હતી. ચોટીલાના નાવા વિસ્તારમાં સીલીકા સેન્ડની



ચોરી થતી હોવાની બાતમીના આધારે રેડ કરતા એક હિટાચી, એક લોડર અને ત્રણ ટ્રેકટર સહિતનો મુદમાલ જપ્ત કર્યો હતો.બીજી તરફ હાઈવે ઉપરથી ડમ્પરોમાં જતા ખનીજનું વહન કરતા સમયે ચેકીંગ દરમિયાન રેતી અને બ્લેક ટ્રેપ સહિતના ખનીજ રોયલ્ટી વગર અને ઓવરલોડ લઈ જતા સમયે અલગ-અલગ જગ્યાએથી ૧૦ ડમ્પરો ઝડપી લીધા હતા.આમ ખનીજ વિભાગ દ્વારા ખનીજચોરી ઝડપી લેવા માટે સપાટો બોલાવતા ખનીજ માફીયાઓમાં ફફળાટ વ્યાપી ગયેલ છે.

# મવડી પ્લોટમાં વિદેશી દારૂ ભરેલી ઈકો કાર સાથે બે પકડાયા

## ૩૮૪ બોટલ દારૂ, કાર અને બે મોબાઈલ મળી રૂ.૪.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના મવડી પ્લોટ વિસ્તારના અંકુરનગર મેઈન રોડ પર ઈકો કારમાં દારૂની ડીલેવરી ફરવા નીકળેલા બે શખ્સોની ૩૮૪ બોટલ દારૂ સાથે ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે દારૂ,વાહન અને બે મોબાઈલ મળી રૂ.૪.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ માંથી પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ શહેરમાં દારૂબંધીનો કડક અમલ કરવા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે આપેલી સૂચનાના આધારે ક્રાઈમ બ્રાન્ચના નવ નિયુકત પી.આઈ.એમ.આર.ગોંડલિયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું છે ત્યારે મવડી પ્લોટ ગોપાલ પાર્ક શેરી નંબર એકમાં રહેતા પ્રતીક ઉર્ફે કાળિયો અરવિંદ પરમાર અને મુસ્તાકીમ ઉર્ફે મુસ્તાક કરીમ નોયડા સહિત બંને શખ્સોએ વિદેશી દારૂ ભરેલી ઈકો કાર ઘર પાસે હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ એ.એન પરમાર ,કોંસ્ટે.અશોકભાઈ ડાંગર અને હિરેનભાઈ સોલંકી સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો.

દરોડા દરમિયાન ઈકો કાર માંથી રૂ.૧.૦૯ લાખની કિંમતની ૩૮૪ બોટલ સાથે બે શખ્સોની ધરપકડ કરી દારૂ , કાર અને બે મોબાઈલ મળી રૂ.૪.૨૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દારૂનો જથ્થો કોણ આપી ગયું અને કોને આપવાનો હતો તે મુદ્દે બંને શખ્સોની રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે

# રવિવાર ગોજારો, સૌરાષ્ટ્રના આઠ સ્થળોએ માર્ગ અકસ્માતમાં ૧૩ના મોત

## ધ્રાંગધ્રા, લખતર, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, કાલાવડ અને રાજકોટ શહેર ગ્રામ્યનાં માર્ગો બન્યા રકત રંજીત

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્રના આઠ સ્થળોએ માર્ગ અકસ્માતમાં ૧૩ના મોત નિપજયા છે, જેમાં ધ્રાંગધ્રા નજીક ઈકો કારમાં ચારના, રાજકોટ શહેર-ગ્રામ્યમાં ત્રણના પોરબંદર, જૂનાગઢ, અમરેલી, મોરબી, લખતર અને કાલાવડ નજીક સ્થળે સર્જાયેલા અકસ્માતમાં યુવક સહિત ૧૩ લોકોના મોત નિપજતા પરિવારમાં શોકનું મોજુ ફેલાયું છે.

### ધ્રાંગધ્રાઃ ઈકો ગાડી પલટી મારતા ચાર લોકોના મોત

#### લગ્ન પ્રસંગમાંથી પરત ફરતી વેળાએ સર્જાયો અકસમત

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકાના હરીપર બ્રિજ નજીક ગોકુળ હોટલ પાસે હાઈવે પર ઈકો કાર પલટી મારી ગઈ હતી જેમાં અકસ્માત સમયે કારમાં પાચ લોકો સવાર હતા, જેમાં ચાર લોકોના મોત થયા છે ત્યારે એક વ્યક્તિ મોટા દીકરાનો ચમત્કારિક આબાદ બચાવ થયો હતો ત્યારે પોલીસ ઘટના સ્થળે પહોંચી ડેડ બોડીનો કબજો લઈને પી એમ માટે ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી અને અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ ધાંગધ્રા તાલુકા પોલીસ ચલાવી રહી છે અકસ્માત અંગે મળતી માહિતી મુજબ ધ્રાંગધ્રાનો પરિવાર અમદાવાદ ખાતે લગ્ન પ્રસંગમાં આવ્યો હતો. જે લગ્ન પ્રસંગ પતાવીને પરત ધ્રાંગધ્રા જઈ રહ્યો હતો ત્યારે મોડી રાત્રે ધાંગધ્રા તાલુકાના હરીપર બ્રિજ પાસે ગોકુળ હોટલ પાસે હાઈવે પર ઈકો કાર પલટી મારી ગઈ હતી જેમાં અકસ્માત સમયે કારમાં પાચ લોકો સવાર હતા, જેમાં ચાર લોકોના મોત થયા હતા (૧) યજ્ઞેશભાઈ ઉર્ફે કાનાભાઈ હિતુભાઈ જાદવ દીકરો,(૨) ઈન્દુમતીબેન જીતેન્દ્રભાઈ જાદવ મમ્મી, (૩) રાધાબેન નીલકંઠ ભાઈ જાદવ ભાભી,(૪) ધનેશભાઈ બાબુભાઈ ચાવડા મામાં સહીત એકજ (અનુ. આઠમા પાને)

### રાજકોટઃ ત્રણ સ્થળે અકસ્માતમાં યુવક સહિત ત્રણના મોત

રાજકોટના રૈયા રોડ પર હનુમાન મઢી નજીક શિવપરામાં રહેતો નવઘણ ગગજીભાઈ ઝીંઝુવાડિયા (ઉ.વ. ૩૦) હોવાનું અને પ્લમ્બર તરીકે કામ કરતો હતો, અને નવાગામથી બામણબોર તરફ ચાલીને જઈ રહ્યો હતો પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી હોવાનું પણ તેના પરિવારજનોએ પોલીસને જણાવ્યું છે.જ્યારે શહેરના ૮૦ ફૂટના રોડ પર શનેશ્વર પાર્કમાં રહેતાં નંદુબેન શિવાભાઈઓરા (ઉ.વ.૭૨) ગઈ તા.૧૩ના રોજ રાત્રે પાડોશીના ટુ વ્હીલર પાછળ બેસી જતા હતા ત્યારે સોરઠીયાવાડી નજીક રિક્ષા ચાલક સાથે અકસ્માત થતાં માથામાં ગંભીર ઈજા થઈ હતી. જેથી ખાનગી હોસ્પિટલમાં (અનુ. આઠમા પાને)

### બસનું ટાયર ફાટતા સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત

અમરેલી તાલુકાના બાબાપુર અને જાળીયા વચ્ચે પેસેન્જરો ભરીને ખાનગી બસ જઈ રહી હતી, ત્યારે અચાનક ચાલુ બસમાં ટાયર ફાટતા બસ પલટી મારી ગઈ હતી. જેથી મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય ૧૨ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. આ બસ પલટી મારી જતા સ્થાનિક વાહન ચાલકો સહિતના લોકો મુસાફરોની મદદે દોડી આવ્યાં હતા. આ અકસ્માતમાં બગસરાના સોમભાઈ અમરાભાઈ ટોટા નામના વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય ૧૨ જેટલા મુસાફરોને ઈજા પહોંચી (અનુ. આઠમા પાને)

### કાલાવડઃ કારે બાઈકને ઠોકરે લેતા ખેડુતનું મોત

કાલાવડ તાલુકાના સનાળા ગામમાં રહેતા હંસરાજભાઈ પાંચાભાઈ ગમઢા નામના ૭૬ વર્ષના વૃદ્ધ ગઈ રાત્રે આઠેક વાગ્યે ઘરે થી બાઈક લઈને પોતાની વાડીએ જવા માટે નીકળ્યા હતા ત્યારે સનાળા થી પ્રભુજી પીપળીયા ગામ તરફ નાં માર્ગે જી જે ૩ સી એ ૧૦૯૦ નંબર ની વેગનઆર કાર ચાલકે બાઈક ને હડફેટે મા લેતા અકસ્માત થયો હતો.જેમાં ગંભીર ઈજા પામનાર હંસરાજભાઈ નું મૃત્યુ થયું હતું આ બનાવવા અંગે મૃતકના પુત્ર પ્રાગજીભાઈ એ આરોપી એવા કારચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ને તપાસ શરૂ કરી છે.

### લખતરઃ ડમ્પરે બાઈકને ઠોકરે લેતા બે યુવકના મોત

લખતરના તલસાણા ગામ પાસે બાઈક પર જઈ રહેલા બે યુવકોને પાછળથી આવેલા ડમ્પરે ટક્કર મારતા એક યુવકનું ઘટનાસ્થલે અને બીજાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.લખતર તાલુકાના તલસાણા ગામના બે યુવક વિક્રમભાઈ મનજીભાઈ ( ઉંમર વર્ષ ૩૫ ) તથા ધનજીભાઈ ગટુરભાઈ છારદિયા ( ઉંમર વર્ષ ૨૫ ) કોઠારીયા મેળો માણવા ગયા હતા. ત્યારે વઢવાણ તરફથી કોઠારીયા તરફ આવી રહ્યા હતા, તે સમયે પાછળથી આવતા ડમ્પરે બંને યુવકને અડફેટે લેતા બાઈક સહિત બંને યુવક આશરે ૧૫૦થી ૨૦૦ મીટર સુધી ઘસડાયા હતા.જેમાં ધનજીભાઈ ગટુરભાઈ (અનુ. આઠમા પાને)

### મોરબીઃ પોલીસ વાનની ઠોકરે બાઈક ચાલકનું મોત

મૂળ ખરેડા ગામના વતની હાલ મોરબીના પીપળી ગામે માર્કો વિલેજ સોસાયટીમાં રહેતા ધવલભાઈ હિરાભાઈ રજોડીયા ઉવ-૨૪ એ બોલેરો રજી. જીજે-૧૮-જીબી-૫૫૮૦ના ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા. ૧૬/૦૨ના રોજ સવારના આશરે નવ વાગ્યાની આસપાસ ફરિયાદી ધવલભાઈના પિતા હીરાભાઈ બચુભાઈ રજોડીયા તેમની માર્કો વિલેજ સોસાયટી ખાતે આવેલ દુકાનેથી તેમનુ મો.સા રજી નંબર-જીજે-૦૩-બીજે-૮૫૦૫ વાળુ લઈ મોરબી તરફ જવા માટે રોડ ક્રોસ કરતા હતા ત્યારે મોરબી તરફથી આવતી ફોર વ્હીલ ગાડીની પાછળ આવતી પોલીસ ખાતાની (અનુ. આઠમા પાને)

### જૂનાગઢઃ બે બાઈક અથડાતા યુવકનું મોત

જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારના એકતા નગરમાં રહેતો ૩૫ વર્ષીય પંકજ મનસુખભાઈ જોશી ઘરેથી બાઇક લઇને વેફર લેવા નીકળ્યો હતો. ત્યારે રોડ ક્રોસ કરવા જતા સામેથી આવતા બાઇક સાથે બાઈક અથડાતા પંકજનું માત્ર પાંચ જ સેકન્ડમાં પ્રાણ પંખેરું ઊડી ગયું હતું.રિ પર આભ ફાટ્યુ છે.અકસ્માત થતાં જ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને પંકજને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના (અનુ. આઠમા પાને)

### પોરબંદરઃ ટ્રકે બાઈકને ઠોકરે લેતા પત્નીની નજર સામે પતિનું મોત

પોરબંદરના બોખીરાના નંદેશ્વર મંદિર નજીક વાડી વિસ્તારમાં રહેતા દેવાભાઈ રાજસીભાઈ બોખીરીયા , પત્ની સવિતાબેન અને પુત્રી રાજીબેન વગેરે મહેર સમાજના સમુહ લગ્નમાં હાજરી આપવા માટે બાઈકમાં નીકળ્યા હતા. ત્યારે ભોખીટા ના બસ સ્ટેશન પાસે પહોંચ્યા ત્યારે આગળ એક બસ ઊભી -હતી અને દેવાભાઈ રાજશીભાઈ ઓખીરીયાના બાઈકને એક ટ્રક ના ચાલકે ઓવરટેક કર્યા બાદ બસ અને ટ્રકની વચ્ચેથી દેવાભાઈ પોતાનું (અનુ. આઠમા પાને)

# એસએમસીનો સૌરાષ્ટ્રમાં પડાવ: દારૂ-જુગાર સહીતની બદ્દી ડામવા એક પછી એક દરોડાનો દોર

## દારૂ, જુગાર, ક્રિકેટ સટ્ટા, પેટ્રોલ-ડીઝલ ચોરી સહિતના દુષણો પર ત્રાટકતું સ્ટેટ મોનીટરીંગ સેલ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં દારૂ-જુગાર સહીતની બદ્દી ડામવા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે જાણે સૌરાષ્ટ્રમાં પડાવ નાખી દીધો હોય તે મુજબ એસએમસી એક પછી એક દરોડા પાડી રહી છે. સ્ટેટ મોનીટરીંગ સેલની રડારમાં અનેક કુખ્યાત શખ્સોના ગેરકાયદે નેટવર્ક આવી જતાં ગુનેગાર આલમમાં પણ હાલ કયાંક સન્નાટો ફેલાઈ ગયો હોય તેવો માહોલ સર્જાયો છે. તાજેતરમાં એસએમસી દ્વારા જેતપુરના નવાગઢ ગામે તેમજ જૂનાગઢ ખાતે વરલી ફીચરના જુગાર અને ક્રિકેટ આઈડીના સટ્ટા પર રેઈડ કરવામાં આવી હતી. ઉપરાંત મોરબી અને રાજુલામાં પેટ્રોલ-ડીઝલ ચોરીના કૌભાંડ પર તવાઈ બોલાવવામાં આવી હતી. તેમજ અલગ અલગ જિલ્લાઓમાં સતત દારૂ-જુગાર પર ધોસ બોલાવવામાં આવી રહી છે. એસએમસીની તાજેતરની રેઈડની જો વાત કરવામાં આવે તો ગત રવિવારે જૂનાગઢમાં સ્ટેટ મોનીટરિંગ સેલના કાફલાએ દરોડો પાડી ઘરેથી ચાલતા વરલી મટકા અને ક્રિકેટ સટ્ટાના રેકેટનો પર્દાફાશ કરી ૨ શખ્સને ઝડપી લઈ રૂપિયા ૬૯,૫૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ રેકેટમાં ૩૩ જેટલા કમિશન એજન્ટો-બુકી અને પંટરોના નામ ખુલતા ચકચાર મચ્યો છે. હાલ આ તમામ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જૂનાગઢના જોષીપરા વિસ્તારમાં આવેલ સર્વોદય સોસાયટીનો બ્લોક નંબર ૧૮માં અખંડ સૌભાગ્ય નામના મકાનમાં રહેતા મિતેશભાઈ કિશોરભાઈ અઢિયા ઉર્ફે ટેમ્પો નામનો ઇસમ તેના રહેણાક મકાનના ઉપરના માળે રૂમમાં બેસી (અનુ. આઠમા પાને)





### રાજુલામાં પેટ્રોલ - ડીઝલ- ડામરનું ગેરકાયદે વેંચાણ કરતા ઈસમો પર દરોડો : ૩૪ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સ ઝબ્બે

રાજુલા-પીપાવાવ ચોકડી નજીક રાજધાની હોટલ ગ્રાઉન્ડમાંથી ગેરકાયદેસર ડીઝલ, પેટ્રોલ અને ડામર સહિત ગેરકાયદેસર વેંચાણ થતું હોવાની સ્ટેટ મોનીટરીંગ સેલ (એસ.એમ.સી.)ના એસપી નિર્લિપ્ત રાયને માહિતી મળતા તેમની ટીમ દ્વારા મોડી રાતે દરોડો પાડવામાં આવ્યો હતો. એસ.એમ.સી.ની ટીમ દ્વારા ઘટનાસ્થળ પરથી પેટ્રોલ, ડીઝલ અને ડામરનો ચોરાઉ જથ્થા સાથે ૩૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

### મોરબીના વીરપરડા ગામે દરોડો પાડી પોલીસકર્મી સંચાલિત પેટ્રોલ-ડીઝલ ચોરીનું કૌભાંડ છતું કરાયું

મોરબીના વીરપરડા ગામ ખાતેની ૐ બન્ના હોટેલમાં સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી પેટ્રોલ-ડીઝલ ચોરીના મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. મામલામાં એસએમસીએ પોલીસકર્મી સહીત ૯ની ધરપકડ કરી છે જયારે ૩ શખ્સોને ફરાર બતાવ્યા છે. કૌભાંડમાં ખુદ પોલીસકર્મીની સંડોવણી ખુલતા સમગ્ર મામલાની તપાસ એસએમસીએ પોતાની પાસે રાખતા સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાયો હતો. એસએમસીએ પોતે જ તપાસ રાખતા હજુય આ પ્રકરણમાં અનેકના તપેલા ચડે અને તપાસનો રેલો હજુ મોટા માથા સુધી પહોંચે તેવા એંધાણ છે.

### માણેકવાડાના ફાર્મ હાઉસમાં જુગારધામનો અડ્ડોઃ ૧૭ ઝડપાયા

સ્ટેટ મોનીટરીંગ સેલે બુધવારે રાજકોટના માણેકવાડા ગામમાં એક ફાર્મહાઉસમાં જુગારના અડ્ડા પર દરોડો પાડીને હત્યાના આરોપી અને અન્ય ૧૭ લોકોની અટકાયત કરી હતી. આ દરોડા બાદ એસએમસીએ જણાવ્યું હતું કે, ફાર્મહાઉસની બહાર છેલ્લા બે મહિનાથી જુગારનો અડ્ડો ચાલતો હતો અને જુદા જુદા જિલ્લાના જુગારીઓ ત્યાં ભેગા થતા હતા. કોટડા સાંગાણી તાલુકાના ફાર્મહાઉસમાંથી રૂ. ૯૪ લાખથી વધુની કિંમતી ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. જેમાં રૂ. ૭૭ લાખની કિંમતના ૭ વાહનો, રૂ. ૨.૩૧ લાખના ૨૩ મોબાઈલ ફોન અને રૂ. ૧૫ લાખની રોકડનો સમાવેશ થાય છે.પહોંચે તેવા એંધાણ છે.

# કેન્દ્ર સરકારે ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસને આપી મંજૂરી

## ગૃહમંત્રી અમિત શાહ અને મનસુખભાઈ માંડવિયાની હાજરીમાં મળેલી બેઠકમાં નિર્ણય લેવાયોઃ ગુજરાત અને મહારાષ્ટ્રમાં ડુંગળીના સ્ટોકને જોતા સરકારે મંજૂરી આપી

**અબતક, રાજકોટ**

ડુંગળી પકવતા ખેડૂતો માટે મોટા સમાચાર આવ્યા છે. ડુંગળીની નિકાસને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. નિકાસના આ નિર્ણયથી ગુજરાતના લાખો ખેડૂતોને ફાયદો થશે. કેન્દ્ર સરકારે ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસને મંજૂરી આપી છે. ગૃહમંત્રી અમિત શાહ અને મનસુખભાઈ માંડવિયાની હાજરીમાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. સરકારના આ નિર્ણયથી ગુજરાત સહિત દેશભરના ડુંગળી પકવતા ખેડૂતોને ફાયદો થશે. ગત ૨૦૨૩ના વર્ષમાં એકાએક ડુંગળીના ભાવ આસમાને જતા કેન્દ્ર સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ડુંગળીના નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો હતો. જે હવે હટાવી લેવામાં આવ્યો છે. ગયા વર્ષે ડુંગળીના ભાવમાં અચાનક તેજી આવી હતી. ડુંગળીના ભાવ એટલી હદે વધ્યા હતા કે, લોકો માટે ડુંગળી ખરીદવી મોંઘી બની હતી. ડુંગળીના ભાવ આસમાને ગયા હતા. જેને પગલે ડુંગળીના નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેને કારણે ડુંગળીના ભાવ અંકુશમાં આવ્યા હતા. આ બાદ છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ભાવ મળી રહ્યા ન હતા. જેને કારણે ખેડૂતોએ વિરોધ દર્શાવવાનું શરૂ કર્યુ હતું. ડુંગળીના પૂરતા ભાવ ન મળતા અનેક રાજ્યોમાં ખેડૂતો રસ્તા પર ઊતરી આવ્યા હતા. તો ખેડૂતોએ આત્મવિલોપનની ચીમકી પણ આપી હતી. જેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા ડુંગળીના નિકાસને મંજૂરી આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી ડુંગળી પકવતા ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ છે. દેશભરમાંથી ખેડૂતો ડુંગળી પરથી નિકાસનો પ્રતિબંધ હટાવવાની માંગ કરી રહ્યા હતા. આખરે સરકારે ખેડૂતોના હિતમાં આ નિર્ણય લીધો છે. સરકારના આ નિર્ણયથી ખેડૂતો ફરીથી નિકાસ કરી શકશે. ડુંગળીના ભાવ આસમાને પહોંચ્યા હતા અને ખેડૂતો પાયમાલ (અનુ. આઠમા પાને)



### વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫.૨૫ લાખ ટન ડુંગળીની નિકાસ કરી હતી

ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫.૨૫ લાખ ટન ડુંગળીની નિકાસ કરી હતી, જ્યારે તેણે ૨૦૨૧-૨૨માં ૧૫.૩૭ લાખ ટન અને ૨૦૨૦-૨૧માં ૧૫.૭૮ લાખ ટનની નિકાસ કરી હતી. ગયા વર્ષે ભારતે બાંગ્લાદેશ અને પશ્ચિમ એશિયામાં સૌથી વધુ ડુંગળીની નિકાસ કરી હતી. ડુંગળી વિદેશમાં ન જાય તે માટે સરકારે ૪૦% સુધીની નિકાસ ડ્યૂટી લગાવી હતી. હવે તેમાં વધારો કરવામાં આવ્યો છે.

### મફતના ભાવે ડુંગળી વેચાઈ ગયા બાદ પ્રતિબંધ હટાવવો શું કામનું?ઃ ખેડૂતોનો બળાપો

હાલ એક પણ ખેડૂતના ઘરમાં કે ખેતરમાં ડુંગળી બચી જ નથી. ખેડૂતોએ પોતાની મહામહેનતે પકાવેલી ડુંગળી પાણીના ભાવે વેચી નાખ્યા બાદ લેવાયેલા આ નિર્ણયથી કોઈ ખેડૂતને લાભ થવાનો નથી. આ નિર્ણયથી વેપારીની સાથે વચેટીયાઓને લાભ મળશે અને લોકોને ડુંગળીનાં ઉંચા ભાવ ચૂકવવા પડશે. આ નિર્ણય બે મહિના અગાઉ લેવામાં આવ્યો હોત તો ચોક્કસ ખેડૂતોને તેનો લાભ મળે તેમ હતો. પરંતુ હવે આ નિર્ણયથી ખેડૂતોને કોઈ ફાયદો થવાનો નથી. કેન્દ્ર સરકારના આ નિર્ણયને લઈને વિવિધ ખેડૂતો પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.

# રાજયભરમાં મિશ્રઋતુનો અનુભવઃ સુસવાટા મારતા ઠંડા પવનથી ઠંડીનો ચમકારો

## આગામી દિવસોમાં તાપમાન સામાન્ય ઊંચું જવાની શક્યતાઓ છે અને કેટલાક ભાગોમાં પારો ૩૫ ડિગ્રીની આસપાસ જવાની શક્યતા

**અબતક, રાજકોટ**

રાજ્યમાં હાલ ઠંડી આવન-જાવન કરી રહી છે અને બેવડી ઋતુના કારણે શરદી-ઉધરસ સહિતના રોગો વધી રહ્યા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી પાંચ દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવનાઓ છે આ સાથે વરસાદની સંભાવનાઓ નથી. તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા છે પરંતુ હાલ જે પ્રમાણેની સ્થિતિ છે તેની સરખામણીમાં આગામી દિવસોમાં તાપમાન સામાન્ય ઊંચું જવાની શક્યતાઓ છે અને કેટલાક ભાગોમાં પારો ૩૫ ડિગ્રીની આસપાસ જવાની શક્યતા છે. જોકે બીજીબાજુ એક મજબૂત વેસ્ટન ડિસ્ટર્બન્સ ફેબ્રુઆરીના અંતમાં ગુજરાત તરફ આવી રહી છે. જેની અસર ગુજરાત પર થવાની છે. આ કારણે સૌરાષ્ટ્રના ભાગોમાં ૨૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતા રહેશે. આ દિવસોમાં ગુજરાતમાં તાપમાનમાં વધારો થશે. તો આ દિવસોમાં પવનની ગતિ પણ વધુ રહેશે. ફેબ્રુઆરી માસના છેલ્લા સપ્તાહમાં ઠૂંઠવી નાંખે તેવી ઠંડીનો સામનો

| | |
|---|---|
| અમદાવાદ | ૧૭.૦ |
| બરોડા | ૧૯.૨ |
| ભુજ | ૧૯.૬ |
| દીવ | ૧૬.૬ |
| દ્વારકા | ૨૩.૬ |
| ગાંધીનગર | ૧૬.૬ |
| નલિયા | ૧૬.૦ |
| પોરબંદર | ૧૮.૧ |
| રાજકોટ | ૧૯.૪ |
| સુરેન્દ્રનગર | ૧૭.૬ |
| વેરાવળ | ૨૦.૩ |

કરવો પડી શકે છે. ઠંડીની સીઝનમાં મહત્તમ ૧૪ ડિગ્રી સુધી પારો ગગડી શકે છે. તેમજ રાત્રી તાપમાનમાં પણ ઘટાડો થઈ શકે છે. હાલ તો ગુજરાતમાં મિક્સ ઋતુનું રાજ છે. આ સીઝન લોકોને ભમરાવી દે તેવી છે. સ્વેટર પહેરવું કે નહિ તે લોકોને સમજાતુ નથી. હવે ફેબ્રુઆરીના અંતમાં ઉત્તર ભારતથી આવતા પવન લોકોને ઠુઠવશે. શિયાળાની વિદાય થાય એ વચ્ચે ઉત્તર ભારત પરથી એક મોટું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થવાનું છે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૧૯થી ૨૫ ફેબ્રુઆરી સુધીમાં પસાર થશે. જેના લીધે ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હિમ વર્ષા થઈ શકે છે. આ પ્રકારનું વાતાવરણ ઉત્તર ભારતમાં રહેવાનું છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં ઉત્તર-પશ્ચિમી પવનો રહેશે. સવારે પવનની ગતિ વધુ હોય છે અને પછી બપોરના સમયે પવનની ગતિ ઘટી જાય છે જેના કારણે તાપમાનમાં ફરક અનુભવાઈ રહ્યો છે. હાલ તાપમાનમાં ત્રણ ડિગ્રી જેટલો વધારો થવાની શક્યતા છે. જેના કારણે તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોચી જવાની વકી છે. જો કે, ત્યારબાદ ૨૧મીથી લઘુતમ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે અને તેના કારણે સામાન્ય ઠંડી અનુભવાઈ શકે છે. ૨૫થી ૨૬ ફેબ્રુઆરીના સવાર અને સાંજે ઠંડી આવવાની શક્યતા રહેશે. આજે પણ રાજ્યના વિવિધ શહેરના લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીની નીચે નોંધાતા પરોઢે ઠંડી વર્તાઈ હતી. મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીની આસપાસ પહોંચી જતા ગરમી વર્તાઈ હતી. હવામાન ખાતાની આગાહી મુજબ દેશના ઉત્તર ભાગોમાં અસર જોવા મળશે જેના લીધે પહાડો પર ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારમાં ઠંડો પવન ફૂંકાવવાની શક્યતા છે. પ્રાઈવેટ હવામાન એજન્સી સ્કાયમેટનાજણાવ્યાં મુજબ એક પછી એક એમ બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૧૭ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી વચ્ચે પહાડો પર પહોંચે તેવી શક્યતા છે. જેનાથી હિમવર્ષાની સાથે સાથે વરસાદ પણ પડી શકે છે. હવામાન ખાતાની આગાહી મુજબ શુક્રવારથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જવા મળશે. જેના લીધે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ચંડીગઢ, જમ્મુ અને કાશ્મીર તથા યુપી સહિત દિલ્હી એનસીઆરના વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે પહાડી વિસ્તારોમાં બરફવર્ષાની શકયતા છે. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની શકયતા છે. હવામાન ખાતાએ બદલાતા હવામાનની સંભાવનાઓ ધ્યાનમાં લઈ સમગ્ર ઉત્તર ભારતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આગાહી મુજબ ઉ.ભારતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે, અમુક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ અને કરા પડી શકે છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઘટી શકે છે.